અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૨૮ નવેમ્બર ૨૦૨૩, મંગળવાર | વર્ષ : ૧૫ | તંત્રી : પટેલ સુરેશ રમણલાલ | કિંમત : રૂા. ૨.૦૦
વિક્રમ સંવત ૨૦૮૦, કારતક વદ એકમ | અંક : ૧૧૮ | અમદાવાદ | પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. ટેલિફોન : ૦૭૯-૨૬૭૬૫૭૩૩ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

## ન્યૂઝ બ્રિફ

### કોઈ પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર માટે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોવો જરૂરી છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર અંગે સુપ્રીમ કોર્ટે મોટો ચુકાદો આપ્યો છે. એક કેસની સુનાવણી કરતા કહ્યું કે કોઈ પ્રોપર્ટીના ટાઈટલ ટ્રાન્સફર માટે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોવો જરૂરી છે. કોર્ટના જણાવ્યાં મુજબ ફક્ત સેલ એગ્રીમેન્ટ કે પાવર ઓફ એટોર્નીને ટાઈટલ ટ્રાન્સફર માટે પૂરતા ગણી શકાય નહીં. સુપ્રીમ કોર્ટે કહ્યું કે રજિસ્ટ્રેશન એક્ટ ૧૯૦૮ હેઠળ સંપત્તિનો માલિકી હક ત્યારે જ થઈ શકે જ્યારે રજિસ્ટર્ડ દસ્તાવેજ હોય. કોર્ટે જે મામલે ચુકાદો આપ્યો છે તેમાં અરજીકર્તાનું કહેવું છે કે તે સંપત્તિનો માલિક છે અને સંપત્તિ તેના ભાઈ દ્વારા તેને ગિફ્ટ ડીડ તરીકે આપવામાં આવી હતી. તેનું કહેવું હતું કે આ સંપત્તિ તેની છે અને કબજો પણ તેનો છે. જ્યારે બીજા પક્ષે સંપત્તિ પર દાવો કરતા કહ્યું કે તેના પક્ષમાં પાવર ઓફ એટોર્ની, સોગંદનામું અને એગ્રીમેન્ટ ટુ સેલ છે.

### ૪૧ યોદ્ધાઓને કાઢવા માટે ૩૦નો ટારગેટ સેટ

। સિલ્ક્યારા, તા.૨૭ ।

ઉત્તરકાશીની સિલ્ક્યારા ટનલ દુર્ઘટનાને ૧૫ દિવસ થઈ ગયા છે. દરેકની નજર સુરંગની અંદર ફસાયેલા ૪૧ યોદ્ધાઓ પર છે. ડ્રિલિંગ દરમિયાન ઓગર મશીન તૂટી ગયા બાદ હવે બે પ્લાન પર કામ ચાલી રહ્યું છે. પ્રથમ યોજના પહાડના ઊપરથી ડ્રિલિંગ કરીને અંદર ફસાયેલા કામદારોને બહાર કાઢવાની છે. બીજી યોજના ડ્રિલિંગ જાતે કરવાની છે. જે માત્ર ૧૦ મીટર જ કરવાનું છે. તે દરમિયાન રવિવારથી ઊભી ડ્રિલિંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. બચાવ કામગીરીમાં લાગેલી એજન્સીઓએ સુરંગની અંદરથી ઉપરથી ડ્રિલિંગ કરીને ૪૧ યોદ્ધાઓને બહાર કાઢવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. અત્યાર સુધીમાં ૧૯.૨ મીટરનું વર્ટિકલ ડ્રિલિંગ પૂર્ણ થયું છે. અંદર ફસાયેલા કામદારો સુધી પહોંચવા માટે ૮૬થી ૮૭ મીટર સુધી ડ્રિલિંગ કરવું પડશે. આ માટે રેસ્ક્યુ ઓપરેશનમાં લાગેલી એજન્સીઓએ ૧૦૦ કલાકનો ટાર્ગેટ રાખ્યો છે. એટલે કે ૩૦મી નવેમ્બર સુધીમાં ઊભુ ડ્રીલીંગ દ્વારા સફળતા અપેક્ષિત છે. સમગ્ર રેસ્ક્યુ ઓપરેશન ટીમ કામદારોને બચાવવા માટે દિવસ-રાત કામ કરી રહી છે.

## રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે કરી જાહેરાત

# રાજ્યમાં કમોસમી વરસાદના કારણે થયેલા નુકસાનનો થશે સર્વે

### રાજ્યમાં ખરીફ વાવેતરમાં કેટલાક અંશે નુકશાન થયું છે ત્યારે કમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે તેવો સરકાર દ્વારા દાવો કરાયો

। ગાંધીનગર, તા.૨૭ ।

ગત રવિવારે ગુજરાતમાં માવઠા-કમસમી વરસાદે ભારે ખાનાખરાબી સર્જ્યા બાદ સોમવારે બપોર સુધી પણ વાદળો ગોરંભાયેલા જ રહ્યા હતા. સવારે ધૂમમ્સ વચ્ચે વિઝિબિલિટી ઘટી હતી અને ત્યારબાદ બપોર બાદ વાતાવરણ ચોખ્ખું થયું હતું. જેના પરિણામે હવે ગુજરાત માથેથી માવઠાની મોટી ઘાત ટળી હોય તેમ હવે કમોસમી વરસાદનો ખતરો ઓછો થઈ રહ્યો છે. રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેડૂતોને મોટું નુકશાન થયું છે. જેને લઈને સરકાર દ્વારા સર્વે હાથ ધરવામાં આવશે.તેમ પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે એક નિવેદનમાં જણાવ્યું હતું. રાજ્યમાં ખરીફ વાવેતરમાં કેટલાક અંશે નુકશાન થયું છે. ત્યારેકમોસમી વરસાદ બાદ સર્વેની કામગીરી શરૂ કરાશે. તેવો સરકાર દ્વારા દાવો કરવામાં આવ્યો છે. નોંધનિય છે કે વિજળી પડવાના કારણે ૨૯ માનવ મૃત્યુ થયાનું ઋષિકેશ પટેલે સ્વીકાર્યું હતું. એટલું જ નહીં મુખ્યમંત્રી સાથે કમોસમી વરસાદ અને માનવ મૃત્યુ સંદર્ભે સંપર્કમાં હોવાનું પણ કહ્યું હતું. હાલમાં ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કુલ અંદાજિત ૬૦ ટકા જેટલો વરસાદ વરસ્યો છે. અને આ માવઠાને કારણે ૧ મિલિમીટરથી લઈ ૧૪૪ મિલિમીટર જેટલો વરસાદ ઘણા એવા વિસ્તારોમાં નોંધાયો છે તેમ તેમણે જણાવ્યું હતું. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ખરીફ પાકોમાં કપાસ તુવેર અને એરંડા જેવા પાકોમાં નુકસાનની ભીતિ વધુ સેવાઈ રહી છે. અંતે તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતના અમુક વિસ્તારમાં બરફના કરા અને વીજળી પણ પડી છે, જેના કારણે વિવિધ વિસ્તારમાં ઘણા એવા સામાન્ય નાગરિકોને તકલીફ પડી છે તેનું પણ સર્વે કરીને ખેડૂતો તેમજ સામાન્ય નાગરિકોની સહાય કરવા સરકાર કટિબદ્ધ છે.




### કમોસમી વરસાદમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને સહાય ચૂકવાશે

રાજ્યમાં કોમસમી વરસાદના કારણે અનેક જગ્યાએ ખાના ખરાબી થઈ છે. કમોસમી વરસાદમાં મૃત્યુ પામેલા લોકોના પરિવારજનોને સહાય ચૂકવવાનો રાજ્ય સરકારે મહત્વનો નિર્ણય લીધો છે. રાજ્ય સરકાર દ્વારા મૃતકના પરિવારોને ૪ લાખ સહાયની જોગવાઇ કરી છે. અત્રે જણાવીએ કે, મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અત્યારે જાપાનની મુલાકાતે છે પરંતુ કમોસમી વરસાદ અંગે તાંગ મેળવી અધિકારીઓને સહાય અંગે સૂચના આપી છે. એક દિવસમાં કમોસમી વરસાદથી ૨૪નાં મોત થયા છે. રાજ્યમાં કમોસમી વરસાદનો કહેર જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદના કારણે ૨૪ લોકોના મૃત્યું થયા છે. વરસાદની સાથે વિજળી પડવાની ઘટનામાં ૨૪ લોકોના મૃત્યું થયા છે. મહેસાણાના કડી,અમરેલીના જાફરાબાદ, બોટાદના બરવાળામાં વીજળી પડવાની ઘટના સામે આવી છે. ભરૂચ, સુરેન્દ્રનગર, સાબરકાંઠાના ઈડર, તાપી, દાહોદમાં વિજળી પડવાથી મૃત્યુની ઘટના બની છે. બાવળા, પાટણ, ખંભાળિયા, કાલોલ, વિરમગામમાં વીજળી પડવાથી મૃત્યુની ઘટના બની છે.






વડાપ્રધાન નરેન્દ્ર મોદી ત્રણ દિવસીય તેલંગાણા પ્રવાસ પર છે. આ દરમિયાન પીએમ મોદી ૨૬ નવેમ્બરની રાત્રે તિરુપતિ પહોંચ્યા હતા. જ્યાં તેમનું રાજ્યપાલ એસ અબ્દુલ નઝીર અને મુખ્યમંત્રી વાય એસ જગન મોહન રેડ્ડીએ સ્વાગત કર્યું હતું. પીએમ મોદીએ સવારે તિરુમાલામાં શ્રી વેંકટેશ્વર મંદિરની મુલાકાત લઈ પૂજા કરી હતી.

## નથી અટકી રહ્યા પથ્થરબાજ !

# હવે ઓડિશામાં વંદે ભારત પર પથ્થરમારો, બારીના કાચ તૂટ્યા

### ભુવનેશ્વરમાં વંદે ભારત પર પથ્થરમારાના કારણે કોચની બારીના કાચ તૂટ્યા, કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી

। ભુવનેશ્વર, તા.૨૭ ।

ફરી એકવાર વંદે ભારત એક્સપ્રેસ પર હુમલાની ઘટના સામે આવી છે. આ વખતે ઓડિશાના ભુવનેશ્વરમાં વંદે ભારતને નિશાન બનાવવામાં આવ્યું હતું. પથ્થરમારાના કારણે કોચની બારીના કાચ તૂટી ગયા હતા. જો કે કોઈ મુસાફરને ઈજા થઈ ન હતી. ઘટના અંગે અધિકારીઓએ જણાવ્ હતુ કે, ઓડિશામાં ઢેંકનાલ-અંગુલ રેલવે સેક્શન પર મેરામમંડલી અને બુધપંક વચ્ચે પથ્થરમારાને કારણે રાઉરકેલા-ભુવનેશ્વર વંદે ભારત એક્સપ્રેસ (૨૦૮૩૫) ટ્રેનના એક્ઝિક્યુટિવ ક્લાસ કોચની બારીના કાચને નુકસાન થયું હતું. અધિકારીઓના ઘટનાને લઈને



જણાવ્યા હતુ કે આ ઘટનાની જાણ ફરજ પરના RPF એસ્કોર્ટિંગ સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી. માહિતીને પગલે, ઈસ્ટ કોસ્ટ રેલ્વે ઝોન (ECoR) ની સુરક્ષા વિંગે રેલવે પ્રોટેક્શન ફોર્સ (RPF) અને સરકારી રેલ્વે પોલીસ (GRP) ને ચેતવણી આપી હતી. કટકથી આરપીએફના આસિસ્ટન્ટ સિક્યુરિટી કમિશનર ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને સમગ્ર ઘટનાનો તાગ મેળવ્યો હતો.

## મલેશિયાએ એક મોટી જાહેરાત કરી

# ૧ ડિસેમ્બરથી ભારતના પ્રવાસીઓને ૩૦ દિવસ માટે વિઝા ફ્રી મુસાફરીની મંજૂરી

### કોવિડ-૧૯ સમાપ્ત થયા બાદ ઘણા દેશ અર્થવ્યવસ્થાને સુધારવા માટે પર્યટનને પ્રોત્સાહન આપી રહ્યા છે

। નવી દિલ્હી, તા.૨૭ ।

કોવિડ-૧૯ મહામારી સમાપ્ત થયા બાદ દેશ પોતાની અર્થવ્યવસ્થાને સુધારવા માટે પર્યટનને પ્રોત્સાહન આપી રહ્યા છે. આ જ કડીમાં મલેશિયાએ એક મોટી જાહેરાત કરી છે. મલેશિયાએ કહ્યું કે તે ૧ ડિસેમ્બરથી ભારતના પ્રવાસીઓને ૩૦ દિવસ માટે વિઝા ફ્રી મુસાફરીની મંજૂરી આપશે. પ્રધાનમંત્રી અનવર ઈબ્રાહિમે કહ્યું કે આ જ નિયમ ચીનના નાગરિકો માટે પણ લાગૂ છે. શ્રીલંકા, થાઈલેન્ડ બાદ ભારતીય નાગરિકો માટે વિઝા ફ્રી મુસાફરીની મંજૂરી આપનારા દેશમાં મલેશિયા પણ જોડાયો છે. હાલમાં સાઉદી અરબ, બહેરીન, કુવૈત, સંયુક્ત આરબ અમીરાત, ઈરાન, તુર્કી અને જોર્ડનના મુસાફરોને દેશમાં વિઝા છૂટનો આનંદ મળે છે. જો કે પ્રધાનમંત્રીએ કહ્યું કે ભારતીય અને ચીની નાગરિકો માટે વિઝા છૂટ સુરક્ષા મંજૂરીને આધીન હશે. તેમણે કહ્યું કે અપરાધિક રેકોર્ડ અને હિંસાના જોખમવાળા લોકોને વિઝા મળશે નહીં. અનવરે કહ્યું કે ગૃહમંત્રી સૈફુદીન નસુશન ઈસ્માઈલ જલદી વિઝા છૂટ પર વિવરણની જાહેરાત કરશે. અત્રે જણાવવાનું કે ૨૪ નવેમ્બરના રોજ ચીને ૧ ડિસેમ્બર ૨૦૨૩થી ૩ નવેમ્બર ૨૦૨૪ સુધી મલેશિયાના લોકો માટે ૧૫ દિવસના વિઝા ફ્રી નીતિની જાહેરાત કરી. ચીની સરકારનો આભાર માનતા અનવરે કહ્યું કે, આગામી વર્ષ મલેશિયા ચીન સાથે રાજનયિક સંબંધોના ૫૦ વર્ષની ઉજવણી કરશે. નોંધનીય છે કે આ જાહેરાત આસિયાન-ભારત મીડિયા એક્સચેન્જ પ્રોગ્રામ ૨૦૨૩ હેઠળ થઈ, જ્યાં મલેશિયાના ઉચ્ચાયુક્ત બીએન રેડ્ડીએ કહ્યું કે મલેશિયા સાથે ભારતનો સંબંધ 'ખુબ કિંમતી' હતો.




સંતરામપુર જિલ્લા અને તાલુકાઓ દરેક ગ્રામ્ય વિસ્તારોમાં પત્રકારો નિમવાના છે સંપર્ક કરો



સંતોષકુમાર જોષી
મો.63550 761743



સમાચાર પત્ર છે લોકતંત્રનો ચૌથો સ્તંભ અને પ્રાણ,
જે કરે છે એક લોકતંત્રનો નિર્માણ !

CHANNEL NINE NETWORK GUJARAT
◆ ન્યૂઝ પેપર, ◆ ન્યૂઝ ચેનલ, ◆ ન્યૂઝ વેબસાઈટ

CNN CHANNEL NINE NETWORK GUJARAT
Gujarati Daily News Paper

LIVE
cnngujarat.co.in



આજે જ cnngujarat.com વેબસાઈટ ઉપર
વિઝીટ કરો અને જોડાઈ જાઓ સમાચારની દુનિયા સાથે...

## લગ્નમાં જઇ રહેલા પરિવારની કારમાં લૂંટ

। મહેસાણા, તા.૨૭ ।

મહેસાણા જિલ્લામાંથી વધુ એક લૂંટની ઘટના સામે આવી છે, ગઈકાલે જિલ્લાના વિસનગર અને વિજાપુર હાઈવે પર એક કારને રોકીને લૂંટારુ ટોળકીએ સોનાના દાગીના અને સોનાના દોરાની લૂંટ ચલાવી હતી, આમાં અંદાજિત બે લાખથી વધુના દાગીના લૂંટીને લૂંટારુઓ ફરાર થઈ ગયા હતા. હાલમાં પોલીસ આ અંગે ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. મળતી માહિતી પ્રમાણે, મહેસાણાં જિલ્લામાં ગઈકાલે એક સનસનીખેજ લૂંટની ઘટના ઘટી ઘટી હતી, ગઈકાલે વિસનગર અને વિજાપુર હાઈવે પર કૂવાડા ગામની નજીક નાગા બાવાના વેશમાં આવેલા કેટલાક લૂંટારુઓ ત્રાટક્યા હતા, લગ્નમાં જઈ રહેલા લોકોની કાર આ લૂંટારૂ ટોળકીએ રોકી હતી, બાદમાં તેમની પાસેથી સોનાના દોરાની લૂંટ ચાલાવી હતી, નાગા બાવાના વેશમાં આવેલી લૂંટારૂ ટોળકીએ બે લોકોને પોતાનો ટાર્ગેટ બનાવ્યા અને તેમની પાસેથી અંદાજિત દોઢ લાખથી વધુની કિંમતના દાગી લૂંટીને ફરાર થઈ ગયા હતા. હાલમાં આ ઘટના અંગે વિસનગર પોલીસે ગુનો નોંધીને આગળની તપાસ હાથ ધરી છે. રાજ્યમાં ઓનલાઈન અને સાયબર ક્રાઈમની ફ્રોડના કેસોમાં સતત વધારો થઈ રહ્યો છે. રાજ્યમાં ઠેર ઠેર ગઠીયાઓ દ્વારા ઓનલાઈન સ્કેમને નવી નવી ટિપ્સથી અંજામ આપ વામાં આવી રહ્યો છે. આ જ કડીમાં આજે મહેસાણામાંથી વધુ એક મોટી છેતરપિંડીનો કેસ સામે આવ્યો છે.

### કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતામાં

# રાજ્યના ૨૨૦ તાલુકામાં વરસ્યો કમોસમી વરસાદ

### બનાસકાંઠા જિલ્લાના ભાભરમાં સૌથી વધુ અઢી ઈંચ વરસાદ નોંધાયો છે : લોધિકા, તાલાલામાં ૨ ઈંચ વરસાદ

। ગાંધીનગર, તા.૨૭ ।

રાજ્યમાં આજે વહેલી સવારથી જ અનેક તાલુકાઓમાં વરસાદ વરસ્યો છે. કમોસમી વરસાદે રાજ્યના અનેક જિલ્લામાં પાકને નુકસાન કર્યું છે. કમોસમી વરસાદને પગલે ખેડૂતો ચિંતામાં છે. રાજ્યના ૨૨૦ તાલુકામાં વરસાદ ખાબક્યો છે. રાજ્યના ૩૦ તાલુકાઓમાં એક ઈંચથી વધુ વરસાદ નોંધાયો છે. બનાસકાંઠા જિલ્લાના ભાભરમાં સૌથી વધુ અઢી ઈંચ વરસાદ નોંધાયો છે. લોધિકા, તાલાલામાં ૨ ઈંચ વરસાદ અને અંકલેશ્વર, વંથલીમાં ૨ ઈંચ વરસાદ નોંધાયો છે.

આજે વહેલી સવારથી જ ગુજરાતના અનેક જિલ્લાઓમાં વરસાદ વરસી રહ્યો છે. અનેક જિલ્લાઓમાં આ કમોસમી વરસાદ આફત રુપ સાબિત થયો છે. અમરેલી જિલ્લામાં વરસાદે ઘણુ નુકસાન કર્યું છે. ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં પણ ખેડૂતોની મુશ્કેલી વધારી છે.

રાજકોટના ગ્રામ્ય વિસ્તારોમાં પણ વરસાદને કારણે ઘણુ નુકસાન થયું છે. રાજકોટના ગોંડલના દેરડી કુંભાજી ગામે માવઠાથી ભારે નુકસાન પહોંચ્યું છે. ભારે પવનના વંટોળ સાથે કરા સાથેનો વરસાદ પડતાં ઠેર ઠેર નુકશાનીના દ્રશ્યો સર્જાયા છે.

વંથલી, તાલાલા અને અંકલેશ્વરમાં સૌથી વધુ બે ઈંચ વરસાદ નોંધાયો છે. જ્યારે ૩૬ તાલુકામાં એકથી પોણા બે ઈંચ વરસાદ પડ્યો છે. તો બીજી તરફ આજે રાજ્યમાં વીજળી પડવાથી અત્યાર સુધી ૧૩ લોકોના મૃત્યુ થયા છે. વીજળી પડવાની ઘટનાથી દાહોદમાં ૩, ભરૂચમાં ૨, અમદાવાદ, સાબરકાંઠા, ખેડા, પંચમહાલ, બોટાદ, મહેસાણા, સુરેન્દ્રનગર અને અમરેલીમાં ૧-૧ માનવ મૃત્યુ નોંધાયા છે. આ ઉપરાંત રાજ્યમાં વીજળી પડવાથી અત્યાર સુધી કુલ ૩૯ પશુઓના મૃત્યુ નોંધાયા છે. સૌથી વધુ પશુ મૃત્યુ ખેડામાં ૧૫ પશુઓના મૃત્યુ નોંધાયા છે.

રાજકોટમાં બપોર બાદ ફરી કરા સાથે ધોધમાર વરસાદ શરુ થયો છે. શાપર, પારડી અને શહેરના કેટલાક વિસ્તારમાં કરા પડ્યા છે. જેના કારણે ખેતીપાકોને નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. રાજકોટના ગોંડલમાં ગાજવીજ સાથે કરા પડ્યા. કરા સાથે વરસાદ પડતા જીરૂ,ચણા, ધાણા સહિતના શિયાળુ પાકને ભારે નુકસાનની ભીતિ સેવાઈ રહી છે. ખેડૂતો ચિંતામાં મુકાયા છે. વરસાદના પગલે શહેરના રાજમાર્ગો પર ચોમાસા જેવો માહોલ છવાયો છે. રાજકોટમાં ગોંડલ રોડ, યાજ્ઞિક રોડ, કાલાવડ રોડ, થોરાળા સહિતના વિસ્તારોમાં પણ વરસાદી ઝાપટું પડતાં તાપમાનનો પારો ગગડ્યો અને વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ.

### વરસાદ પડતા પરિક્રમામાં આવેલા શ્રદ્ધાળુઓએ ઘર તરફ દોટ લગાવી



હાલ ગિરનારની લીલી પરિક્રમા ચાલી રહી છે.લીલી પરિક્રમા વચ્ચે કમોસમી વરસાદ પડતા શ્રદ્ધાળુઓ મુંઝાયા હતા. હજારોની સંખ્યામાં લીલી પરિક્રમા કરવા આવેલા શ્રદ્ધાળુઓ કમોસમી વરસાદ પડવાના કારણે ઘરે પરત ફરવા મજબૂર બન્યા છે. વીજળીના કડાકા ભડાકા સાથે ધોધમાર વરસાદ ખાબકી જતા પરિક્રમા કરવા આવેલા ૩૦ હજારથી વધુ લોકો જંગલ વચ્ચે અટવાયા હોવાની આશંકા છે. હાલમાં ચાલી રહેલી ગીરનારની પરીક્રમામાં ગીરનારની પરિક્રમા કરવા આવેલા ૧૩,૨૩,૦૦૦ અંદાજીત શ્રદ્ધાળુઓ હાલ અંદર છે. જ્યારે ઉપરાંત નળપાણી ઘોડી ગણતરી પોઈન્ટ પરથી પસાર થયેલ પરિક્રમાર્થીઓની અંદાજીત સંખ્યા ૧૨,૭૮,૭૬૫ નોંધાઈ છે. ગેટ પરથી પરિક્રમાર્થીઓ પરિક્રમા પૂર્ણ કરી ૧૨,૪૮,૦૦૦ શ્રદ્ધાળુઓ બહાર નિકળ્યા છે. ગત વર્ષે કુલ ૧૨ લાખ શ્રદ્ધાળુઓએ ગિરનારની પરિક્રમા કરી હતી. આ વર્ષે ગત વર્ષનો રેકોર્ડ શ્રદ્ધાળુઓએ તોડી નાખ્યો છે. આજે વહેલી સવાર સુધીમાં ૧૨.૪૮ લાખ શ્રદ્ધાળુઓએ પરિક્રમા પૂર્ણ કરી હોવાનું વન વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે.

### ભૂપેન્દ્ર પટેલે જાપાન પ્રવાસના બીજા દિવસે

## સીએમ ભુપેન્દ્ર પટેલે જાપાનમાં બુલેટ ટ્રેનની સવારી કરી



। ગાંધીનગર, તા.૨૭ ।

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના જાપાન પ્રવાસનો બીજો દિવસ છે.. ત્યારે મુખ્યમંત્રી અને પ્રતિનિધિ મંડળે બુલેટ ટ્રેનમાં સવારી કરી. શીનથી યોકોહામા સુધી બુલેટ ટ્રેનમાં સવારી કરી.

આ સાથે સૈનકીએન ગાર્ડનની પણ મુખ્યમંત્રીએ મુલાકાત લીધી. મહત્વનું છે કે, વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૨૪ માટે દેશો અને ઉદ્યોગગૃહોને આમંત્રણ આપવા માટે મુખ્યમંત્રી તેમના પ્રતિનિધિ મંડળ સાથે બે દેશોના પ્રવાસે છે. હાલ મુખ્યમંત્રીએ જાપાનમાં બેઠકો અને રોડ શો કરી રહ્યા છે. બાદમાં તેઓ સિંગોપોર જવાના છે. ગુજરાતમાં પણ જ્યારે બુલેટ ટ્રેન પ્રોજેક્ટનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે ત્યારે મુખ્યમંત્રીએ જાપાનમાં બુલેટ ટ્રેની સવારી કરી. મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે તેમના જાપાન પ્રવાસના બીજા દિવસનો પ્રારંભ બુલેટ ટ્રેનની સફરથી કર્યો હતો. મુખ્ય સચિવ રાજકુમાર અને પ્રતિનિધિ મંડળ સાથે ટોકિયોથી બુલેટ ટ્રેન મારફત યોકોહામા સિટી પહોંચ્યા હતા. યોકોહામાના પ્રસિદ્ધ શેક્રેઈન ગાર્ડનની મુલાકાત લીધી હતી. યોકોહામા ભારત સાથે ઐતિહાસિક સંબંધો ધરાવતું શહેર છે તે અંગે પણ તેમણે અહીં માહિતી મેળવી હતી. ઉલ્લેખનીય છે કે, મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ ગુજરાત ના ઉચ્ચ સ્તરીય પ્રતિનિધિ મંડળ સાથે રવિવારે વહેલી સવારે જાપાન પહોંચ્યા હતા. જ્યાં જાપાન ખાતેના ભારતીય રાજદૂત સીબી જ્યોર્જ અને દૂતાવાસના અધિકારીઓએ તેમનું ઉષ્માપૂર્ણ સ્વાગત કરી જાપાનમાં આવકાર્યા હતા.

### રવિ પાકની વાવણીમાં જ વરસાદ વિલન બન્યો

# માંડ પાક ઉગે તે પહેલાં કમોસમી વરસાદે ખેડૂતોની કમર ભાંગી

### એક લાખ હેક્ટરમાં કપાસને પાકને ૪૦ કરોડથી વધુના નુકસાનની ભીતિ, સર્વે બાદ નુકસાનનો ખરો આંકડો આવશે બહાર

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતના ૫૦ ટકા ખેડૂતો ૨ રૂપિયાની સહાય માટે ધક્કા ખાઈ રહ્યાં છે ત્યારે ગઈકાલે વરસેલા વરસાદને પગલે ખેડૂતોના પાકનો સોથ વળી ગયો છે. સરકાર હવે એસડીઆરએફના નિયમોનુસાર પાક નુક્સાનીની સહાય જાહેર કરશે અને ખેડૂતોને આશ્વાસન આપ વાનો પ્રયાસ કરશે પણ ગ્લોબલ વોર્મિંગની અસર તળે બદલાયેલી સિઝનને પગલે ખેડૂતોની માઠી દશા બેસી ગઈ છે. રાજ્યમાં ૨૦થી ૨૫ લાખ હેક્ટરમાં વાવેતર કરાતા શિયાળુ પાકને આ વરસાદ ભારે નુક્સાન કરે તો પણ નવાઈ નહીં. જે પાકોમાં પિયતની જરૂરિયાત હતી એ પાકો માટે આ વરસાદ કાચા સોનાની માફક વરસ્યો છે પણ શિયાળામાં મોટાપાકના પાકો એવા વાવતેર કરાતા હોય છે જેમને ઝાકળ પણ નુક્સાન કરતી હોય છે ત્યારે રીતસર ચોમાસાની જેમ વરસેલા વરસાદે ગુજરાતના ખેડૂતોની હાલત ખરાબ કરી દીધી છે. સરકાર હવે પાક નુક્સાનીની સહાયની આજ કાલમાં જ જાહેરાત કરશે પણ ફરી ખેડૂતોએ સહાય માટે લાઈનોમાં બેસવું પડશે. ૬ મહિના પહેલાં ડુંગળીના ભાવ ગગડ્યા ત્યારે પ્રતિ કિલો ૨ કિલોની સહાય લેવા માટે હજુ ૫૦ ટકા ખેડૂતો ધક્કા ખાઈ રહ્યાં છે. સરકાર દાવો કરે છે કે અત્યાર સુધીમાં ૧૫.૭૬ કરોડ રૂપિયાની સહાય ચૂકવાઈ છે પણ તો કયા ખેડૂતો બુમરાણ કરી રહ્યાં છે અને કયા ખેડૂતોને મળી એ સૌથી મોટો સવાલ છે. ગુજરાતમાં ભર શિયાળામાં ચોમાસું બેઠું હોય તેવો વરસાદ વરસી રહ્યો છે. કમોસમી વરસાદે ખેતીને વ્યાપકપણે નુકશાન પહોંચાડયું. ખાસ કરીને જીરૂ, વરિયાળી, રાયડો, ઘઉં, ધાણાં અને લીલા શાકભાજી સહિતના પાકોને સૌથી વધારે નુકશાન થયું છે જેથી ખેડૂતોને રાતા પાણીએ રોવાનો વારો આવ્યો છે. શિયાળુ સિઝનમાં હાલ માંડ ૬૦ ટકા વાવેતર થયું છે. રાજ્યમાં ૨૫ લાખ હેક્ટરની આસપાસ રવી સિઝનની વાવણી થાય છે.

### સાપુતારામા કમોસમી વરસાદથી વાતાવરણ બન્યું મીની કાશ્મીર

। ડાંગ, તા.૨૭ ।

રાજ્યના હવામાનમાં પલટો આવ્યો છે. આજે વહેલી સવારથી જ રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં વરસાદ પડી રહ્યો છે, ત્યારે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓમાં કમોસમી વરસાદ જોવા મળી રહ્યો છે. ખાસ કરીને, સાપુતારામાં કમોસમી વરસાદથી વાતાવરણ મીની કાશ્મીર જેવું બન્યું છે. કમોસમી વરસાદને કારણે સાપુતારા ઠંડુગાર થયુ છે. વેકેશન અને રવિવારની રજાના કારણે પ્રવાસીઓનો ઘસારો જોવા મળી રહ્યો છે. કમોસમી વરસાદી માહોલને કારણે સાપુતારા સોળેકળાએ ખીલ્યું છે. સહેલાણીઓમા ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે, જ્યારે બીજી તરફ ધરતીપુત્રોમાં ચિંતાનો માહોલ છે.

### ગુજરાતી ઈન્વેસ્ટર્સ માટે ધીરજના ફળ મીઠાં

# હજારો રૂપિયાના રોકાણ સામે કરોડોની કમાણી

### એક મહિલાના પિતાએ ૧૯૯૦ના દાયકામાં ૮૦૦૦ના શેર ખરીદ્યા હતા, આજે કિંમત ૭૫ લાખ થઈ

। અમદાવાદ, તા.૨૭ ।

શેરબજારમાં એવું કહેવાય છે કે જે ધીરજ રાખવા તૈયાર હોય છે તે પૈસાદાર બની શકે છે. ગુજરાતમાં ઘણા રોકાણકારો માટે આ વાત એકદમ સાચી સાબિત થઈ છે. ઘણા ઈન્વેસ્ટરો એવા છે જેઓ ક્વોલિટી શેરો ખરીદીને વર્ષો સુધી નહીં પણ દાયકાઓ સુધી બેસી રહ્યા છે જેના કારણે અમુક હજારના રોકાણની સામે આજે તેમને કરોડો રૂપિયા મળી શકે છે. શેરબજારમાં માત્ર અનુભવીઓ અને માર્કેટની ચાલને સમજતા લોકો જ કમાઈ શકે છે એવું નથી. સારા શેરો ખરીદીને તમે માત્ર બેસી રહો તો પણ સારું વળતર મળી શકે છે. ભક્તિ જાધવ આવા જ એક રોકાણકાર છે જેના પિતાએ ૧૯૯૦ના દાયકામાં એક ઓઈલ અને ગેસ કંપનીના માત્ર ૮૦૦૦ રૂપિયાના શેર ખરીદ્યા હતા. અત્યાર સુધીમાં આ શેરની વેલ્યૂ ૯૦,૦૦૦ ટકા વધી ગઈ છે અને તેમના આઠ હજાર રૂપિયાના શેરની બજાર કિંમત ૭૫ લાખ રૂપિયા થઈ ગઈ છે. ભક્તિ જાધવ કહે છે કે મારા પિતા સોમાભાઈ જાધવ એક કંપનીમાં કામ કરતા હતા અને તે કંપનીના કર્મચારી તરીકે શેર ખરીદ્યા હતા. અમારી આર્થિક સ્થિતિ સારી હતી તેથી અમારે ક્યારેય શેર વેચવાની નોબત આવી જ નહીં. કોવિડના વર્ષોમાં મને લાગ્યું કે મારે શેર વેચીને મારી માતાની સારવારમાં રૂપિયાનો ઉપયોગ કરવો જોઈએ. છતાં મેં શેર વેચવાનું ટાળ્યું. ભક્તિ આજે ૪૬ વર્ષના છે અને તેઓ આ કંપનીના ૩૬૦૦ શેર હોલ્ડ કરે છે. આવું લોંગ ટર્મ ઈન્વેસ્ટર ઘણા ગુજરાતી શેરધારકોને ફળ્યું છે. યામીની ચોક્સી પણ આવા જ એક રોકાણકાર છે જેમણે પોતાની ફિક્સ્ડ ડિપોઝિટ તોડાવીને એક મલ્ટિનેશનલ કંપનીના ૧.૨૫ લાખ રૂપિયાના શેર ખરીદ્યા હતા. આજે બજારમાં તે શેરની કિંમત ૧.૫૦ કરોડ રૂપિયા થાય છે. એટલે કે તેમને ૧૧,૯૦૦૦ ટકાથી વધારે રિટર્ન પ્રાપ્ત થયું છે. યામીની ચોક્સી કહે છે કે, "મારા પતિના મૃત્યુ પછી મેં બેંક ફ્લ્ડ કરાવી હતી જેની વેલ્યૂ ૧.૨૫ લાખ જેટલી હતી. મારા એક સ્વજનની ભલામણના આધારે મેં બેંક ફ્લ્ડ તોડાવી અને બધા રૂપિયા શેરબજારમાં રોકી દીધા. મેં નક્કી કર્યું કે માત્ર ઈમરજન્સીની સ્થિતિમાં જ તે નાણાંનો ઉપયોગ કરવામાં આવશે.

## વિશેષ


### શું આપણાં સૌરમંડળની પાર પણ કોઈ દુનિયા છે ખરી?


# વૈજ્ઞાનિકોનું ધ્યાન ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુનના ઉપગ્રહો પર જીવન શોધવામાં લાગ્યું છે



**સાંપ્રત પ્રવાહો**

લેખક : દીપક જગતાપ







વિશ્વભરના વૈજ્ઞાનિકો સમગ્ર માનવજાત માટે આ સવાલનો જવાબ શોધી રહ્યા છે કે શું બ્રહ્માંડમાં અન્ય કોઈ જગ્યાએ જીવન છે? અને જો છે તો ક્યાં છે ? આમ તોબ્રહ્માંડએટલુ વિસ્તૃત અને અનંત છે કે તેનો તો કોઈ છેડો નથી, એટલે જ આપણાં સૌરમંડળમાં પૃથ્વી સિવાય ક્યાંય જીવન છે કે નહીં તેની શોધ વધુ ઝડપથી થઈ રહી છે.એ માટે દુનિયા ભરના વિજ્ઞાનીકો બીજે ક્યાય જીવન છે કે નહી તેની શોધ કરી રહ્યા છે.

હાલ તો આપણાં સૌરમંડળમાં પણ એવા ઘણાં રહસ્યો છે જે વણઉકેલ્યા છે, એટલે જ વૈજ્ઞાનિકોને આશા છે કે સૌરમંડળમાં બીજે ક્યાંક પણ જીવન છે

મંગળ ગ્રહ પરનું વાતાવરણ પૃથ્વીના વાતાવરણ જેવું લાગી રહ્યું હતું, તેથી મંગળ પર જીવનની શોધ કરવા માટે ઘણાં અવકાશયાન મોકલવામાં આવ્યા.

પરંતુ મંગળ પર જીવન હોવાની સંભાવના હવે ધૂંધળી થઈ રહી છે. તમામ માર્સ મિશન એવા સંકેતો આપી રહ્યા છે કે મંગળ પર જીવન હોવાની શક્યતાઓ ઓછી છે.

મંગળ સિવાય આપણાં સૌરમંડળમાં જે ગ્રહો છે તે સૂર્યથી ખૂબ દૂર હોવાના કારણે ખૂબ જ ઠંડા છે, તેથી તેમાં જીવન અંકુરિત થવાની શક્યતાઓ ખૂબ ઓછી છે.આ પરિસ્થિતિના કારણે વૈજ્ઞાનિકોનું ધ્યાન ગુરૂ, શનિ, યુરેનસ અને નેપ્ચ્યુનના ઉપગ્રહો પર જીવન શોધવામાં લાગ્યું છે.

જ્યારે 'નાસા'નું અવકાશ યાન વોયેજર શનિના ઉપગ્રહ એન્સેલાડસ નજીકથી પસાર થયું ત્યારે તેને ત્યાં પાણી હોવાના પુરાવાઓ મળ્યા હતા.

બર્ફીલા વાતાવરણમાં કેટલાંય કિલોમીટર સુધી પાણી હોવાની આશા વોયેજરે જન્માવી, તો બીજી તરફ નાસાએ બીજું સ્પેસ મિશન કેસિની-હ્યૂજેંસ શનિ ગ્રહ વિશે સંશોધન કરવા રવાના કર્યું છે. હવે તો કેસિની મિશન પણ નાસાએ પૂર્ણ કરી દીધું છે અને આ યાન શનિના વાતાવરણમાં બળીને રાખ થઈ ચૂક્યું છે.શનિના ઉપગ્રહ એન્સેલાડસ પર હવે જીવનની શક્યતાઓ શોધવી હોય તો ત્યાં નવું યાન મોકલવું પડશે.

**ગ્રહના ઉપગ્રહ પર પણ જીવનની શોધ**

ગ્રહના ઉપગ્રહ પર પણ જીવનની શોધ કરાઈ રહી છે.નાસા અને યુરોપિયન સ્પેસ એજન્સી તેની તૈયારીઓ પણ કરી રહ્યા છે.ઓછામાં ઓછા ચાર એવા મિશન ચર્ચાઈ રહ્યાં છે, જે આપણાં સૌરમંડળમાં જીવનની શોધ માટે મોકલવામાં આવશે.નાસાના વૈજ્ઞાનિક ક્રિસ મેક્કે કહે છે કે, હવે મંગળ ગ્રહ સિવાયના અન્ય ગ્રહોના ઉપગ્રહો પર જીવવની શોધ પર વધુ ધ્યાન આપવામાં આવશે.

આ સંશોધનનો પહેલો ઉમેદવાર શનિનો એન્સેલાડસ ઉપગ્રહ છે. કેસિનીએ સંશોધન કર્યું છે કે એન્સેલાડસ પર ઊંડાણવાળું પાણી હોઈ શકે છે.ત્યાંના વાતાવરણમાં જીવન અંકુરિત થવા જરૂરી કાર્બન, નાઈટ્રોજન અને હાઈડ્રોજન પણ છે.

તેથી જ એન્સેલાડસની તપાસ માટે આવનારાં વર્ષોમાં નવું યાન મોકલવાની યોજના પર વિચાર થઈ રહ્યો છે. આ ઉપરાંત અમેરિકન સ્પેસ એજન્સી 'નાસા' કેટલાક ધૂમકેતુઓ, એસ્ટેરોઈડ અને ગ્રહોની તપાસ માટે અંતરિક્ષ યાન મોકલવા પર વિચાર કરી રહ્યું છે. ક્રિસ મેક્કેને લાગે છે કે આ તપાસમાં એન્સેલાડસ જ મેદાન મારશે.જો કે માત્ર એન્સેલાડસ જ એવો ઉપગ્રહ નથી જેના પર વૈજ્ઞાનિકોની નજર હોય.

એ ઉપરાંત ગુરૂના ઉપગ્રહ યુરોપા, કેલિસ્ટો અને ગૈનીમેડ પર પણ જીવનના શક્યતા હોવાની આશા છે.તો નેપ્ચ્યુનના ઉપગ્રહ ટ્રાઈટન વિશે પણ વૈજ્ઞાનિકો આવી જ અટકળો લગાવી રહ્યા છે.

વર્તમાન પરિસ્થિતિ અનુસાર ગુરૂનો ઉપગ્રહ યૂરોપા ભવિષ્યના સ્પેસ મિશનનું સૌથી મોટું લક્ષ્ય હશે.૬૦ના દાયકામાં જ કહેવાતું હતું કે યુરોપા પર જીવન સંભવિત છે. યુરોપા વિશે કહેવાય છે કે બરફના કેટલાંય કિલોમીટર જાડા પડની નીચે પાણીના સમુદ્ર અને તળાવો છે. 'નાસા'ના યાન 'ગેલીલિયો'એ ૯૦ના દાયકામાં જ આપણને વાકેફ કર્યા હતા કે યુરોપામાં ૧૫-૨૦ કિલોમીટરના ઊંડાણમાં પાણી છે.ભલે એન્ડેસલાડસ વિશે સંશોધન કરવા માટે મિશન મોકલવા માટે કેટલાંક વર્ષ રાહ જોવી પડે પરંતુ યુરોપિયન સ્પેસ એજન્સીએ 'જૂસ' નામના એક અંતરિક્ષ યાનને યુરોપા પર મોકલવાની તૈયારી શરૂ કરી છે.આ સ્પેસ મિશન ૨૦૨૨માં ગુરૂના ઉપગ્રહ યુરોપા, કેલિસ્ટો અને ગૈનીમંડની તપાસ માટે રવાના કરવામાં આવશે. આવી જ રીતે 'નાસા' પણ યુરોપા ક્લિપર નામનું એક યાન યુરોપાની તપાસ માટે મોકલવાનું છે.આવા મિશન માટે સૌથી જરૂરી વસ્તુ એક ખાસ પ્રકારનો રોબોટ છે, એવો રોબોટ છે બરફના મોટા પડ નીચે ઉતરી પાણી અને જીવનની શોધ કરી શકે.નાસા' અને યુરોપિયન સ્પેસ એજન્સી આ દિશામાં કામ કરી રહ્યા છે.

'નાસા'ના વૈજ્ઞાનિક હરિ નાયર કહે છે કે, 'નાસા'ની પાસાડેના સ્થિત જેટ પ્રપલ્શન લેબમાં કેટલાંક વૈજ્ઞાનિકો એવો રોબોટ રોવર તૈયાર કરી રહ્યા છે, જે બર્ફીલા વાતાવરણમાં કામ કરી શકે. નાયર કહે છે કે, કેટલાંક એવા અંતરિક્ષ યાન બનાવવાની તૈયારી કરી છે જે ઠંડા ઉપગ્રહ પર ઉતરીને ખોદકામ કરી શકે. ઠંડા વાતાવરણમાં કામ કરી શકે તેવા રોબોટ તૈયાર કરવા મોટો પડકાર છે.

તેના માટે એટોમિક બેટરીથી ચાલનારા રોબોટનું ટેસ્ટિંગ થઈ રહ્યું છે.નાયર માને છે કે આ પ્રકારના રોબોટ તૈયાર કરવામાં ૧૫થી ૨૦ વર્ષનો સમય લાગી શકે છે.

સદીઓથી માનવજાતનું સપનું રહ્યું છે કે આપણાં સૌરમંડળમાં કે બ્રહ્માંડમાં એવી જગ્યાઓ શોધવી જ્યાં જીવન આકાર લઈ રહ્યું હોય.જો કોઈ સ્પેસ મિશન આ શોધ કરી શકશે તો આ બહુ મોટી સફળતા હશે.ક્રિસ મેક્કે કહે છે કે, અમે જ્યારે પણ બ્રહ્માંડમાં બીજે ક્યાંય જીવનની શોધ વિશે વિચારીએ ત્યારે અમને લાગે છે કે તેવું શક્ય છે, પરંતુ તે શક્ય હોય તે જરૂરી નથી.

હાલ તો આવા કોઈ પુરાવાઓ નથી મળ્યા. હા, એક આશા છે જેના આધારે માનવી ક્યારેક સૌર મંડળમાં તો ક્યારેક તેની બહાર બીજી દુનિયાની શોધમાં લાગેલો છે.

T20માં યશસ્વી જયસ્વાલનો ૧૭૩નો સ્ટ્રાઈક રેટ

# ભારતને મળ્યો હવે યશસ્વી જયસ્વાલ જેવો ધાંસુ ઓપનર

## રવિવારે રમાયેલી બીજી T20 મેચમાં યુવા બેટ્સમેન યશસ્વી જયસ્વાલે ૫૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી



। નવી દિલ્હી, તા.૨૭ ।

ટીમ ઈન્ડિયાએ યુવા ખેલાડીઓના દમ પર ઓસ્ટ્રેલિયા સામેની ટી૨૦ શ્રેણીમાં અત્યાર સુધી શાનદાર પ્રદર્શન કર્યું છે. સૂર્યકુમાર યાદવની કપ્તાનીમાં ટીમે શરૂઆતની બંને મેચ જીતી છે. આ રીતે ટીમે ૫ મેચની શ્રેણીમાં ૨-૦ની લીડ મેળવી લીધી છે. હવે સિરીઝ જીતવા પર ફોકસ છે. રવિવારે રમાયેલી બીજી્ ૨૦ની વાત કરીએ તો યુવા બેટ્સમેન યશસ્વી જયસ્વાલે ૫૩ રનની શાનદાર ઈનિંગ રમી હતી. ટીમ ઈન્ડિયાએ પ્રથમ દાવ લઈને ૨૩૫ રન બનાવ્યા હતા. જવાબમાં કાંગારૂ ટીમ ૧૯૧ રન જ બનાવી શકી હતી. ભારતીય ટીમે આ મેચ ૪૪ રને જીતી લીધી હતી. શ્રેણીની ત્રીજી મેચ ૨૮ નવેમ્બર મંગળવારના રોજ ગુવાહાટીમાં રમાવાની છે.

૨૧ વર્ષીય યશસ્વી જયસ્વાલ ૬ ઓવરના પાવરપ્લેમાં અડધી સદી ફટકારીને આઉટ થયો હતો. તે ટી૨૦ ઈન્ટરનેશનલમાં પ્રથમ ૬ ઓવરમાં ભારત માટે સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન બની ગયો છે. તેણે રોહિત શર્માથી લઈને કેએલ રાહુલ સુધી બધાને પાછળ છોડી દીધા છે.

યશસ્વીએ ઈનિંગમાં ૨૫ બોલનો સામનો કર્યો હતો. ૨૧૨ના સ્ટ્રાઈક રેટથી ૫૩ રન બનાવ્યા હતા. ૯ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. જેમાં તેણે માત્ર બાઉન્ડ્રીથી ૪૮ રન બનાવ્યા હતા. ટી૨૦ ઈન્ટરનેશનલમાં યશસ્વીનો સ્ટ્રાઈક રેટ ૧૭૩ છે, તેના પરથી તેની વિસ્ફોટક બેટિંગનો અંદાજ લગાવી શકાય છે. યશસ્વી પહેલાં, રોહિત શર્મા અને કેએલ રાહુલે ટી૨૦ ઈન્ટરનેશનલમાં ભારત માટે પ્રથમ ૬ ઓવરના પાવરપ્લેમાં સૌથી વધુ ૫૦-૫૦ રન બનાવ્યા હતા. કેએલ રાહુલે ૫ નવેમ્બર ૨૦૨૧ના રોજ સ્કોટલેન્ડ સામે ૧૯ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા. ૬ ફોર અને ૩ સિક્સર ફટકારી હતી. સ્ટ્રાઈક રેટ ૨૬૩ હતો. જ્યારે રોહિત શર્માએ ૨૯ જાન્યુઆરી ૨૦૨૦ના રોજ ન્યૂઝીલેન્ડ સામે ૨૩ બોલમાં ૫૦ રન બનાવ્યા હતા. જેમાં ૫ ફોર અને ૩ સિક્સર ફટકારી હતી. જેનો સ્ટ્રાઈક રેટ ૨૧૭ હતો.

યશસ્વી જયસ્વાલે ઓસ્ટ્રેલિયા સામેની પ્રથમ ટી૨૦માં પણ સારી શરૂઆત કરી હતી. પરંતુ તે મોટી ઈનિંગ્સ રમી શક્યો નહોતો. યશસ્વી ૮ બોલમાં ૨૧ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો હતો. તેણે ૨ ચોગ્ગા અને ૨ છગ્ગા ફટકાર્યા હતા. સ્ટ્રાઈક રેટ ૨૬૩ હતો. યશસ્વીએ અત્યાર સુધી્ ૨૦ ઈન્ટરનેશનલની ૯ ઈનિંગ્સમાં ૩૮ની એવરેજથી ૩૦૬ રન બનાવ્યા છે. એક સદી અને ૨ અડધી સદી ફટકારી છે. ૧૦૦ રન શ્રેષ્ઠ પ્રદર્શન છે. તે ૯ માંથી ૫ ઈનિંગ્સમાં ૨૦ રનના આંકને સ્પર્શવામાં સફળ રહ્યો છે. યશસ્વી જયસ્વાલે કુલ ટી૨૦ માં ૨ સદી અને ૧૩ અડધી સદીની મદદથી ૨૧૦૦થી વધુ રન બનાવ્યા છે.



## હાર્દિક પંડ્યાની મુંબઈ ઈન્ડિયન્સમાં વાપસી

# શુભમન ગિલ ગુજરાત ટાઈટન્સનો નવો કેપ્ટન

## મુંબઈ ઈન્ડિયન્સે હાર્દિક પંડ્યાને ટ્રેડ કરીને ટીમમાં સામેલ કર્યો છે : કેમરૂન ગ્રીન આરસીબી તરફથી રમતો જોવા મળશે

। નવી દિલ્હી, તા.૨૭ ।

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL) ને લઈને એક મોટા સમાચાર સામે આવી રહ્યા છે. ગુજરાત ટાઈટન્સે પોતાના નવા કેપ્ટનની જાહેરાત કરી દીધી છે. એટલે કે હાર્દિક પંડ્યા હવે મુંબઈ ઈન્ડિયન્સમાં જોડાઈ જતા હવે ગુજરાત ટાઈટન્સે મોટો નિર્ણય લેતા ટીમ ઈન્ડિયાના સ્ટાર ઓપનર શુભમન ગિલ આઈપીએલની આગામી સીઝનમાં ગુજરાત ટાઈટન્સનું નેતૃત્વ સંભાળશે.

અત્રે જણાવવાનું કે ગુજરાત ટાઈટન્સના કેપ્ટન હાર્દિક પંડ્યાએ હવે ફ્રેન્ચાઈઝીનો સાથ છોડ્યો છે. ૨૦૨૨માં હાર્દિક ટીમ સાથે જોડ-ાયો હતો. પહેલી બે સીઝનમાં તે ટીમનો કેપ્ટન હતો. પહેલી જ સીઝનમાં ટીમને વિજેતા બનાવી હતી. ત્યારબાદ બીજી સીઝનમાં પણ ગુજરાત ટાઈટન્સ ફાઈનલ સુધી પહોંચી હતી. પરંતુ ત્રીજી સીઝન પહેલા હાર્દિકે પોતાની જૂની ટીમ મુંબઈ ઈન્ડિયન્સમાં જવાનો નિર્ણય લીધો.

ગુજરાત ટાઈટન્સ દ્વારા આ અંગે સત્તાવાર રીતે જાહેરાત કરવામાં આવી છે. ઈન્ડિયન પ્રીમિયર લીગ દ્વારા પણ આ મુદ્દે જાહેરાત કરવામાં આવી છે. જેમાં કહેવાયું છે કે હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સમાં ગયો છે અને કેમરૂન ગ્રીન હવે રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર તરફથી રમશે.

હાર્દિક પંડ્યા મુંબઈ ઈન્ડિયન્સમાં સામેલ થતાની સાથે જ ગુજરાત ટાઈટન્સે પોતાના નવા કેપ્ટનના નામની પણ જાહેરાત કરી છે.



ટીમ ઈન્ડિયાનો યુવા ઓપનર બેટર શુભમન ગિલ હવે ગુજરાત ટાઈટન્સનો નવો કેપ્ટન હશે. ગત સીઝનમાં રાશિદ ખાન વાઈસ કેપ્ટન હતો. હાર્દિકની જગ્યાએ કેટલીક મેચોમાં તે નેતૃત્વ સંભાળતો પણ જોવા મળ્યો હતો.

ગુજરાત ટાઈટન્સના ક્રિકેટ નિદેશક વિક્રમ સોલંકીએ કહ્યું કે, શુભમન ગિલે ગત બે વર્ષમાં ખેલમાં ઉચ્ચતમ સ્તર ખુબ પ્રગતિ કરી છે. અમે તેને માત્ર એક બેટર તરીકે નહીં પરંતુ ક્રિકેટમાં એક લીડર તરીકે પણ પરિપકવ થતા જોયો છે. મેદાન પર તેના યોગદાને ગુજરાત ટાઈટન્સને એક મજબૂત તાકાત તરીકે ઉભરવામાં મદદ કરી છે. તેની પરિપકવતા અને સ્કિલ ઓન ફીલ્ડ પ્રદર્શનમાં સ્પષ્ટ રીતે જોવા મળે છે. અમે તેને કેપ્ટન બનાવવા અંગે ખુબ ઉત્સાહિત છીએ.

# ઈશાન કિશને ધોનીને પાછળ છોડીને એક મોટો રેકોર્ડ કર્યો



। નવી દિલ્હી, તા.૨૭ ।

આખી કાર ધોની પોતાની આખી કારકિર્દીમાં માત્ર બે વાર જ આ કારનામું કરી શક્યો, ઈશાન કિશને તેને ૩૧ મેચમાં પાછળ છોડી દીધો. ઈશાન કિશને એમએસ ધોનીનો રેકોર્ડ તોડ્યો હતો. ઓસ્ટ્રેલિયા વચ્ચે ચાલી રહેલી ટી૨૦ શ્રેણીમાં ટીમ ઈન્ડિયાએ ૨-૦થી લીડ મેળવી લીધી છે. ઈશાન કિશને આ મેચમાં એક મોટો રેકોર્ડ પોતાના નામે કર્યો હતો. તેણે દિગ્ગજ વિકેટકીપર બેટ્સમેન એમએસ ધોનીને પાછળ છોડી દીધો. રુતુરાજ ગાયકવાડ (૪૩ બોલમાં ૫૮ રન), યશસ્વી જયસ્વાલ (૨૫ બોલમાં ૫૩ રન) અને ઈશાન કિશન (૩૨ બોલમાં ૫૨ રન)ની ઈનિંગ્સ બાદ રિંકુ સિંહે ફરી એકવાર ફિનિશરની ભૂમિકા ભજવી હતી. તેણે માત્ર ૯ બોલમાં ૪ ચોગ્ગા અને ૨ છગ્ગાની મદદથી અણનમ ૩૧ રન બનાવ્યા હતા. તેના આધારે ભારત T20માં પોતાનો સર્વોચ્ચ સ્કોર બનાવવામાં સફળ રહ્યું હતું. ભારતે ૪ વિકેટ ગુમાવીને ૨૩૫ રન બનાવ્યા હતા. ભારત માટે રવિ બિશ્નોઈએ ચાર ઓવરમાં ૩૨ રન આપીને ત્રણ મહત્વની વિકેટ લીધી હતી. પ્રસિદ્ધ કૃષ્ણાએ પણ ત્રણ વિકેટ લીધી હતી જ્યારે મુકેશ કુમાર, અર્શદીપ સિંહ અને અક્ષર પટેલે એક-એક વિકેટ લીધી હતી. અક્ષરે તેની ચાર ઓવરમાં માત્ર ૨૫ રન આપ્યા હતા. ૨૩૬ રનનો પીછો કરવા ઉતરેલી કાંગારૂ ટીમ નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટે ૧૯૧ રન જ બનાવી શકી હતી. ઈશાન કિશને આ મેચમાં ટી૨૦ ફોર્મેટમાં ભારત તરફથી રમતા વિકેટકીપર બેટ્સમેન તરીકે પોતાની ત્રીજી અડધી સદી ફટકારી હતી. આ સાથે તે ધોનીથી આગળ નીકળી ગયો હતો. વિકેટ કીપર બેટ્સમેન તરીકે ધોનીએ ભારત માટે બે અડધી સદી ફટકારી હતી. કિશન ભારતીય વિકેટકીપર બેટ્સમેન તરીકે આ ફોર્મેટમાં નંબર-૧ બની ગયો છે. તે કેએલ રાહુલ સાથે સંયુક્ત રીતે ભારતીય ખેલાડી બની ગયો છે જેણે ૩ સાથે સૌથી વધુ અડધી સદી ફટકારી છે. આ અડધી સદી સાથે ઈશાન કિશને રિષભ પંતને પાછળ છોડી દીધો છે.

## યોગી આદિત્યનાથ હૈદરાબાદને ભાગ્યનગર કરવાની તૈયારીમાં?

। મહબૂબનગર, તા.૨૭ ।

ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથ શનિવારથી તેલંગાણાના ચૂંટણી જંગમાં ઉતર્યા છે. હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર રાખવાનું વચન આપ્યા બાદ યોગીએ રવિવારે કહ્યું હતું કે, જો ભાજપ સત્તામાં આવશે તો તેલંગાણાના મહબૂબનગરનું નામ બદલીને પલામુરુ રાખવામાં આવશે. મહબૂબનગરમાં એક ચૂંટણી રેલીને સંબોધતા ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રીએ કહ્યું કે, તેઓ માફિયા રાજ સામે લોકોને સાવધાન કરવા અને મહબૂબનગરને પલામુરુ તરીકે પુનઃસ્થાપિત કરવા તેલંગાણા આવ્યા છે. શનિવારે કુમારમ ભીમ આસિફાબાદ જિલ્લામાં એક રેલીને સંબોધતા યોગી આદિત્યનાથે કહ્યું હતું કે, જો ભાજપ તેલંગાણામાં સત્તામાં આવશે તો હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર કરી દેશે. આસામના મુખ્યમંત્રી હિમંતા બિસ્વા સરમાએ પણ શુક્રવારે કહ્યું હતું કે, તેલંગાણામાં સત્તામાં આવતાની ૩૦ મિનિટમાં ભાજપ હૈદરાબાદનું નામ બદલીને ભાગ્યનગર કરી દેશે. મહબૂબનગર રેલીમાં યોગી આદિત્યનાથે આરોપ લગાવ્યો કે, તેલંગાણા વિવિધ માફિયાઓની પકડમાં છે. તેમણે દાવો કર્યો હતો કે, ૨૦૧૭ પહેલા ઉત્તર પ્રદેશમાં આવા જ માફિયાઓ હતા અને ત્યાં દર બે-ત્રણ દિવસે રમખાણો થતા હતા. યોગી આદિત્યનાથે કહ્યું કે, "માફિયાઓની સમાંતર સરકાર હતી, પરંતુ ડબલ એન્જિનની ભાજપ સરકારે આ માફિયા શાસનનો અંત લાવ્યો છે." તેમણે દાવો કર્યો હતો કે, ઉત્તર પ્રદેશમાં છેલ્લા સાડા છ વર્ષમાં કોઈ રમખાણ થયા નથી.







મુંબઈમાં એમસીએ લોન્જમાં ઈન્ડિયન સ્ટ્રીટ પ્રીમિયર લીગ (આઈએસપીએલ)ની જાહેરાત દરમિયાન ભારતીય ટીમના ભૂતપૂર્વ કોચ રવિ શાસ્ત્રી, બીસીસીઆઈના ખજાનચી આશિષ શેલાર અને એમસીએના પ્રમુખ અમોલ કાલે.

મમતા બેનર્જી સરકારમાં મંત્રી શશિ પાંજાની સ્પષ્ટતા

# ગૌતમ અદાણી અને સરકાર તાજપુરમાં ડીપ સી પોર્ટ પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહ્યા છે

। કોલકાતા, તા.૨૭ ।

કારોબારી ગૌતમ અદાણી અને પશ્ચિમ બંગાળ સરકાર તાજપુરમાં ડીપ સી પોર્ટ પ્રોજેક્ટ પર સાથે કામ કરી રહ્યા છે. મુખ્યમંત્રી મમતા બેનર્જી સરકારમાં મંત્રી શશિ પાંજાએ સ્પષ્ટ કરી દીધુ છે કે અદાણી સમૂહ પ્રોજેક્ટમાંથી બહાર થયો નથી. વાત જાણે એમ છે કે હાલમાં જ થયેલા શિખર સંમેલનમાં અદાણી ન પહોંચ્યા અને ત્યારબાદ આ પ્રકારની અટકળો થઈ રહી હતી.

રાજધાની કોલકાતામાં એક પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પાંજાએ કહ્યું કે બંગાળ અને અદાણી તાજપુર પ્રોજેક્ટમાં સાથે કામ કરી રહ્યા છે. જેના માટે કેન્દ્રીય ગૃહમંત્રાલય તરફથી પણ સશર્ત મંજૂરી મળી ગઈ છે. ગૃહ મંત્રાલય, રક્ષા મંત્રાલયે અનેક સ્પષ્ટીકારણ માંગ્યા છે. હાલ અમારી સરકાર અને અદાણી સમૂહ આ મુદ્દાઓ પર સાથે કામ કરી રહ્યા છે. જે લોકોને જાણકારી નથી તેઓ સ્વાભાવિક છે કે આ રીતે બકવાસ કરશે. ૨૧ અને ૨૨ નવેમ્બરના રોજ કોલકાતામાં બંગાળ ગ્લોબલ બિઝનેસ સમિટ (BGBS) નું આયોજન થયું હતું. અહીં ગૌતમ અદાણી અને તેમના પુત્ર કરણ પહોંચ્યા નહતા. હવે સીએમ બેનર્જીએ શરૂઆતના ભાષણમાં તાજપુર પ્રોજેક્ટનો ઉલ્લેખ કરી નાખ્યો અને અનેક મોટા કારોબારી સમૂહોને તેની સાથે જોડાવવાનું આમંત્રણ પણ આપી દીધું.

સમાચાર છે કે વર્ષ ૨૦૨૧ બાદથી અત્યાર સુધીમાં અદાણી ને તેમના પુત્ર બેવાર સીએમ બેનર્જી સાથે મુલાકાત કરી ચૂક્યા છે. ડિસેમ્બર ૨૦૨૧માં અદાણીએ ટીએમસી સુપ્રીમો સાથે નાબન્નામાં લાંબી ચર્ચા કરી હતી.

# પાકિસ્તાનમાં ઘઉંનો લોટ ૮૮ અને ચોખા ૭૬ ટકા થયા મોંઘા

## ચા પત્તીની વાત કરીએ તો તેમાં ૫૩ ટકા, મરચા પાવડર ૮૧.૭૦ ટકા, ગોળ ૫૦.૮ ટકા અને બટાકા ૪૭.૯ ટકા મોંઘા થયા છે

। ઈસ્લામાબાદ, તા.૨૭ ।

પાકિસ્તાનની આર્થિક સ્થિતિ એટલી હદે કથળી છે કે લોકોને બે ટાઈમ જમવાનું મળવું પણ મુશ્કેલ બન્યું છે. પાકિસ્તાનમાં જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓના ભાવ આસમાને પહોંચ્યા છે. આ સાથે જ મોંઘવારી એટલી વધી છે કે, લોકોને જીવન જીવવું મુશ્કેલ બન્યું છે. પાકિસ્તાનમાં આ વીકમાં ફૂગાવાનો દર ૪૦ ટકાથી વધારે રહ્યો છે. તેનાથી સામાન્ય જનતાને મોંઘવારીનો માર સહન કરવો પડી રહ્યો છે.



પાકિસ્તાનના બ્યુરો ઓફ સ્ટેટિસ્ટિક્સે ફૂગાવાના આંકડા જાહેર કર્યા હતા. તે મૂજબ ૨૩ નવેમ્બરના રોજ પૂરા થયેલા વીકમાં મોંઘવારી દર ૪૧.૧૩ ટકા રહ્યો હતો. પાકિસ્તાનના અખબાર ડોનના જણાવ્યા અનુસાર, ગેસના ભાવમાં વધારો થવાને લીધે મોંઘવારી વધી છે. છેલ્લા એક વર્ષ દરમિયાન ૫ ાકિસ્તાનમાં ગેસના ભાવમાં ૧૧૦૦ રૂપિયાનો વધારો થયો છે.

પાકિસ્તાનમાં લગભગ દરેક વસ્તુના ભાવમાં વધારો જોવા મળી રહ્યો છે ત્યારે લોટના ભાવમાં ૮૮.૨ ટકાનો વધારો થયો છે. આ ઉપરાંત બાસમતી ચોખા ૭૬.૬ ટકા અને સાદા ચોખા ૬૨.૩ ટકા મોંઘા થયા છે. જો ચા પત્તીની વાત કરીએ તો તેમાં ૫૩ ટકા, મરચા પાવડર ૮૧.૭૦ ટકા, ગોળ ૫૦.૮ ટકા અને બટાકા ૪૭.૯ ટકા મોંઘા થયા છે. આ સાથે જ સિગારેટ ૯૪ ટકા અને ઘઉંનો લોટ ૮૮.૨ ટકા મોંઘો થયો છે. પાકિસ્તાનના મીડિયા અહેવાલ મૂજબ, લોટના ભાવ ૧૬૦ રૂપિયા હતા જે હવે ૮૮ ટકા મોંઘા થયા છે. તે જ રીતે ચોખાના ભાવ એક કિલોના ૧૪૬ રૂપિયા હતા તેમાં ૬૨ ટકાનો વધારો થયો છે.

ગત વીકની તુલનાએ ૨૫ જરૂરી ચીજવસ્તુઓના ભાવમાં વધારો થયો છે. રોજબરોજ ઉપયોગમાં આવતી ૧૩ વસ્તુઓના ભાવમાં ઘટાડો પણ જોવા મળ્યો છે. જે વસ્તુના ભાવમાં વધારો થયો, તેમાં ગેસના ભાવમાં ૪૮૦ ટકા, ચા પત્તીના પેકેટમાં ૮.૯ ટકા, ચિકનમાં ૪ ટકા, મીઠામાં ૨.૯ ટકા, ઘઉંના લોટમાં ૨.૬ ટકા અને બટાકાના ભાવમાં ૨ ટકાનો વધારો થયો છે.

## UAEનાં બિઝનેસમેને પ્રાઈવેટ જેટમાં દીકરીના લગ્ન કરાવ્યા

। નવી દિલ્હી, તા.૨૭ ।

UAEમાં રહેતા એક ભારતીય બિઝનેસ મેને પોતાની દીકરીના શાનદાર લગ્ન પ્રસંગનું આયોજન કર્યું હતું. આ ક્રિએટિવ ટેકનિકની દુનિયાભરમાં ચર્ચાઓ થઈ રહી છે. જેનો વીડિયો અત્યારે સોશિયલ મીડિયામાં ઘણો વાયરલ થઈ રહ્યો છે. આમાં લગ્ન પ્રસંગની ઉજવણી એક પ્રાઈવેટ જેટમાં થઈ રહી છે. આમાં વર-વધૂ હિન્દી સોન્ગ પર ડાન્સ કરતા પણ નજરે પડી રહ્યા છે. મીડિયા રિપોર્ટ્સ પ્રમાણે અને ટ્વિટરમાં અત્યારે આ વીડિયો ઘણો વાયરલ થઈ રહ્યો છે. જેમાં ભારતીય બિઝનેસમેન દિલીપ પોપલેએ ૨૪ નવેમ્બરના દિવસે દુબઈમાં એક પ્રાઈવેટ જેટેક્સ બોઈંગ ૭૪૭ વિમાનમાં પોતાની દીકરીના લગ્ન કરાવ્યા હતા. આ વાયરલ વીડિયોના શરૂઆતમાં મહેમાનો ડાન્સ કરતા નજરે પડી રહ્યા છે. ત્યારપછી વીડિયોમાં આગળ વિમાનનું ડેકોરેશન પણ વેડિંગ સ્ટાઈલમાં કરાયું છે. આ દરમિયાન વર તેના સસરા અને પિતાને ધન્યવાદ કહેતો પણ નજરે પડી રહ્યો છે.

## તંત્રી લેખ...

# હમાસની લશ્કરી પાંખના ભાગેડુ વડા પણ સામેલ

ખુબ ટૂંકા સમયમાં ઈઝરાયલ અને હમાસ વચ્ચેના સંઘર્ષ દરમિયાન ચાર દિવસના સંઘર્ષ વિરામમાં હમાસે ઈઝરાયલમાંથી અપહરણ કરેલા કેટલાક બંધકોને મુક્ત કરવાનું શરૂ કર્યાના ખબર આવ્યા છે. અપહૃતોના પરિવારજનોએ તેમના સ્વજનોની મુક્તિથી તેમને મળેલી રાહત વિશે વાત કરી છે. મુક્ત કરાયેલા અપહૃતોમાં વૃદ્ધ મહિલાઓ અને નાનાં બાળકોનો સમાવેશ થાય છે. હમાસે મુક્ત કર્યા બાદ આંતરરાષ્ટ્રીય રેડ ક્રૉસ સંગઠને આ તમામ લોકોને ગાઝામાંથી ઈજિપ્તમાં ખસેડયાં હતાં જ્યાંથી તેમને ઈઝરાયલ પહોંચાડી દેવામાં આવ્યાં છે. ઈઝરાયલે તેના કબજામાં રહેલા પેલેસ્ટાઈનના લોકોને વેસ્ટ બૅન્કના બૈટુનિયા ચેકપૉઈન્ટ ખાતે મુક્ત કર્યા હતા. આ પરિવારને તે જે ઘટનાના અને તેની યાતનાઓમાંથી પસાર થવાના આઘાતમાંથી બહાર કાઢીને તેમને ફરીથી ચેતનવંતો બનાવવાનો દૃઢનિશ્ચય કર્યો તે પણ આવકાર્ય છે. જે લોકોનું અપહરણ થયું છે, તે લોકો માત્ર પોસ્ટર કે સૂત્રો નથી, એ લોકો જીવતા મનુષ્યો છે અને એ અપહૃત લોકોના પરિવારો નવો પરિવાર છે. મધ્ય-પૂર્વ એશિયાના દેશ કતારે ઈઝરાયલ અને હમાસ વચ્ચે મધ્યસ્થી દ્વારા કરેલી સમજૂતી સિવાય હમાસે થાઈલૅન્ડ અને ફિલિપિન્સના નાગરિકને પણ મુક્ત કર્યા છે. કતાર દ્વારા કરવામાં આવેલી મધ્યસ્થી બાદ થયેલી સમજૂતી હેઠળ હમાસના કબજામાં રહેલા ઈઝરાયલના બંધકો સામે ઈઝરાયેલે પકડેલા પેલેસ્ટાઈનના લોકોની અદલાબદલી કરાશે. ઈઝરાયલમાં તા. ૭મી ઑક્ટોબર ૨૦૨૩એ હુમલા થયેલા અને એ માટે ઈઝરાયલ અનેક લોકો અને સંગઠનને જવાબદાર ગણે છે. એ હુમલામાં લગભગ ૧૨૦૦ લોકોનાં મોત થયાં હતાં અને લગભગ ૨૦૦થી વધુનું અપહરણ કરાયું હતું. કહેવાય છે કે, ઈઝરાયલ પરના હુમલામાં જે સામેલ રહ્યા છે એ તમામનું મોત નક્કી છે. આમાં હમાસની લશ્કરી પાંખના ભાગેડુ વડા પણ સામેલ છે. જે ૭મી ઑક્ટોબરના હુમલા પાછળના માસ્ટરમાઈન્ડ છે અને એ હુમલાને તેઓ એક મિલિટરી ઑપરેશન ગણાવે છે, એ હુમલાને નક્કી કરવામાં અને યોજના બનાવવા પાછળ યાહ્યાનું મગજ હોઈ શકે છે. જે ઈઝેદીન અલ-કાસમ બ્રિગેડનો જ ભાગ છે. ઈઝરાયલી માને છે કે હમાસ લીડર ઈસ્માઈલ હાનિયાહ પછીના સેકન્ડ-ઈન-કમાન્ડ છે, તેઓ ગાઝામાં સુરક્ષાકર્મીઓ સાથે કોઈ ટનલમાં છુપાયેલા છે. તેઓ ડરના લીધે કોઈ સાથે સંદેશાવ્યવહાર નથી કરી રહ્યા કેમ કે તેમનું સિગ્નલ ટ્રૅક થવાથી તેમનું લૉકેશન પકડાઈ શકે છે. ઈઝરાયલનાં સંરક્ષણ અને સુરક્ષા સંસ્થાનોમાંના ઘણા લોકો માને છે કે કેદીઓની અદલાબદલીના ભાગ રૂપે સિનવારને જેલમાંથી બહાર કાઢવા એ ઘાતક ભૂલ હતી. ઈઝરાયલીઓ માને છે કે, તેઓને સલામતીની ખોટી ભાવનામાં ફસાવવામાં આવ્યા હતા કે હમાસને આર્થિક પ્રોત્સાહનો અને વધુ વર્ક પરમિટો ઑફર કરીને યુદ્ધ માટેની એ લોકોની ભૂખને ઠારી દેવામાં આવશે. અલબત્ત, આ એક વિનાશક ખોટી ગણતરી હોવાનું બહાર આવ્યું. યારી પોતાની જાતને પેલેસ્ટાઈનને આઝાદ કરવાનારી વ્યક્તિ તરીકે જુએ છે. તેઓ ગાઝા માટે આર્થિક પરિસ્થિતિમાં સુધાર લાવવા કે સામાજિક સેવાઓ સુધારવા વિશે કામ કરનારી વ્યક્તિ તરીકે પોતાને નથી ગણતા. પણ ૨૦૧૫માં યુએસ સ્ટેટ ડિપાર્ટમેન્ટે સિનવારને 'વૈશ્વિક આતંકવાદી' તરીકે વર્ગીકૃત કર્યા હતાં.


## કારગિલમાં ઘૂસણખોરીને પણ પાકિસ્તાને કાશ્મીરી આતંકીઓની કરતૂત ગણાવી

જમ્મુ-કાશ્મીરના રાજૌરીમાં ૩૦ કલાકથી વધુ સમય સુધી ચાલેલી અથડામણમાં અંતે બે આતંકી માર્યા ગયા, પરંતુ આપણા પાંચ સૈનિકોએ તેમાં બલિદાન આપવું પડ્યું. તેમાં બે કેપ્ટન પણ છે. આ એક મોટું નુક્સાન છે. આપણા સુરક્ષા દળોને આ રીતે નુક્સાનનો વારંવાર સામનો કરવો પડે છે. એ ભૂલી ન શકાય કે લગભગ બે મહિના પહેલાં અનંતનાગનાં જંગલોમાં આતંકીઓ સાથે અથડામણમાં આપણા પાંચ સૈનિકો વીરગતિને પામ્યા હતા. તેમાં બે જવાનો સાથે કર્નલ, મેજર અને જમ્મુ-કાશ્મીર પોલીસના ડીએસપી પણ સામેલ હતા. રાજૌરી અથડામણમાં માર્યા ગયેલા આતંકીઓમાંથી એક લશ્કરનો કમાંડર છે. તે પાકિસ્તાની છે અને અફઘાનિસ્તાનમાં પ્રશિક્ષણ મેળવી ચૂક્યો છે. તેનો અર્થ છે કે પાકિસ્તાનથી આતંકીઓની ઘૂસણખોરી સતત ચાલુ છે અને ત્યાં તેમને પ્રશિક્ષણ પણ આપવામાં આવી રહ્યું છે. જો સીમા પાર હજુ પણ આતંકીઓની પ્રશિક્ષણ શિબિર ચાલી રહી છે તો તેનો મતલબ છે કે પાકિસ્તાન તેમને સંરક્ષણ આપવાનું બંધ નથી કરી રહ્યું. તેની પુષ્ટિ સેનાની ઉત્તરી કમાનના કમાંડર લેફ્ટેનન્ટ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદીના એ કથનથી થાય છે કે પાકિસ્તાન ન માત્ર વિદેશી આતંકીઓને જમ્મુ-કાશ્મીરમાં મોકલવાનો પ્રયાસ કરી રહ્યું છે, બલ્કે આતંકવાદી સંગઠનોમાં પોતાના સેવાનિવૃત્ત સૈનિકો ને પણ સામેલ કરી રહ્યું છે. પાકિસ્તાન આ કામ ન જાણે ક્યારથી કરતું આવ્યું છે. ભારત વિભાજન બાદ જમ્મુ-કાશ્મીરમાં કબીલાઈઓને વેશમાં જે હુમલો થયો હતો, તે વાસ્તવમાં પાકિસ્તાની સૈનિકો દ્વારા કરવામાં આવ્યો હતો. કારગિલમાં ઘૂસણખોરીને પણ પાકિસ્તાને કાશ્મીરી આતંકીઓની કરતૂત ગણાવી હતી, પરંતુ બાદમાં ખબર પડી કે તે પાકિસ્તાની સૈનિકો જ હતા. પાકિસ્તાન ભલે ભીખ માંગતું હોય, પરંતુ તેને ત્યાં આતંકના અડ્ડા પહેલાંની જેમ જ ચાલી રહ્યા છે. તે લશ્કર, જૈશ અને હિઝબુલ મુજાહિદ્દીન જેવા આતંકી સંગઠનોને પણ પહેલાંની જેમ જ પોષી રહ્યું છે. તે એવું એટલા માટે કરી રહ્યું છે, જેથી કાશ્મીર મુદ્દાને જીવિત રાખતાં પોતાની જનતાને ગુમરાહ કરી શકે. પાકિસ્તાનનું દુસ્સાહસ ત્યારથી વધ્યું છે, જ્યારથી તે આંતરરાષ્ટ્રીય સંસ્થા એફએટીએફના ગ્રે લીસ્ટમાંથી બહાર આવ્યું છે. પાકિસ્તાન પોતાની હરકતો છોડતું નથી, તેથી ભારતે એના પર ફરીથી વિચાર કરવો પડશે કે એના પર નવેસરથી દબાણ કેવી રીતે ઊભું કરી શકાય? આ કામ તેણે પોતાના જોરે જ કરવું પડશે, કારણ કે વિશ્વ સમુદાય અને વિશેષ રૂપે દુનિયાના પ્રમુખ રાષ્ટ્રો ઈઝરાયલ-હમાસ સંઘર્ષની સાથે સાથે રશિયા-યુક્રેન યુદ્ધમાં ગૂંચવાયેલા છે. પાકિસ્તાનની ભારત વિરોધી ગતિવિધિઓ એ જ દર્શાવે છે કે તેને સર્જિકલ સ્ટ્રાઈક અને પછી એર સ્ટ્રાઈકથી જે બોધપાઠ ભણાવ્યો હતો, તે તેને ભૂલી ગયું છે. આ સ્થિતિમાં તેને નવેસરથી પાઠ ભણાવવાની સાથે જ એવાં પણ પગલાં ભરવાં પડશે, જેનાથી આતંકીઓનો સફાયો કરવાના અભિયાનોમાં આપણા જવાનોએ ઓછામાં ઓછું જોખમ ઉઠાવવું પડે.

# આડેધડ વૈજ્ઞાનિક વિકાસને નામે થતા પ્રકૃતિ પરના અત્યાચાર સહન ન થાય ત્યારે તે બંડ પોકારે છે



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)




હેં ઈશ્વર.

આપનાં શ્રીચરણોમાં મારા સહ પરિવાર સાદર સાષ્ટાંગ પ્રેમ પ્રણામ. ગઈકાલે રાજ્યભરમાં માવઠું થયું અને મોટાભાગના વિસ્તારમાં કરા પણ પડ્યા રાજકોટ પાસે તો સ્નોફોલ પણ થયો, આમાં ખુશ થવું કે દુઃખી થવું? એ એક અસમંજસતા છે. પરંતુ બરફ પડ્યો ત્યારે તો મારા સહિત સૌને આશ્ચર્ય સાથે આનંદ જ થયો હશે! પણ આ માવઠાના પરિણામો બહુ ખરાબ આવશે એ પણ આપણે સૌ જાણીએ છીએ. ખેતરોમાં પાકી ગયેલો પાક ખળામાં લણાઈને રાખેલો પાક, મસાલાઓ માં જીરું ધાણા હળદર રાઈ મેથી, ઉપરાંત શાકભાજી અને ફળોની ખેતી કરનારા પણ ક્યારાઓ આટ આટલા પાણી ભરાઈ જવાથી મુંજાઈ ગયા હશે.

ટૂંકમાં આ બધું જ પલળી ગયું, એટલે સ્વાભાવિક રીતે જ એ હવે જેટલું ઉતરવું જોઈએ એટલું તો ન જ ઉતરે, અને ઉતરે એમાં પણ રોગ થવાની સંભાવના ખરી, એટલે એકંદરે વાતાવરણમાં ભળેલું પ્રદૂષણ આ રીતે આપણને નુકસાનકારક નીવડે! દિવસે ને દિવસે વસ્તી વધારો વધતો જ જાય છે, અને એને પહોંચી વળવા અન્ય ક્ષેત્રોમાં જેમ વિકાસને નામે ભેળસેળ કે ભ્રષ્ટાચાર થાય છે, વાતાવરણમાં ઝેરી વાયુ ઓ ઠલવાય છે,એમ ખેડૂતો પણ વધુમાં વધુ પાક લઈ શકાય, એટલે જમીનમાં જાતભાતના રસાયણિક ખાતર નાખે છે, અને જંતુનાશક દવાઓનો પણ પહેલા કરતા બહોળો ઉપયોગ કરે છે! એટલે દરેક સંધિકાળમા કે પછી અધવચ્ચે આવી રીતે માવઠું થાય છે, અને એ કેટલાયના જીવન તહેસનહેસ કરી નાખે છે. કેટલાય આ રીતે સર્વસ્વ પાણીમાં ડુબી જતાં આત્મ હત્યા પણ કરે છે. પણ શું થાય? આ આજના સમયની માંગ છે, અને એમાં આપણું જીવન સુરક્ષિત રાખવું, એ આપણાં જીવનની વાસ્તવિકતા છે. માવઠું એટલે કમોસમી વરસાદ, તો એને વિશે આજે ચિંતન કરીશું.

આપણે ત્યાં મુખ્ય ત્રણ ઋતુઓ છે શિયાળો ઉનાળો અને ચોમાસુ દરેક મુખ્ય ઋતુઓની પછી બે પેટા ઋતુઓ એટલે કે છ ઋતુઓથી આખું ચક્ર પૂરું થતું હોય છે શિયાળાની બે એટલે હેમંત અને શિશિર જેમાં ગુલાબીથી શરૂ કરી કાતિલ ઠંડી પડે છે. ઉનાળાની ઋતુ એટલે વસંત અને ગ્રીષ્મ જેમાં વધતી ઓછી ગરમી પડે છે, અને વૈશાખ એ તો જાણે અગનવર્ષા. ચોમાસાની ઋતુમાં વર્ષા અને શરદ એમ બી પેટા ઋતુઓનો સમાવેશ થાય છે. આ ઋતુમાં જો વર્ષા પ્રમાણસર ન થાય તો, અતિવૃષ્ટિ અને દુષ્કાળ જેવા પ્રકોપને સહન કરવો પડે છે. પરંતુ આ ઋતુચક્રમાં ફેરફાર થાય ત્યારે, પંચ મહાભૂતથી બનેલી પ્રકૃતિ જાણે બંડ પોકારતી હોય, તેમ ગમે તે ઋતુમાં ગમે તે થાય છે. હવે તો પ્રકૃતિમાં પ્રદૂષણની માત્રા એટલી બધી વધી ગઈ છે કે,એ પંચ મહાભૂતનું સંતુલિત રહેવું અશક્ય બની ગયું છે.એટલે આવી ઘટના છાશવારે થતી જોવા મળે છે. આ ઉપરાંત વાવાઝોડા, સુનામી, અતિ વૃષ્ટિ, દુષ્કાળ, અને ધરતીકંપ જેવી ઘટના પણ ઋતુચક્રના ફેરફારને કારણે જ થતી હોય છે. વાતાવરણમાં વાયુના સ્તર વિશે આપણે જાણીએ છીએ, એ જ રીતે પૃથ્વીના પેટાળમાં પણ સ્તરો આવેલા છે, અને એમાં ઉંચ નીચ થાય, એટલે કે સૌથી નીચે રહેલાં લાવાનાં તાપમાનમાં ફેરફાર થાય, કે પછી અન્ય કોઈ કારણસર એ પ્લેટ ખસે ત્યારે ભૂમિનું સંતુલન વિખરાઈ જાય છે, અને કુદરત બંડ પોકારે છે. આનું પણ આખું વિજ્ઞાન છે, બીએસસી એમએસસી આ વિષય સાથે થાય તેને ભૂસ્તરશાસ્ત્રી કહેવાય. નિશ્ચિત ગણતરી માંડીને કેટલે ઊંડે પાણી છે, અને એ પાણી ખારું છે કે મોળું કે મીઠું છે,અને પાણીનું વહેણ કંઈ તરફનું છે એની પણ જાણકારી આપે, ત્યાં સુધીની વાત આવાં અભ્યાસથી કહી શકાય છે. આપણા આડેધડ વૈજ્ઞાનિક વિકાસને નામે થતા પ્રકૃતિ પરના અત્યાચાર, પ્રકૃતિ એ સહન તો કરી લીધા, પરંતુ અતિશય થતાં તે બંડ પોકારે છે. પંચ મહાભૂતની બનેલી આ પ્રકૃતિનું બંડ પોકારવાનું એક કારણ પંચમહાભૂત માંથી બનેલા માનવ શરીરો અકારણ દુર્ઘટનામાં વધુ પડતાં મૃત્યુ થાય અને એનાં અગ્નિસંસ્કારની ક્રિયા એ માતા હોવાથી એનાથી અસહ્ય બન્યું હોય,એ પણ શક્ય છે.


દરેકે દરેક જીવ પણ પંચ મહાભૂત એટલે કે, અગ્નિ, પવન, જળ, પૃથ્વી,અને આકાશ એમ પંચ મહાભૂત માંથી બનેલો છે. પૃથ્વી પર જન્મ લઈને આવતા તેને પણ બાહ્ય પ્રકૃતિ જેવી જ એક આંતરિક પ્રકૃતિ પણ મળે છે. આ પમાંથી કોઈ પણ તત્વનું અસંતુલન થાય એટલે આંતરિક પ્રકૃતિમાં પણ જુદાજુદા સ્વરૂપે ઝંઝાવાત સર્જાય છે. દુન્યવી સંબંધો ઝંઝાવાતનુ મુખ્ય કારણ હોય છે. તો ક્યારેક કોઈ જરૂરિયાત કે પ્રાથમિક જરૂરિયાતની ચીજ વસ્તુઓનો અભાવ નું કારણ હોય, તો ક્યારેક સ્વજનના ઓચિંતાની વિદાયથી પણ ડગી જતાં દેખાય છે, અને ઈશ્વર માંથી તેની આસ્થા ઓછી થતી દેખાય છે. લાગણી કે પ્રેમમાં ખોટ વર્તાય, ત્યારે પણ અસંતુલન વધુ દેખાય છે, જેમકે પ્રેમીએ પ્રેમિકાને દગો દીધો, અથવા તો લગ્નોત્તર સંબંધની જાણ થઈ, કે પછી સંતાન માતા-પિતાને વૃદ્ધાશ્રમમાં મૂકી આવ્યો,કે પછી ભાઈ બહેનના સંબંધમાં કોઈ કારણસર મનમોટવ થયો, વિદ્યાર્થી કહેવાતી પરિક્ષાઓમાં નાપાસ થયો, આવા તો ઝીણા ઝીણા કેટલાય કારણો હોઈ શકે! જ્યારે આંતરિક પ્રકૃતિ અસંતુલન અનુભવે છે. એને પરિણામે ઉદાસી, ભય, ડર, ગુસ્સો, ચિંતા,કે નફરત થઈ શકે. શાંતિ વેરણછેરણ થાય, જીવન પ્રત્યે અસંતોષ રહે, અને આ બધા જ ભાવ અંધકારના હોવાથી આપણું જીવન પતન તરફ ગતિ કરે છે. સમાજ જે કષ્ટ ભોગવી રહ્યો છે, તે આપણી સામુહિક સંવેદનહીનતાનું પરિણામ છે, અને એને કારણે પ્રકૃતિએ બંડ પોકાર્યો છે. વસુંધરા એ સ્ત્રીલિંગ ધરાવે છે, અને એ હિસાબે પ્રકૃતિમાં થતા ફેરફાર કે પૃથ્વી પર ઘટતી ઘટનાઓની સીધી અસરથી સ્ત્રીનું મન પ્રભાવિત થાય છે. ઋતુચક્રનો અનુભવ સ્ત્રીથી વધુ કોણ કરી શકે!! કુદરતની એક અનન્ય રચના એટલે સ્ત્રી, અને જે માતા બનવાની ઉપલબ્ધિ મેળવવા માટે યુવાન થતાં જ ઋતુચક્રનાં સંતુલન,કે અસંતુલનને સહન કરતી હોય છે.

પ્રકૃતિમાં આ પંચમહાભૂત પોતાનું અલગ અલગ અસ્તિત્વ ધરાવે છે, અને એને કારણે એ જડ હોય છે. જ્યારે આ પાંચેયનો સંગમ થતા જીવની રચના થાય છે, અને તે જીવ સજીવ હોય છે. એટલે તે જડ હોવો ન જોઈએ, છતાં જડ બની તેણે કરેલા કેટલાય કર્મોનું આ ફળ છે. પરંતુ પ્રકૃતિને માતા કહેવામાં આવી છે, એટલે છોરું કછોરું થાય, પણ માવતર કમાવતર ન થાય, એ ન્યાયે તુ અમને માફ કરી અને ફરીથી સંતુલિત થઈ જા, જેથી કરીને જનજીવન સામાન્ય બની જાય. સમયનું ચક્ર એકધારુ ચાલે છે, શિયાળા પછી ઉનાળો, અને ઉનાળા પછી ચોમાસું, એમાં ક્યારેક જ મોસમ એટલે કે ઋતુચક્રનો બદલાવ એવી ઘટના ઘટતી હોય છે. ભોગી કહો, સંસારી કહો, પણ મોહ જાળમાંથી બહાર નીકળવું એ એટલું સહેલું નથી, તો અશક્ય પણ નથી. થોડા થોડા નાના નાના પ્રયત્નો અને પ્રયોગ કરી અને જીવનમાં બદલાવ લાવી શકાય, અને સંસારીની બદલે સંન્યાસીની ઉપલબ્ધિ સંસારમાં રહીને પણ મેળવી શકાય. આખા દિવસની દિનચર્યાને વારંવાર ચલચિત્રની જેમ જોવી પડશે, ક્યાં ક્યાં ભૂલ થાય છે, તેની મગજમાં નોંધ કરી અને ત્યાં સુધારો કરી શકાય, સતત આ રીતે નિરીક્ષણ કરી આત્મચિંતન કરીશું, તો બદલાવું અશક્ય નથી, અને એકવાર બદલાવ આવશે, પછી તો જીવનની ધારા નિર્મળ જ રહેવાની છે. જ્યાં દ્વેષ નથી, ભય નથી, ડર નથી, ચિંતા નથી, તણાવ નથી, કે પછી નથી કોઈ પ્રત્યે નફરત, ઈર્ષા, કે તિરસ્કાર નથી, જ્યાં સતત સત્ય પ્રેમ ને કરુણાના ભાવની મંદાકિની વહે છે, અને એ જ તો ધરતી પર અનુભવાતુ સ્વર્ગ છે, અને એ સ્વર્ગનો અધિષ્ઠાતા પરમ કૃપાળુ પરમાત્માનાં સાક્ષાત્કાર કરવા મંદિરોની મૂર્તિઓની બદલે જીવંત મૂર્તિ પૂજીએ, ત મૂર્તિ વધુ પ્રસન્ન થશે. હિન્દુ સંસ્કૃતિમાં આશીર્વાદનું ખૂબ જ મૂલ્ય છે, તો કોઈ અજાણ્યાને મદદ કરી તેના આશીર્વાદ મેળવીને જીવન સંતુલિત કરીએ.

# કર્મનું ફળ પ્રભુને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા



જય માતાજી,હવે નવા વર્ષની રફતાર શરૂ થશે.. આત્મા સો પરમાત્મા.. જીવ શિવ સાથે એકાત્મતા સાધે ત્યારે ધન્ય બને છે. જીવ જ્યાં જાય ત્યાં તેની પાછળ છ ચોરો પડેલા છેઃ કામ, ક્રોધ, લોભ મોહ, મદ અને મત્સર.આ વિકારો પાછળ આવે છે.આ વિકારોને વશ ન થઈ ઘરમાં રહે તો ઘર બાધક થતું નથી. આ ચોરો સામે ઊલટું ઘરમાં રહી આ શત્રુ ઓને જીતવાનું સહેલું છે. ગૃહસ્થાશ્રમના કિલ્લામાં રહીને લડવું એ ઉત્તમ છે.છ શત્રુઓ વન માં જાવ તો તમારી સાથે આવે છે અને પજવે છે. સુખી થવું હોય તો તમારી ઉંમરના ચાલીસમા વર્ષે સંસારને ધીરે ધીરે સંકેલવા લાગો અને એકાવન વર્ષે વનમાં જાવ. બ્રહ્માજી પ્રિયવ્રત રાજાને લગ્ન કરી ગૃહસ્થાશ્રમી થવાની સલાહ આપે છે.

વ્યવહાર કરો પણ એવી રીતે કરો કે, પુનર્જન્મનું બીજોરોપણ ન થાય.રાગ દ્વેષ વગર કરેલો વ્યવ હાર મનુષ્યને બંધનરૂપ થતો નથી. એવો જીવનમુક્ત પુરુષ શરીરના અભિમાનથી રહિત થાય છે, તેથી તેને બીજો દેહ મળતો નથી.

રાજા પ્રિયવ્રત લગ્ન કરી ગૃહસ્થા શ્રમી થયો. તેના પછી આગ્નિધ્ન ગાદી ઉપર આવ્યો. તે વનમાં તપ કરવા ગયો, ત્યાં એના ચિત્તમાં રહેલી પૂર્વજન્મની વાસના પૂર્વ ચિત્તિ વિઘ્ન કરવા આવી. ભોગવેલા વિષય-સુખનું સ્મરણ, મનમાં રહેલી સૂક્ષ્મ વાસના, પૂર્વનાં સંસ્કારો એ જ પૂર્વચિત્તિ છે. પૂર્વની વાસના જલદી છૂટતી નથી. ઈન્દ્રિયોને જે સુખ એક વખત આપ્યું તે ફરીથી માગશે. વિષયોમાં જ્યાં સુધી આકર્ષણ છે ત્યાં સુધી વિષયેચ્છાનો નાશ થતો નથી, પણ વિષયોનું આકર્ષણ ન રહે તો વિષયેચ્છાનો વિનાશ છે.સંસારના વિષયો જ્યાં સુધી ગમે છે ત્યાં સુધી આ છેવ જ્ઞાનભક્તિમાં આગળ વધી શકતો નથી. નિવૃત્તિ લઈ બેઠેલાનેયે પૂર્વચિત્તિ પજવે છે. માગ્નિધ્ન રાજા પૂર્વચિત્તિમાં ફસાયા છે.

આગ્નિધ્નને ઘરે થયા નાભિ અને નાભિના ઘેર ઋષભદેવ પુત્રરૂપે પ્રગટ થયા. ઋષભદેવ શનનો અવતાર હતા. પરમહંસોનું વર્તન કેવું હોય તે બતાવવા ભગવાને ઋષભદેવજી રૂપે જન્મ લીધો, ઋષભ એટલે સર્વશ્રેષ્ઠ.ઋષભદેવ જી વારંવાર ઉપદેશ કરે છે, માનવ જીવ ભોગ માટે નથી, તપ કરવા માટે છે. તપ અને સર્વમાં ઈશ્વરને નિહાળો. માનવ શરીર વિષયસુખો માં વેડફી નાખશો નહીં.

શાની પરમહંસોએ જગતમાં કેવી રીતે રહેવું જોઈએ તે બતાવવા ઋષભદેવજીએ સર્વ સંગનો કીગ કર્યો, સર્વનો ત્યજ કર્યો.ઋષભ દેવજી પાસે અનેક સિદ્ધિઓ આવેલી પણ તેમાં તેઓ ફસાતા નથી.ગૃહસ્થને પૈસોછોડવો કામ સુખ છોડવું એ અઘરું છે.પણ એનાથીયે અદમહાત્માઓ એ આ સિદ્ધિઓમાંથી છૂટવું તે છે જ્ઞાની મહાત્માઓને આ સિદ્ધિ ફસાવે છે. ઋષભદેવજી તો નગ્ન રીતે ફરે છે, ઊભા થાય છે, બળદની જેમ ભાજી આરોગે છે. કોઈ મારેતો માને શરીરને માર પડે છે.મને શું? હું કાંઈ શરીર નથી.શરીરથીઆત્મા જુદો છે. તે જાણે છે સાં પણ અનુભવે છે કોઈક.

નાળિયેરમાં કાચલી-કોપરું એક નથી છતાં નાળિયેરમાં જ્યાં સુધી પાણી છે ત્યાં સુધી કાચલી કોપરા ને છોડતી નથી.તેમ મનુષ્યમાં જ્યાં સુધી વિષયરસ છે, વિષયાસક્તિ છે ત્યાં સુધી શરીર અને આત્મા જુદાં છે તેનો અનુભવ થતો નથી. કાચલી એ શરીર અને કોપરું એ આત્મા છે. પાણી એ વિષયરસ છે. સંસારની કોઈ વસ્તુમાં સ્નેહ હોય ત્યાં સુધી શરીરથી આત્મા જુદો છે. એમ લાગતું નથી.

નામરૂપનો મોહ છૂટતો નથી, ત્યાં સુધી આત્મા શરીરથી જુદો છે એમ દેખાતું નથી.ઊલટો દેહા ધ્યાસ વધે છે.સંસારના જડપદાર્થો સાથે અતિ સ્નેહ કરવાથી જડાધ્યાસ પણ વધે છે.તપથી અંતઃકરણની જડશુદ્ધિ થાય છે,ને બ્રહ્મસુખ મળે છે. બ્રહ્મજ્ઞાનની વાતો કરે, પણ પૈસો અને પ્રતિષ્ઠા સાથે પ્રેમ કરે એ ખરો જ્ઞાની નથી. ખરો જ્ઞાની એ જ કે ઈશ્વર સાથે જ પ્રેમ કરે. ઈશ્વર વિના સંસારના જડ પદાર્થમાં સ્નેહ થાય તે આત્માને શરીરથી જુદો જોઈ શકે નહીં.હું શરીર નથી હું સર્વનો સાક્ષી ચેતનઆત્મા આનંદરૂપ છું,એવું બ્રહ્મ જ્ઞાન થયા પછી પણ તેને સંસારના વિષયો સાથે પ્રેમ હશે તો તેને બ્રહ્માનંદ મળશે નહીં. બ્રહ્મજ્ઞાન થયા પછી ઈશ્વરમાં પ્રીતિ થાય તો બ્રહ્માનંદ મળે છે, આથી જ્ઞાની પુરુષે કોઈપણ વસ્તુમાં સ્નેહ કરવો નહીં. કોઈપણ વસ્તુનો સંગ્રહ કરવો નહીં.જેઓ મૃત્યુરૂપ સંસાર માં ફસાયેલા બીજા લોકોને તારી ન શકે તેવો ગુરુ એ ગુરુ નથી, સ્વજન એ સ્વજન નથી, પિતાએ પિતા નથી અને માતાએ માતાનથી એટલે કે ગુરુ,સ્વજન,પિતા-માતા થવાને લાયક નથી.

જ્ઞાનની સાત ભૂમિકાઓ યોગ વશિષ્ઠ રામાયણમાં આ પ્રમાણે બતાવેલી છેઃ શભેચ્છા, સુવિચાર ણા,તનુ માનસા, સત્ત્વાપત્તિ, અસંસક્તિ. પદાર્થ ભાવિની, તુર્યગા શુભેચ્છા ક્ષોત્રીય અને બ્રહ્મનિષ્ઠ ગુરુને શરણે જઈ તેમનામાર્ગદર્શન પ્રમાણે આત્માનો સાક્ષાત્કાર કરવાની ઉત્કટ ઈચ્છા તે શુભેચ્છા. વચનોનો તથા શાસ્ત્રો નો વારંવાર વિચાર તે વિચા. સુવિચારણા સદગરએ નિદિધ્યાસનથી શબ્દાદિ વિષયોમાં અનાસક્તિ થાય અને સવિકલ્પ સમાધિમાં અભ્યાસ વડે બુદ્ધિની તનુતા-સૂક્ષ્મતા પ્રાપ્ત થાય છે. સત્ત્વાપત્તિ ઉપરના ત્રણ થી સાક્ષાત્કાર પર્યંતની સ્થિતિ એટલે નિર્વિકલ્પ સમાધિરૂપે સ્થિતિએ સત્ત્વા પત્તિ. જ્ઞાનની ચોથી ભૂમિકાવાળો પુરુષ બ્રહ્મ વિત્ કહેવાય છે. અસંસક્તિ ચિત્ત વિશે પરમાનંદ અને નિત્ય અપરોક્ષ એવી બ્રહ્માત્મ ભાવનાનો સાક્ષાત્કાર તે અસંસક્તિ. એમાં અવિદ્યા તથા તેનાં કાર્યોનો સંબંધ નથી. તેનું નામ અસંસક્તિ.પદાર્થ ભાવિનીઃ પદાર્થોની દૃઢ અપ્રતીતિ થાય છે તે.તુર્યગાઃત્રણ અવસ્થાથી મુક્ત,બ્રહ્માને જે અવસ્થામાં આત્મા રૂપે અખંડ જાણે તે અવસ્થા.

આ સાતમા પ્રથમ ત્રણ સાધન કોટિની છે. બાકીની ચાર જ્ઞાન કોટિની છે. ત્રણ ભૂમિકાઓ સુધી સગુણ બ્રહ્મનું ચિંતન કરો, જ્ઞાનની પાંચમી ભૂમિકાએ પહોંચતા જડ અને ચેતનની ગ્રંથિ છૂટી જાય છે અને આત્માનો અનુભવ થાય છે. આ ભૂમિકાઓ ઉત્તરોત્તર દેહનું ભાન ભૂલાતું જાય છે, અને છેવટે ઉન્મત્ત દશા પ્રાપ્ત થાય છે. ઋષભદેવજીએ આવી દશા પ્રાપ્ત કરેલી. જ્ઞાનીઓ પણ ઈન્દ્રિયોથી ડરે છે. તેઓ ઈન્દ્રિયો ઉપર વિશ્વાસ રાખતા નથી. મનનો વિશ્વાસ તો કદી પણ ન કરવો. બોલવાની ઈચ્છા જ ન થાય એટલા માટે ઋષભદેવજી પોતાના મોઢામાં પથરા રાખતા.

ઋષભદેવજી કર્ણાટકમાં આવ્યા. દાવાગ્નિમાં સમજપૂર્વક પ્રવેશ કર્યો. દેહ બળે છે, આત્માને કંઈ થતું નથી. આવી આત્મનિષ્ઠા એ પરમહંસો માટે છે. ઋષભદેવનું ચરિત્ર સામાન્ય માટે અનુકરણીય નથી.ઋષભદેવજી પછી તેમના પુત્ર ભરત ગાદી ઉપર બેઠા. જેના નામ પરથી આ દેશનું નામ ભરતખંડ પડ્યું છે. ભરતજીની કથા વર્તમાન કાળમાં વિશેષ ઉપયોગી છે. ભરતજી પરમ ભાગવત છે. તેના સંસર્ગમાં આવનાર સર્વમાં ભાગવત ભાવ જાગતો હતો. ભક્તિનો રંગ લાગતો હતો.

ભરતજીએ વ્યવહારની મર્યાદા કોઈ દિવસ છોડી નથી.ભરતજી મહાવૈષ્ણવ હતા,તો પણ યજ્ઞ કરતા હતા. અગ્નિ તો ઠાકોરજીનું મુખ છે.ભરતજી યજ્ઞો કરી તેનું પુણ્ય શ્રીકૃષ્ણના ચરણમાં અર્પણ કરતા. કર્મનું ફળ પ્રભુને અર્પણ કરવાથી કર્મનું અભિમાન રહેતું નથી. ઈશ્વરની સાથે ખૂબ પ્રેમ કરો તો જ કરેલાં કર્મનું પુણ્ય પરમાત્મા ને અર્પણ કરી શકો.પત્ની મહેનત વધુ કરે છે પણ તેનું ફળ આપે છે પતિને, તેમ ભક્ત પોતાના તમામ કર્મનું ફળ પ્રભુને સમર્પે છે.સકામ કર્મની ભાગવતમાં નિંદા કરી છે. સકામ કર્મમાં કંઈક ભૂલ થાય તો તેની ક્ષમા મળતી નથી.ભરત નિષ્કામ ભાવથી કર્મ કરતાં અને તેનું પુણ્ય શ્રીકૃષ્ણને અર્પણ કરતા.ભરતજી દરેક સત્કર્મની સમાપ્તિ વખતે બોલતા કે, આ કર્મથી મારા પ્રભુ પરમેશ્વર પ્રસન્ન થાઓ.આ કર્મની સાથે કાંઈ લેવાદેવા નથી.

એક દિવસ ભરતજીને જુવાનીમાં વૈરાગ્ય થયો. જુવાનીમાં વૈરાગ્ય આવે તે જ સાચો. ભક્તિ જુવાની માં જ થાય.વૃદ્ધાવસ્થામાં શરીરમાં શક્તિ ન હોય ત્યારે તમે ભક્તિ કરી શકશો નહીં. તપશ્ચર્યા યૌવન માં થાય તે ખરી.શરીર દુર્બળ થયું પછી બ્રહ્મચર્ય પાળે તો કોઈ અર્થ નથી. રામચંદ્રજી યુવાનીમાં વનમાં ગયા છે.વનવાસ વખતે રામજીની ઉંમર ૨૭ વર્ષની હતી અને સીતા જી ૧૮ વર્ષનાં હતાં.રામજીએ યુવાનીમાં રાવણને માર્યો. તમે પણ યુવાનીમાં રાવણને,કામને મારો. વૈરાગ્યની પરીક્ષા યુવાનીમાં થાય છે. જેની પાસે કાંઈ નથી તે ત્યાગ કરે તેનો કોઈ અર્થ નથી. જુવાનીમાં સંપત્તિ છે,સુખ છે છતાં વિષયમાં મન ન જાય તે ખરો વૈરાગ્ય.વૈષ્ણવ,સુખ સંપત્તિ, સ્ત્રી પુત્રાદિક આ બધું છે.પરંતુ આંખ બંધ થાય ત્યારે આમાંનું કાંઈ નથી. જન્મ પહેલાં જીવનાં કોઈ સગાં ન હતાં અને મૃત્યુ પછી કોઈ સગાં રહેવાના નથી.પ્રારંભમાં અને પરિણામમાં કોઈ નથી. આ વચ્ચે માયા ભરમાવે છે.

## સર્વોત્કૃષ્ટ ગૂંથણકળાથી માળો બનાવી માદાને રિઝવતો નર સુઘરી!



જેની લાઈફસ્ટાઈલ ક્રિએટિવિટી કરવાની હોય. કલાત્મક આશિયાનો બનાવાનો અદ્ભુત શોખ હોય! વૈશ્વિક સ્તરે પક્ષીઓની નાતમાં આર્કિટેક્ટ એન્જિનિયરની' આભા બનાવી હોય, ચતુરાઈપૂર્વક માળાનું સર્જન કરી શકે છે. મહેનત અને સલામતીનો સરવાળો ને સર્વોત્કૃષ્ઠ કલાકાર એટલેસુઘરી' તેનો માળો એવી જગ્યાએ બનાવે કે ત્યાં કોઈપણ નાગ કે બીજાં પ્રાણીને જવું અશક્ય હોય ત્યાં માળો બનાવે મોસ્ટ ઑફ ઊંચાં વૃક્ષોની ટંગલી ટોચે છેલ્લી પાતળી ડાળીએ મોરલી જેવો માળો બનાવે છે. બે ફૂટ કે તેનાથી વધુ ઊંચાઈવાળા માળા આ વખતે મને નિહાળવા મળેલ જેમાં બે ગોળાકાર, ગોળા વચ્ચે ભૂંગળી છેવાડે લાંબી ભૂંગરી જેથી ગોળાકાર ગોળામાં ઈંડાં મુકીને સેવીને બિન્દાસ્ત પોતાનાં બચ્ચાને મોટી કરી શકે. સુઘરીની આખી ઝૂલતી લટકતી કોલોની હોય ને તે સુઘરીઓ સમૂહમાં રહેવાનું પસંદ કરે છે. ચકલી કુળની આ સુઘરીની આમ રંગેરૂપે તદન ભિન્ન છે. પીળો, પોપટી, રંગ મોઢા પર ને ચાંચના ભાગે કાળાશને બાકી ચકલી જેવો રંગ પણ દેખાવમાં નયનરમ્ય લાગે. સમૂહમાં સુઘરીઓ ચીપ ચીપ કરતી જાય અને માળો ગૂંથતી જાય. માળામાં ભીની માટીનું લિપણ કરતી જાય ને લીલા ઘાસ કે ડાભના તંતુઓનો વિનિયોગ કરે છે. માળો બનાવતી વખતે મોજમાં મશગૂલ હોય છે. ચીવીઝપ ચીવીઝ સીટી વગાડતી જાય ને પોતાની ધારદાર ચાંચથી માળો ગૂંથતી જાય. પ્રથમ માળો લીલોછમ દેખાય છે, કારણ કે ઘાસ લીલું હોય છે. સમય જતાં માળો ખાખી રંગનો બની જાય છે. માળાની નીચેના ભાગે ગોળાકાર ટનલ પાસ કર્યા પછી અંદર ત્રણ ચાર ઈંચના ખાડાવાળા ભાગમાં ઈંડાં મૂકે છે. એક ખંડને તેની ઉપર દીવાનખંડ જેવો આરામ ખંડ આવો અદ્ભુત બે ભાગમાં વહેંચાયેલો વિશેષ માળો પક્ષી જગતમાં માત્ર સુઘરી જ બનાવી શકે છે. ઘાસની સુંદર ગૂંથણીમાંથી હવાની અવરજવર ખૂબ જ ઠંડક આપે છેપ! તેની કને એરકન્ડિશન ઝાખું લાગેપ! માળામાં બે કે ત્રણ ઈંડાં મુક્યા પછી માદાની અને બચ્ચાઓની દેખભાળની જવાબદારી નર નિભાવે છે.

## પોતાની મજાક પર તમે ખુલ્લા દિલથી હસી શકો છો ખરા?



બેનીન્ચી નામના ડિરેક્ટરની એક વિખ્યાત ઈટાલિયન ફિલ્મ આવી હતી, ફિલ્મનું નામ હતું "લાઈફ ઈઝ બ્યુટીફૂલ. ફિલ્મમાં યુદ્ધ જેવી વિષમ પરિસ્થિતિમાં પણ માણસ પોતાના પર કેટલું હસી શકે છે એની વાત કહેવામાં આવી છે. સામાન્ય રીતે માણસ બીજાઓની મજાક કરવામાં આનંદ માણતો હોય પરંતુ જ્યારે તેની મજાક કરવામાં આવે તો મોં ચઢાવીને બેસી જાય છે.

ફિલ્મમાં ઈટલીમાં રહેતો થોડો ચક્રમ યહૂદી હીરો ગીદો પાસે ખાસ પૈસો નથી, તેને બૂક સ્ટોલ ખોલવો છેપ ઘણી હાસ્યની પળો વચ્ચે ફિલ્મની ધનિક શિક્ષિત પ્રાધ્યાપક હીરોઈન દોરા મળે છે, બંને ભાગીને લગ્ન કરે છેપ તેમને ત્યાં જેસુએ નામનો દીકરો જન્મે છે. એક ડોક્ટર સહિત અનેક પાત્રો સાથેના હાસ્ય પ્રસંગ વચ્ચે હળવી લાગતી ફિલ્મમાં ત્રણેય સુખી જિંદગી જીવે છે, ત્યાં બીજું વિશ્ર્વયુદ્ધ ફાટી નીકળે છે.

જર્મનીઓ ગીદોને પકડે છે, ગીદો સાથે તેના પુત્ર જેસુએને પણ ટ્રેનમાં લઈ જાય છે. પત્ની દોરા પણ ટ્રેનમાં ચડી જાય છે. જેલમાં જર્મનીઓ વૃદ્ધો અને બાળકોને પહેલાં મારી નાખતા હતાં, આ કરુણ પરિસ્થિતિમાં હસતાં હસતાં ગીદો જાતજાતના કાર્ટુન જેવા ગતકડાં કરીને પુત્ર જેસુએને બચાવે છે. પુત્ર જેસુએ ઘરે જવાની જીદ કરે છે, તો ગીદો સમજાવે છે કે આ એક ગેમ છે. આપણે હજાર પોઈન્ટ કરીશું તો આપણને ટેક્ર ઈનામમાં આપવામાં આવશે. જેમતેમ કરીને કેદમાં ગીદો પુત્ર અને પત્નીને બચાવે છે, આ દરમિયાન હાસ્ય પણ સર્જાય છે. અમેરિકન સેના આ જેલ પર હુમલો કરે છે. જર્મનો ગીદોને મારી નાખે છે, અમેરિકન સૈન્ય બાળક જેસુએને બચાવીને ટેક્રમાં લઈ જાય છે, તો જેસુએ માને છે કે અમે હજાર પોઈન્ટ કર્યા એના બદલામાં અમે ટેક્ર જીત્યા છે. આ ફિલ્મ માટે કહેવામાં આવે છે કે, યુરોપમાં ફિલ્મના ડિરેક્ટર બેનીન્ચીની ખૂબ ટીકાઓ કરવામાં આવી હતી કે આટલી કરુણ પરિસ્થિતિમાં હાસ્ય કેવી રીતે ઉદ્ભવી શકે? એવી યાતનાઓ વચ્ચે કવિતા પણ ના લખી શકાય એ સંજોગોમાં ફિલ્મમાં હાસ્ય શા માટે? બેનીન્ચીએ કહ્યું હતું કે યહુદીઓ યાતનાઓ વચ્ચે પણ પોતાના પર હસી શક્તી પ્રજા છે. આ પ્રજાની વિશેષતા છે કે વિષમ પરિસ્થિતિ વચ્ચે પણ પોતાના પર હસી શકે છે. આપણે ત્યાં વારંવાર એક વાત કહેવામાં આવે છે કે ઈશ્ર્વરે માણસજાતને એક ગિફ્ટ આપી છે, હસવાનીપપણ આપણે હસવાનું ભૂલતા જઈએ છીએ એટલે ઈશ્ર્વરે બીજાઓને પણ આ ગિફ્ટ આપી છે. હકીકત અલગ છે, માણસને છોડતાં વાંદરા ય હસવાનું જાણે છે. વાંદરા ભૂલી જાય તો ઉંદરડા ય હસવાની કળા જાણે છે. કૂતરા અને બિલાડા પણ હસી લે છે. કદાચ બીજી અસંખ્ય પ્રજાતિઓ હસી શક્તી હશે, વાત એ છે કે આમાંથી પોતાના પર હસી શકે એવું કોણ? માનવને ઈશ્ર્વરે આપેલી આ અમૂલ્ય ભેટ છે. જે વ્યક્તિ સામાન્ય વાતચીત દરમિયાન પોતાના પર જ જોક કરે, પોતાની નિર્દોષ મજાક કરી શક્તો હોય એની ઈમેજ પોઝિટિવ વ્યક્તિ તરીકેની બનતી હોય છે, ચર્ચામાં છવાઈ જાય છે અને તેને સાંભળનારો અભિભૂત થઈ જાય છે.

સામાન્ય રીતે એવું માનવામાં આવે છે કે, પોતાના પર જે વ્યક્તિ હસી શકે છે એને કોઈ વ્યક્તિ અપમાનિત કરીને કે અન્ય રીતે દુ:ખી કરી શક્તા નથી. જે પોતાના પર જ હસતો હોય અથવા પોતાની ખામીઓ વિશે જાતે જ વાતો કરે એને દુ:ખી કેવી રીતે કરવાનો?

## સપ્તરંગી કંસારાનું યુગલ વન્યસૃષ્ટિનું ઉત્તમોત્તમ પક્ષી



તસવીરકળા સાર્વત્રિકને સમષ્ટિગત બની ગયું છેપ! નાનાથી મોટા તસવીરકાર છેપ!! કારણ કે દરેક મોબાઈલમાં કેમેરા અચૂક હોય છેપ!? 'જી. હા.' પણ મોબાઈલ કેમેરા અમુક લિમિટ સુધી ફોટોગ્રાફી પરફેકટ કરી આપે છે. પણ જો તમારે વાઈલ્ડ લાઈફ તસવીરો લેવી છે તો તેના માટે સારી કંપનીના કેમેરાને ટેલિલેન્સ ફરજિયાત જોઈએપ! 'હા' તેમાંય તમારે બર્ડઝ (પ ક્ષી)ની તસવીરો લેવી હોય તો ઓછામાં ઓછો ૬૦૦નો ટેલીલેન્સ તો જોએ. મેં આ કંસારા ટુક ટુક કપલની તસવીર ૬૦૦ના ટેલીલેન્સથી લીધી છેપ! કારણ કે કંસારો પક્ષી ત્રણેક ઈંચનું હોય ને તમે પચ્ચાસ ફૂટ દૂર હોય તો જ આસાનીથી આ તસવીર લઈ શકો જો નજીકતી તસવીર લેવાનો પ્રયાસ કરો તો તે ચબરાક હોય એટલે ઊડી જાય. આ વાત થઈ તસવીરકળાની આજે આપણે 'કંસારો' જેને ટુક ટુક પણ કહે છે.

નાના કદનું પક્ષી છે પણ રૂપ જોબન ઐશ્ર્વર્ય અપાર છે. કલરફુલ પક્ષી આપણને જોતાવેંત ગમી જાયપ! કંસારો પક્ષી બહુ ઓછી માત્રામાં નિહાળવા મળે અને ખાસ કરીને જંગલમાં વધુ રહે તે ઘટાટોપ પાંદડાવાળા વૃક્ષમાં લપાઈ છુપાઈને રહે છે. તેના પર ચળકતા રંગો ખૂબ જાજરમાન બનાવે છે. માથા પર શોભતા ચળકતા રંગોના કારણે ખૂબ જ પ્રખ્યાત છે. તેના ગળામાંથી નીકળતો ટુક-ટુક અવાજ તેની આગવી ઓળખ છેપ આ આવા જ એ તાંબા- પિત્તળના વાસણ બનાવતા કારીગર (કંસારા) દ્વારા સતત હથોડી ટીપવાથી થતાં અવાજ જેવો જ હોય છે.!? જેથી તેને આ નામ મળ્યું હશેપ!? આ કંસારો મોટેભાગે ભારતીય ઉપમહદ્વીપ અને અગ્નિ એશિયામાં જોવા મળે છે. તે બગીચાઓ કે ઓછી વસ્તીવાળા જંગલો અને ગાઢ જંગલોમાં જોવા મળે છે.

આ પક્ષી મોટે ભાગે વડના ટેટા, પીપળાના ફળો, અંજીર અને અન્ય જંગલી ફળો પર આધાર રાખે છે. ગુજરાતમાં વાંદો નામથી ઓળખાતી પરોપ જીવી વનસ્પતિના ફળ ખાસ આરોગે છે. ક્યારેક જીવજંતુઓ ખાતા પણ જોવા મળે છે. આ પક્ષીના સંવનનકાળમાં ઘણી વિવિધતા જોવા મળે છે. સંવનન સમયમાં નર મધુર સંગીત રેલાવે છેપ! પોતાનું ગળું ફુલાવે છે! માથું નીચે કરીને માદાને સંકેત આપે છેપ! અને આકર્ષિત કરવા પ્રયાસ કરે છે. નર અને માદો બંને મળીને માળો બનાવે છે. તે ઝાડની બખોલમાં માળા બાંધે છે. ત્રણ કે ચાર ઈંડા મૂકે છે. ઈંડાનો સેવનકાળ લગભગ બેથી અઢી અઠવાડિયાનો માનવામાં આવે છેપ! નર, માદા બંને મળીને ઈંડા સેવે છે.

## સસ્તી ફલાઇટ ટિકિટ મેળવવાની લાલચે તોડ્યા સેંકડોના સપના



ગૂગલ, ફેસબુક, ઈન્સ્ટાગ્રામ અને વોટ્સએપ પર એકની એક ઑફર મળે તો સામાન્ય માણસ એને સાચી માનતો થઈ જાય. એમાંય એનો મોટો ફાયદો દાઢ સળકયા વગર ન જ રહે.

આ કાલ્પનિક નહીં પણ વાસ્તવિક વર્ણન છે. હકીકતમાં કોઈને ખબર નહોતી કે આ બધા સોશિયલ મીડિયા પર પૈસા ચૂકવીને જાહેરખબર અપાઈ હતી. અલબત્ત, સોશિયલ મીડિયાએ ઑફર કે એની જાહેરખબર આપનારાની સચ્ચાઈની ચકાસણી કરી હોત તો ઘણાં છેતરપિંડીનો ભોગ બનતા બચી ગયા હોત અને તેમણે મોટી રકમ ગુમાવવાનો વારો આવ્યો નહોત. સાથોસાથ તેમને અમુક પ્રોગ્રામ કે સપનાનો કચ્ચરઘાણ ન વળી ગયો હોત.

હકીકતમાં એક કોલ સેન્ટર દ્વારા સસ્તા ભાવની એર ટિકિટ આપવાની ઑફરને લીધે ઘણાં લાલચમાં આવી ગયા હતા. આ રીતે માત્ર ભારત જ નહીં, અમેરિકા અને કેનેડા સહિતના દેશના નાગરિકોએ ટિકિટ બુક કરાવી હતી. ટિકિટ કેવી રીતે બુક થઈ એ સમજવા જેવું છે. કોઈ પણ સોશિયલ મીડિયાની જાહેરખબર તમે વાંચો તો વિવિધ સ્થળ અને દેશની વિમાનની ટિકિટના ઓછા ભાવ જાણીને મોઢામાં પાણી આવી જાય. તમે કોઈ પણ ટિકિટ બુક કરાવો એટલે ઘરે ટિકિટ આવી જાય. સાથોસાથ એર-ટિકિટનું બિલ પણ આવી જાય. ટિકિટ જોઈને કોણ બિલ ન ભરે! પૈસા ચૂકવ્યા બાદ તમે સસ્તામાં એર-ટિકિટ મેળવી લીધાના હરખ સાથે ફલાઈટ ઉડવાના દિવસની મીઠી પ્રતીક્ષા કરો. પછી એવું બને કે આ કોલ સેન્ટર તરફથી તમારા મેઈલના જવાબ ન મળે. મોબાઈલ ફોન ન ઉપાડાય. બધા સંપર્ક સંપૂર્ણપણે કટ-ઑફ થઈ જાય. સમય આવ્યે ખબર પડે કે મોકલાયેલી એર-ટિકિટ નકલી હતી. એના પર વિમાનમાં ઉડવા તો ઠીક એરપોર્ટની અંદર પગ મૂકવા ય ન મળે. સસ્તાની લાલચમાં મોટી રકમ ગુમાવવાનો વારો આવ્યો. હવે શું થઈ શકે? માત્ર પોલીસમાં ફરિયાદ. મુંબઈ પોલીસની ક્રાઈમ બ્રાંચે અંધેરીના મરોલમાં દરોડો પાડીને એક બોગસ કોલ સેન્ટર પકડી પાડ્યું હતું. ત્યાંથી ૨૮ લેપટોપ, ૪૦ મોબાઈલ ફોન, બે રાઉટર અને અમુક દસ્તાવેજો સહિત રૂ. ૭.૨૫ લાખની માલમતા જપ્ત કરી હતી.

## BOLLYWOOD NEWS FLASH

**રાજ કપૂર, રાજેન્દ્ર કુમાર અને વૈજંતિમાલાને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી આ ફિલ્મ ૩ કલાક અને ૫૮ મિનિટની છે**


### બોલિવુડમાં એવી ફિલ્મો પણ બની છે જેને દર્શકોને જોતા જોતા થકાવી નાંખ્યા

| મુંબઈ, તા.૨૭ |

હિન્દી સિનેમાના ઈતિહાસમાં બેનમૂન ફિલ્મો બની છે, જેને દર્શકોએ જકડી રાખ્યા છે. આ ફિલ્મો સુપ રડુપર હીટ, અને બ્લોકબસ્ટર સાબિત થઈ છે. કેટલીક ફિલ્મો એવી છે જે લાંબા સમય સુધી થિયેટર પર ચાલી હોય. પરંતુ બોલિવુડની કેટલીક ફિલ્મો એવી પણ છે જેને લાંબામાં લાંબી ફિલ્મોનો ખિતાબ મળ્યો છે. બોલિવુડમાં એવી ફિલ્મો પણ બની છે જેને દર્શકોને જોતા જોતા થકાવી નાંખ્યા છે. આ ફિલ્મો એટલી લાંબી બનાવાઈ છે કે, કેટલાક તો તેને જોતા જોતા સૂઈ જાય. અથવા બે ભાગમાં જોવાનું પ સંદ કરે. રાજ કપૂર, રાજેન્દ્ર કુમાર અને વૈજંતિમાલાને મુખ્ય ભૂમિકામાં ચમકાવતી આ ફિલ્મ ૩ કલાક અને ૫૮ મિનિટની છે. આ ફિલ્મ બાળપણના ત્રણ મિત્રોની વાર્તા કહે છે જે જીવનના મુશ્કેલ તબક્કે છે. આ ફિલ્મ તેના સમયની સૌથી મોટી હિટ ફિલ્મોમાંની એક હતી અને રસપ્રદ વાત એ છે કે આટલા લાંબા સમય સુધી ચાલનારી તે પ્રથમ હિન્દી ફિલ્મોમાંની એક હતી. રાજ કપૂરની વધુ એક ફિલ્મે બોલિવૂડની સૌથી લાંબી ફિલ્મોની યાદીમાં જગ્યા બનાવી લીધી છે. ૧૯૭૦ ની આ ફિલ્મ ૩ કલાક અને ૪૪ મિનિટ લાંબી હતી અને રાજ કપૂરે તેમાં દિગ્દર્શકની ભૂમિકા ભજવી હતી. આ ફિલ્મમાં રાજ કપૂર, મનોજ કુમાર, સિમી ગરેવાલ, ઋષિ કપૂર, ધર્મેન્દ્ર, દારા સિંહ અને રાજેન્દ્ર કુમાર જેવા કલાકારો છે. આ ઈમોશનલ ડ્રામા રાજ કપૂરની શ્રેષ્ઠ કૃ તિઓમાંની એક ગણાય છે. આ પીરિયડ ડ્રામામાં આમિર ખાન, રઘુવીર યાદવ, ગ્રેસી સિંહ, કુલભૂષણ ખરબંદા અને રાજેન્દ્ર ગુપ્તા જેવા કલાકારોની મહત્વની ભૂમિકા છે. આશુતોષ ગોવારિકર દ્વારા નિર્દેશિત આ ફિલ્મ ૩ કલાક ૪૪ મિનિટ લાંબી છે. શાહરૂખ ખાન, અમિતાભ બચ્ચન અને ઐશ્વર્યા રાય અભિનીત આ ફિલ્મમાં ઉદય ચોપરા, જુગલ હંસરાજ, શમિતા શેટ્ટી, જીમી શેરગિલ, પ્રીતિ ઝાંગિયાની અને કિમ શર્મા પણ મુખ્ય ભૂમિકામાં છે. આ ફિલ્મનો સમયગાળો ૩ કલાક અને ૩૬ મિનિટનો છે, જે તેને બોલિવૂડની સૌથી લાંબી ફિલ્મોમાંની એક બનાવે છે. સલમાન ખાન અને પ્રિયંકા ચોપરા અભિનીત આ ફિલ્મ ૩ કલાક ૩૬ મિનિટની છે અને તે બંનેની સૌથી લાંબી હિન્દી ફિલ્મ છે. ૨૦૦૭ની ફિલ્મ રિચાર્ડ કર્ટિસની લવ એક્ચ્યુઅલીની બિનસત્તાવાર રીમેક છે. શાહરૂખ ખાન, રાની મુખર્જી, અભિષેક બચ્ચન અને પ્રીતિ ઝિન્ટા અભિનીત આ ફિલ્મ દેવ અને માયાની વાર્તા કહે છે, જેઓ તેમના સંબંધોની બહાર પ્રેમ શોધે છે.

## મિત્રોએ ૨ વખત કર્યો મારવાનો પ્રયાસ : ઓરી

| મુંબઈ, તા.૨૭ |



છેલ્લા કેટલાક સમયથી સેલિબ્રિટી બની ગયેલો ઓરી બિગ બોસ ૧૭ ના ઘરમાં એન્ટ્રી કરી ચૂક્યો છે. ઓરી કોણ છે અને તે શું કરે છે તે સામાન્ય લોકો માટે મોટો પ્રશ્ન છે. ઓરી છેલ્લા ઘણા સમયથી ચર્ચામાં છે તેનું કારણ છે બોલીવુડ સેલિબ્રિટીઝ તેના બેસ્ટ ફ્રેન્ડ છે. ખાસ કરીને આજના સમયમાં સ્ટાર કિડ્સ ઓરીના મિત્રો છે અને દરેક પાર્ટીમાં ઓરી સેલિબ્રિટી બનીને એન્ટ્રી કરે છે. જોકે ઓરી કોણ છે અને એવું તે શું કામ કરે છે જેના કારણે સ્ટાર કિડ્સ તેના બેસ્ટ ફ્રેન્ડ છે તે જાણવા માટે દરેક વ્યક્તિ ઉત્સુક છે. ઓરીએ પોતાની આ પ્રખ્યાતીના કારણે બિગ બોસ ૧૭ માં પણ વાઈલ્ડ કાર્ડ એન્ટ્રી કરી છે. બિગ બોસના ઘરમાં એન્ટ્રી કરતા પહેલા શોના હોસ્ટ સલમાન ખાન સાથે તેણે વાતચીત કરી હતી અને તેમાં પાર્ટીથી લઈને તેની પર્સનલ લાઈફને લઈને ઓરીએ એવા ખુલાસા કર્યા કે જેના વિશે સાંભળીને સલમાન ખાન પણ કંટ્રોલ કરી શક્યો નહીં અને ખડખડાટ હસી પડ્યો. ઓરીએ પોતાના ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તેના કેટલાક મિત્રો તેને ધક્કા મારી રહ્યા છે અને ઓરી ડાન્સ કરે છે. જ્યારે આ વીડિયો ક્લિપ વિશે સલમાન ખાન પૂછે છે તો ઓરી ખુલાસો કરે છે કે કેવી રીતે તેના મિત્રોએ તેને મારી નાખવાનો પ્રયત્ન કર્યો હતો. ઓરીએ કહ્યું હતું કે એક વખત હેલોવીન પાર્ટીમાં ડાન્સ કરતી વખતે તેના મિત્રો તેને ધક્કા મારવા લાગ્યા હતા. આ રીલ વાયરલ પણ થઈ હતી અને તે પડી ગયો હતો. જે જગ્યા પર આ ઘટના બની ત્યાં એક બારી પણ હતી જો તે નીચે પડી ગયો હોત તો તેનો જીવ પણ જતો રહ્યો હોત.

**એક્ટ્રેસમાંથી સ્પોર્ટ્સ રિપ્રેઝન્ટેટર બનેલી મંદિરા બેલીએ ઈન્સ્ટાગ્રામ સ્ટોરીમાં એક લાંબી નોટ શેર કરી હતી**

### એનિમલથી લઈ ડંકી તથા અન્ય ૫ ફિલ્મો ડિસેમ્બરમાં થશે રિલીઝ

| મુંબઈ, તા.૨૭ |

ડિસેમ્બરની શરુઆત વર્ષની સૌથી મોટી બ્લોકબસ્ટર ફિલ્મ સાથે થશે. રણબીર કપૂર, રશ્મિકા મંદાના, બોબી દેઓલ અને અનિલ કપૂર અભિનીત આ ફિલ્મે તેના ટ્રેલરથી ઈન્ટરનેટ પર ધૂમ મચાવી હતી. સંદીપ રેડ્ડી વાંગા દ્વારા નિર્દેશિત ફિલ્મને જોવા માટે લોકોમાં ભારે ઉત્સુકતા છે. રણબીર કપૂરની આ ફિલ્મ ૧ ડિસેમ્બરે રિલીઝ થશે. જનરલ સેમ માણેકશાની બાયોપિક પણ ૧ ડિસેમ્બરે રિલીઝ થશે. મેઘના ગુલઝાર દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં વિકી કૌશલ, ફાતિમા સના શેખ અને સાન્યા મલ્હોત્રા જોવા મળશે. ઝી સ્ટુડિયો દ્વારા નિર્મિત મનોજ બાજપેયીની સર્વાઈવલ ડ્રામા ફિલ્મ જોરમ ફિલ્મ ફેસ્ટિવલમાં વિજેતા બની છે. આ ફિલ્મ દર્શકોને ઈમોશનલ કરી દેશે. આ ફિલ્મ ૮ ડિસેમ્બરે વિશ્વભરમાં રિલીઝ થશે. વર્ષનો અંત શાહરૂખ ખાનની શાનદાર ફિલ્મ ડંકી સાથે થશે. આ એક રસપ્રદ વિષય પર આધારિત ફિલ્મ છે. રાજકુમાર હિરાની દ્વારા નિર્દેશિત આ ફિલ્મમાં તાપસી પન્નુ અને વિકી કૌશલ પણ છે. આ ફિલ્મ ૨૨મી ડિસેમ્બરે રિલીઝ થશે. પ્રભાસની આ ફિલ્મને લઈને ચાહકોમાં ભારે આતુરતા છે. ફિલ્મનું પ્રમોશન જોરશોરથી ચાલી રહ્યું છે. ફિલ્મ સાલાર ૨૨ ડિસેમ્બર ૨૦૨૩ના રોજ સિનેમાઘરોમાં રિલીઝ થશે.






**અભિનયની સાથે સાથે આ કલાકારો જુદી જુદી ફિલ્ડમાં હાથ અજમાવતા હોય છે, ઘણા સફળ કલાકારો વ્યવસાયિક રીતે પણ ખૂબ સફળ છે**

### એક પણ ફિલ્મ ના મળે તોય સિતારાઓ કરે છે તગડી કમાણી



| મુંબઈ, તા.૨૭ |

બોલિવુડ એકટર મોટા આલિશાન ઘરમાં રહેતા હોય છે, સિતારાઓની જીવનશૈલીને લોકો ફોલો કરવા માગતા હોય છે. તમને ખબર છે કે આવી જીવનશૈલી જીવવા માટે તેઓ કયા કયા કામ કરે છે, અભિનયની સાથે સાથે આ કલાકારો જુદી જુદી ફિલ્ડમાં હાથ અજમાવતા હોય છે. ઘણા સફળ કલાકારો વ્યવસાયિક રીતે પણ ખૂબ સફળ છે. આ લોકો બિઝનેસમાં માં કરોડો રૂપિયા કમાય છે. શાહરૂખ ખાન, શિલ્પા શેટ્ટીથી લઈને ગ્લોબલ સ્ટાર પ્રિયંકા ચોપરા આ લિસ્ટમાં સામેલ છે. શાહરૂખ ખાન : બોલિવુડના કિંગ શાહરૂખ ખાન ન માત્ર જબરદસ્ત અભિનેતા છે પરંતુ ખૂબ સફળ બિઝનેસમેન છે. શાહરૂખ IPL માં ક્રિકેટ ફ્રેન્ચાઈઝી કોલકાતા નાઈટ રાઈડર્સના સહ માલિક છે. વર્ષ ૨૦૦૮માં શાહરૂખે અભિનેત્રી જૂહી ચાવલા સાથે કોલકત્તા નાઈટ રાઈડર્સની સહ સ્થાપના કરી હતી. શાહરૂખ-જૂહી ખૂબ સારા મિત્રો છે. કરોડોના ટર્નઓવર સાથે KKR આઈપીએલની ધનિક ટીમોમાંથી એક છે. આ સાથે શાહરૂખ મોશન પિક્ચર પ્રોડકશન ફર્મ રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટના કો ચેરમેન પણ છે. રેડ ચિલીઝ એન્ટરટેઈનમેન્ટ ફિલ્મ નિર્માણ કંપની છે જે અન્ય સ્ટુડિયો અને ફિલ્મ નિર્માતાઓને VFX અને એનિમેશન સેવા આપે છે. શિલ્પા શેટ્ટી : શિલ્પા શેટ્ટી પતિ રાજ કુંદ્રા સાથે જુદા જુદા બિઝનેસમાં જોડાયેલી છે. શિલ્પા મુંબઈમાં 'મોનાર્કો કલબ'ની માલિક છે. તે સાથે સાથે LOSIS સ્પા અને સલૂન ચેઈનની પાર્ટનર છે. શિલ્પા અને તેનો પતિ રાજ કુંદ્રા IPLમાં રાજસ્થાન રોયલ્સ ટીમના માલિક હતા પરંતુ વર્ષ ૨૦૧૮માં સુપ્રીમ કોર્ટે તેમના વિરુદ્ધ ચુકાદો આપતા ફ્રેન્ચાઈઝી વેચી મારી. અનુષ્કા શર્મા : અનુષ્કા શર્માએ થોડા વર્ષો પહેલા 'નુશ' નામની કલોથની ચેઈન શરૂ કરી. આ સાથે અનુષ્કાએ તેના ભાઈની સાથે મળીને પ્રોડકશન હાઉસ શરૂ કર્યું. આ પ્રોડકશન હાઉસે 'NH 10', 'ફિલ્લોરી' અને 'પરી' જેવી ફિલ્મોનું નિર્માણ કર્યું. આ પ્રોડકશન હાઉસની વેબસિરીઝ 'પાતાલ લોક' લોકોને ખૂબ પસંદ આવી.



સંતોષ જોશી બૂરોઈન ચીફ સંતરામપુર, તા.૨૭

સંતરામપુર એસટી ડેપો ખાતે ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી ડોક્ટર કુબેરભાઈ ડીંડોર ના અધ્યક્ષતા અને માર્ગદર્શન હેઠળ સંતરામપુર નગર ચીફ ઓફિસર શ્રી દિપસિંહ હઠીલા ડેપો મેનેજરશ્રી એસ ટી વિભાગના કર્મચારી ભાઈઓ, તથા પ્રમુખશ્રી બળવંતભાઈ પટેલિયા નગર પ્રમુખ શ્રી સંદીપભાઈ, જિલ્લા એસ.સી મોરચાના પ્રમુખશ્રી દીપક ચાવડા, તાલુકા પંચાયતના સભ્ય શ્રી હરેશભાઈ મંડળ મહામંત્રી શ્રી  છગનભાઈ માલ, નીતિનભાઈ રાણા અને મોટી સંખ્યામાં પાર્ટીના કાર્યકર્તા ભાઈઓ મહિલા મોરચાની બહેનો સાથે સમૂહ સફાઈ નો કાર્યક્રમ યોજાયો. સાથે આદિવાસીઓના ભગવાન પૂજ્ય બિરસા મુંડાની પ્રતિમાની પણ સફાઈ મંત્રી શ્રી મારફતે કરી પુષ્પાંજલિ કરવામાં આવી મા. મંત્રીશ્રીએ સૌને સફાઈનું મહત્વ સમજાવ્યું, સાથે સફાઈ કામદારોને મળીને ઉત્સાહિત અને પ્રોત્સાહિત કર્યા હતા.

## દેવદિવાળીના દિવસે સ્ટેચ્યુ ઓફ યુનિટી મુલાકાતીઓ માટે ખુલ્લુ રાખવામાં આવ્યું

### ૨૮ નવેમ્બર મંગળવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના પ્રકલ્પો બંધ રહેશે



। રાજપીપળા, તા.૨૭ ।

પ્રવાસીઓની લાગણી અને માંગણીને ધ્યાને લઈ ૨૭ નવેમ્બરના રોજ એટલે કે સોમવારે દેવદિવાળી અને ગુરૂનાનક જયંતી હોવાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી (SOU) મુલાકાતીઓ માટે ખુલ્લું રાખવાનો નિર્ણય લેવામાં આવતા આજે SOU પ્રવાસીઓ માટે ખુલ્લું રાખવામાં આવ્યું હતું

સ્ટેચ્યુ પર વરસાદી માહોલ હોવાથી આહલાદક વાતાવરણ ની પ્રવાસીઓએ મઝા માણી હતી.આવતીકાલે ૨૮મી SOU બંધ રહેશે. સોમવારે સ્ટેચ્યુ ઓફ યુનિટી અને તેને સંલગ્ન તમામ પર્યટન સ્થળોએ પ્રવાસીઓને પ્રવેશ આપવામાં આવ્યો હતો. પ્રવાસીઓની લાગણી અને માંગણીને ધ્યાને લઈને સ્ટેચ્યુ ઓફ યુનિટી તંત્ર દ્વારા આ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. તેના બદલે ૨૮ નવેમ્બર મંગળવારનાં રોજ સ્ટેચ્યુ ઓફ યુનિટી અને સંલગ્ન પ્રવાસીય પ્રોજેકટ પર જાહેર રજા રહેશે. આ વખતે લોકોને શનિ. રવિની સાથે સોમવારે પણ દેવદિવાળી અને ગુરૂનાનક જયંતી હોવાને લીધે ૩ દિવસની લાંબી રજા મળતી હોવાથી સ્ટેચ્યુ ઓફ યુનિટી તેને સંલગ્ન અન્ય પ્રોજેકટો. નર્મદા ડેમ સહિતના આકર્ષણો નિહાળવા મોટી સંખ્યામાં પ્રવાસીઓ ઉમટી પડવાની ધારણા વ્યક્ત કરવામાં આવી રહી છે.

## સરકારની વિવિધ યોજનાઓનો લાભ જન-જન સુધી પહોંચાડવાનો મક્કમ નિર્ધાર



। પંકજ પંડિત ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ તાલુકાના લીલવાઠાકોર ગ્રામ પંચાયત ખાતે વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ હતી. કેન્દ્ર અને રાજ્ય સરકારની તમામ યોજનાઓથી લોકો માહિતગાર બને અને વધુમાં વધુ લાભ લે તેવા હેતુસર યોજાયેલ સંકલ્પ યાત્રા રથનું ઉષ્માભેર સ્વાગત કરાયું હતું.

વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજ્યમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'નો રથ દાહોદ જિલ્લામાં પરિભ્રમણ કરી રહ્યો છે.

છેવાડાનો નાગરિક વિકાસથી વંચિત ન રહે તે માટે ભારત સરકારે વિકસિત ભારત સંકલ્પ યાત્રા થકી વિવિધ યોજનાઓના અમલીકરણ માટે ગામડાઓમાં અમલીકરણ અધિકારીઓ પહોંચ્યા છે.જેના લાભ લેવા ગ્રામજનોને અનુરોધ કર્યો હતો. મહત્વનું છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા દરમિયાન સરકારની કલ્યાણકારી યોજનાઓ જેવી કે, આયુષ્યમાન ભારત યોજના, પ્રધાન મંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, પ્રધાનમંત્રી વિશ્વકર્મા યોજના, કિસાન સન્માન યોજના, કિસાન ક્રેડિટ કાર્ડ, પોષણ અભિયાન, હર ઘર જલ- જલજીવન મિશન, દીનદયાલ અંત્યોદય યોજના, જીવન જ્યોતિ વીમા યોજના, સુરક્ષા વીમા યોજના, અટલ પેન્શન યોજના, નેનો ફર્ટીલાઈઝર યોજના સ્વામિત્વ યોજના, જનધન યોજના, પ્રધાન મંત્રી ગરીબ અન્ન કલ્યાણ યોજના, પ્રાકૃતિક કૃષિ અને રસાણિક ખાતરોનો વપરાશ ઓછો કરવા સહિતની યોજનાઓને આવરી લેવામાં આવી છે. આમ વિકસિત ભારતના સંકલ્પને ચરિતાર્થ કરવા જનકલ્યાણકારી યોજનાઓ આ યાત્રા દ્વારા છેવાડાના પ્રત્યેક માનવી સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવશે.

## ઝાલોદ નગરમાં દેવદિવાળી, ગુરૂનાનક જયંતી અને મહાકાળી મંદિરના પાટોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી





। ઝાલોદ, તા.૨૭ ।

ઝાલોદ નગરમાં પંચાલ સમાજ દ્વારા વિશ્વકર્મા મંદિરે દેવદિવાળીના દિવસે તુલસી વિવાહ અને અન્નકૂટના મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર આયોજન પંચાલ સમાજની મહિલા મંડળ દ્વારા ખૂબ સરસ રીતે કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં પંચાલ સમાજના સહુ લોકો ઉત્સાહ પૂર્વક જોડાઈ સમગ્ર કાર્યક્રમ સફળ બનાવ્યો હતો. મેરવાની (ધારવાળા) પરિવાર દ્વારા ૫૫૪ મી ગુરૂનાનક જયંતીની ઉજવણી ઈન્દ્રપ્રસ્થ સોસાયટીમાં કરવામાં આવી હતી. ગુરુનાનક જયંતી નિમિત્તે ભજન કીર્તન અને ભંડારાનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુરુનાનક જયંતીની ઉજવણી પ્રેમકુમાર (ગુન્નુભાઈ) મેરવાની દ્વારા પોતાના માતાપિતાની પ્રેરણા, પરિવારના સહુ સભ્યોના સાથ તેમજ સમાજના આગેવાનોના સહકાર થકી દર વર્ષે કરવામાં આવે છે. ગુરૂનાનક જયંતીના પાવન અવસરે ભવ્ય ભજન સંધ્યા અને મહાપ્રસાદનો લ્હાવો આમંત્રિત લોકોએ લીધો હતો.

નગરનું સહુથી પ્રાચીન મહાકાળી માતાજીના મંદિરના ચૌદમા પાટોત્સવની ઉજવણી મહાકાળી સેવા સમિતિ દ્વારા ભવ્ય રીતે કરવામાં આવી હતી. ત્રણ દિવસના ભવ્ય ધાર્મિક પ્રોગ્રામોમા સુંદરકાંડ, નવચંડી હવન, સાંસ્કૃતિક પ્રોગ્રામ, શોભાયાત્રા, મહાઆરતી તેમજ મહાપ્રસાદનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. પાટોત્સવ નિમિત્તે રાખેલ ત્રિદિવસીય ધાર્મિક પ્રોગ્રામમાં મોટાં પ્રમાણમાં નગરજનો જોડાઈ સમગ્ર પ્રોગ્રામ સફળ બનાવ્યો હતો. આમ ઝાલોદ નગરમાં એક જ દિવસમાં ત્રણ ધાર્મિક પ્રોગ્રામના ભવ્ય ઉત્સવ, દર્શનનો લ્હાવો નગરજનોએ લીધો હતો.

## અદાણી અમદાવાદ મેરેથોનમાં રેકોર્ડ લોકો જોડાયા

। અમદાવાદ, તા.૨૭ ।

અદાણી અમદાવાદ મેરેથોનની સાતમી આવૃત્તિએ શહેર અને રનિંગ કમ્યુનિટી સાથે મળી આકર્ષક પ્રદર્શનો રજૂ કરતાં અદ્ધભૂત ઉજવણી કરી હતી.

અદાણી અમદાવાદ મેરેથોન એ સશસ્ત્ર દળોને સમર્પિત વિશેષ '#Run4OurSoldiers' ઝુંબેશને પ્રોત્સાહન આપતી વાર્ષિક દોડ છે. જેમાં પરોપકારી પાર્ટનર યુનાઈટેડ વે ઈન્ડિયાના સહયોગ સાથે સૈન્ય દળો માટે કુલ રૂ. ૫૦ લાખનું દાન કરવામાં આવ્યું હતું.

સુપ્રસિદ્ધ ક્રિકેટર અને ગુજરાત જાયન્ટ્સ ક્રિકેટ ટીમના મેન્ટર અને એડવાઈઝર મિતાલી રાજ, ગુજરાતી અભિનેતા મલ્હાર ઠાકર, એર માર્શલ નર્મદેશ્વર તિવારી AVSM VM અને મેજર જનરલ જી.જી. વિર્ક (GOC 11 RAPID), શ્રી કરણ અદાણી (સીઈઓ- અદાણી પોર્ટ્સ એન્ડ SEZ લિમિટેડ), ડૉ પ્રિતિ અદાણી (ચેરપર્સન, અદાણી ફાઉન્ડેશન) અને શ્રી જીત અદાણી (ડિરેક્ટર - એરપોર્ટ બિઝનેસ, અદાણી ગ્રુપ) દ્વારા રમણીય સ્થળ સાબરમતી રિવરફ્રન્ટ સ્પોર્ટ્સ પાર્ક ખાતે મેરેથોનને ફ્લેગ ઓફ કરવામાં આવી હતી.

## ગુજરાત સાયન્સ સિટી ખાતે આયોજિત 'હેમફેસ્ટ ઈન્ડિયા ૨૦૨૩'નું સમાપન







। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાત સરકારના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિભાગ હેઠળ કાર્યરત ગુજરાત સાયન્સ સિટીના વિશાળ વિજ્ઞાન ભવનમાં બે દિવસીય 'હેમફેસ્ટ ઈન્ડિયા ૨૦૨૩'નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનું સમાપન થયું છે. સમાપન પ્રસંગે અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિક ખાસ ઉપસ્થિત રહ્યા હતા. પ્રસંગોચિત સંબોધન કરતાં તેમણે જણાવ્યું કે કુદરતી આફતના સમયમાં સલામતીના પગલાં લેવામાં તેમજ કાયદો અને વ્યવસ્થા જળવાય રહે તે માટે હેમ રેડિયો ઉપયોગી થાય છે.

મહત્વનું છે કે ૨૫ નવેમ્બરે કેન્દ્રીય સંચાર મંત્રી દેવુસિંહ ચૌહાણે આ હેમફેસ્ટ ઈન્ડિયા ૨૦૨૩નો પ્રારંભ કરાવ્યો હતો. જેમાં સમગ્ર દેશમાંથી ૮૦૦થી વધુ હેમ રેડિયો ઓપરેટર્સ અને હેમફેસ્ટ ઈન્ડિયાના વિવિધ કમિટીના સભ્યો સહિત રેડિયો સાથે સંકળાયેલી વિવિધ સંસ્થાઓના સભ્યો સહભાગી થયા હતા. આ કાર્યક્રમમાં ૧૦થી વધુ ટેક્નિકલ વર્કશોપ અને ૧૦થી વધુ સેશન્સ યોજાયા હતા તેમજ



પ્રદર્શન માટે ૨૦થી વધુ સ્ટોલ્સ ઊભા કરવામાં આવ્યા હતા.જે પૈકી શ્રેષ્ઠ પ્રદર્શનો રજૂ કરનારા સહભાગીઓને અમદાવાદ શહેરના પોલીસ કમિશનર શ્રી જી.એસ. મલિકના હસ્તે પુરસ્કાર એનાયત કરવામાં આવ્યા હતા.

ઉલ્લેખનીય છે કે 'હેમફેસ્ટ ઈન્ડિયા' હેમ રેડિયો ઓપરેટરનું સૌથી મોટું વાર્ષિક 'ગેટ ટુ ગેધર' છે, દર વર્ષે દેશમાં જુદા જુદા શહેરોમાં તેનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે આ આયોજન ગુજરાત સાયન્સ સિટીના વિજ્ઞાન ભવનમાં કરવામા આવ્યું હતું. જે બદલ હેમફેસ્ટના હોદ્દેદારોએ ગુજરાત સાયન્સ સિટી પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો.

## ભારતના ઉપરાષ્ટ્રપતિશ જગદિપ ધનખડજીના માર્ગદર્શન હેઠળ રાજયસભાનું પ્રતિનિધિ મંડળ ગુજરાત રાજ્યના ચાર દિવસના પ્રવાસે

। દીપક જગતાપ રાજપીપળા, તા.૨૭ ।

રાજ્યસભા સચિવાલય,ભારતીય સંસદ નવી દિલ્હી ભારતના માનનીય ઉપરાષ્ટ્રપતિ જગદિપ ધનખડજીના માર્ગદર્શન હેઠળ સ્ટડી ટુર માટે રાજ્યસભાના વિવિધ સંવર્ગના ૫૦ જેટલા પ્રતિનિધિ મંડળે એકતાનગર સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી. આ પ્રતિનિધિ મંડળ એકતાનગર સર્કિટ હાઉસ ખાતે આવી પહોંચતા તેમનું ઉષ્માભેર સ્વાગત કરવામાં આવ્યું હતું અને બે દિવસના રોકાણ દરમ્યાન એકતાનગર ખાતેના વિવિધ પ્રકલ્પોની મુલાકાત લીધી હતી. આ ડેલીગેશન અહીં સાકાર થયેલા પ્રકલ્પોનો અને વિકાસ અંગે વિસ્તૃત અભ્યાસ કરશે.

આ ડેલીગેશન સાથે ડાયરેક્ટર રાજ્યસભાના વિવિધ વિભાગના સચિવો પાર્લામેન્ટ ઓફ ઈન્ડિયાના ડૉ. શુભા પાણીગ્રહી પણ પ્રતિનિધિ મંડળ સાથે જોડાયા છે. આજે અંતિમ દિવસે તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તાર વિકાસ વિસ્તાર અને પ્રવાસન નિયમન સત્તામંડળના



ચેરમેન અને ઈ.ચા. મુખ્ય સચિવ,ગુજરાત રાજ્ય મુકેશ પુરી સાથે મુલાકાત કરી હતી. ગુજરાત રાજ્યના ચાર દિવસના પ્રવાસે આવેલા પ્રતિનિધિ મંડળે ગુજરાત વિધાનસભાની પણ મુલાકાત લીધી હતી બાદમાં બે દિવસના એકતાનગરના પ્રવાસે પધારી વિવિધ સ્થળોની મુલાકાત અને પ્રાકૃતિક નજારો અને જંગલ સફારી, આરોગ્ય વન, સરદાર સરોવર ડેમ, કેકટસ ગાર્ડન સહિત આસપાસના પ્રકલ્પોની મુલાકાત લીધી હતી.

પર્વતમાળાઓની વચ્ચે વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટર ઉંચી સરદાર સાહેબની પ્રતિમા જોઈને ખુબ પ્રભાવિત થયા હતા અને સૌએ પોતપોતાના મોબાઈલમાં તસ્વીરો કંડારીને કાયમી યાદગીરી રૂપે કેદ કરી હતી.

સરદાર સાહેબની પ્રતિમા નિર્માણ અને પ્રદર્શનની, ઓડિયો વિઝ્યુઅલ ફિલ્મ, વ્યુઈંગ ગેલેરી અને રાત્રિ દરમ્યાન યોજાતા ભવ્ય પ્રોજેકશન મેપીંગ શોને નજરે નિહાળ્યો હતો અને નર્મદા આરતીનો પણ ભાવપૂર્વક લાભ લીધો હતો. એક્તાનગર ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા વિવિધ પ્રકલ્પો સાકાર કરવામાં આવ્યા છે તે જોઈને ખૂબ પ્રભાવિત થયા હતા અને યુનિટી વોલ એક ભારત શ્રેષ્ઠ ભારતના મંત્રને સાકાર થતું જોઈને એકતાનગરની પ્રશંસા કરી હતી.

## આજનું રાશિ ભવિષ્ય.....

**મેષ (અ,લ,ઇ) :**

આજના દિવસે મિત્રો તમારો પરિચય કોઈક ખાસ વ્યક્તિ સાથે કરાવશેજે તમારા વિચારો પર નોંધપાત્ર અસર છોડશે. તમારા મિત્રોની મદદથી આર્થિક મુશ્કેલીઓ હળવી થશે. તમને જેના પર વિશ્વાસ છે તે કદાચ તમને આખું સત્ય નથી જણાવી રહ્યા- તમારી વાત અન્યોને ગળે ઉતારવાની તમારી આવડત તમને આવાનારી સમસ્યાઓ ઉકેલવામાં મદદ કરશે.

**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે તમારૂં અવિચારી વર્તન પત્ની સાથેના સંબંધો બગાડી શકે છે. કંઈપણ કરતા પહેલા તમારા વર્તનના પ્રત્યાઘાતો વિશે વિચારજો. શક્ય હોય તો તમારો મૂડ બદલવા ક્યાક બહાર જતા રહો. રિયલ એસ્ટેટ અને આર્થિક વ્યવહારો માટે સારો દિવસ. યુવાનોને સાંકળતી પ્રવૃત્તિઓમાં સહભાગી થવા માટે સારો સમય.

**મિથુન (ક,છ,ઘ) :**

આજના દિવસે તમારૂં ઝઘડાખોર વર્તન તમારા શત્રુઓની યાદીમાં વધારો કરશે. કોઈને પણ તમને એટલા ગુસ્સે કરવા ન દો કે જેનો પસ્તાવો તમને પછીથી થાય. તમારા મૂડીરોકાણ તથા ભાવિ ધ્યેયો વિશે ગુપ્તતા જાળવો. અન્યો સાથે વાદ-વિવાદ તથા બોલાચાલી અને તેમનામાં અકારણ ભૂલો શોધવાનું ટાળો. આજે તમે અને તમારૂં પ્રિયપાત્ર પ્રેમના સમુદ્રમાં ડૂબકી લગાડશો.

**કર્ક (ડ,હ) :**

આજના દિવસે ધાર્મિક લાગણી ઊભી થશે અને તેનાથી તમે કોઈક સંતપુરૂષ પાસેથી દૈવી જ્ઞાન મેળવવા કોઈક ધાર્મિક સ્થળની મુલાકાત લેશો. જે લોકોએ લોન લીધું હતું તે લોકો ને લોન ની રાશિ ચૂકવવા માં સમસ્યાઓ આવી શકે છે. નવજાત શિશુની તબિયત ચિંતાનું કારણ બની શકે છે. પ્રેમ જીવન ગતિશીલ હશે. તમને જો એમ લાગતું હોય કે મહત્વના કામ તમે અન્યોની મદદ વિના પણ પાર પાડી શકો છો તમારી મોટી ગેરસમજ થાય છે.

**સિંહ (મ,ટ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. તમને આકર્ષક જણાતી હોય તેવી રોકાણ યોજના વિશે વધુ જાણકારી મેળવવા માટે સપાટીની નીચે ઊંડું ખોદકામ કરો- આગળ વધતા પૂર્વે તમારા સલાહકારની સલાહ લો. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે.

**કન્યા (પ,ઠ,ણ) :**

આજના દિવસે સ્વાસ્થ્ય બરાબર રહેશે. અણધાર્યા બિલ આર્થિક બોજો વધારશે. મિત્રો તથા પરિવારના સભ્યો તમને મદદ અને પ્રેમ પૂરો પાડશે. તમે દરકાર કરનાર તથા સમજુ મિત્રને મળશો. તમે જો કોઈ નવું સાહસ શરૂ કરવાનો વિચારી રહ્યા હો-તો ઝડપથી નિર્ણય લો-કેમ કે ગ્રહો તમારી તરફેણમાં છે-તમે જે કરવા માગો છો તે કરતા ગભરાતા નહીં.

**તુલા (ર,ત) :**

આજના દિવસે કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. પોતાના જીવનસાથી જોડે તમે આજે ભવિષ્ય માટે ની કોઈ યોજના બનાવી શકો છો અને શક્યતા છે કે તે યોજના સફળ પણ થાય. તમારા અંગત જીવન વિશે મિત્રો તમને સારી સલાહ આપશે.

**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારૂં માનસિક સ્વાસ્થ્ય જાળવો-આધ્યાત્મિક જીવન માટે તે પૂર્વશરત છે. મગજએ તમારા જીવનનું પ્રવેશદ્વાર છે કેમ કે સારૂં-ખરાબ બધું જ તેના વાટે તમારા મગજમાં પ્રવેશે છે. તે જીવનની સમસ્યાઓને ઉકેલવામાં મદદ કરે છે તથા વ્યક્તિના જીવનમાં જરૂરી એવો પ્રકાશ રેલાવે છે. ધન ના મહત્વ ને તમે ઘણી સારી રીતે સમજો છો તેથી આજ ના દિવસે તમારા વડે બચાવેલું ધન તમારા ઘણું કામ આવી શકે છે.

**ધન (ભ,ધ,ફ) :**

આજના દિવસે કોઈ ઈજા ન થાય તે માટે બેસતી વખતે ખાસ સંભાળવું. કેમ કે બેસવાની ઢબ ન માત્ર વ્યક્તિના વ્યક્તિત્વને નીખારે છે બલ્કે સ્વાસ્થ્ય અને આત્મવિશ્વાસ વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે. પોતાના જીવનસાથી જોડે ધન સંબંધી કોઈ બાબત ને લયી ઝગડો થયી શકે છે. જોકે તમે તમારા શાંત સ્વભાવ થી બધું ઠીક કરી દેશો? ઘરમાં કોઈક વિધી કરાવશો.

**મકર (ખ,જ) :**

આજના દિવસે આશાવાદી બનો અને ઉજળી બાજુ જોવાનો પ્રયાસ કરો. આત્મવિશ્વાસસભર અપેક્ષાઓ તમારી આશાઓ અને ઈચ્છાઓની પૂર્તિના દ્વાર ખોલશે. તામ્ર પૈસા ત્યારેજ તમારા કામ માં આવશે જયારે તમે તેને સંચિત કરો આ વાત તમે જેટલી સારી રીતે સમજી લો તે વધારે સારું નહીંતર પાછળ થી તમે પછતાશો? તમારા પરિવારના સભ્યોની જરૂરીયાતો પર ધ્યાન આપવું.

**કુંભ (ગ,શ,સ) :**

આજના દિવસે તમારા જીવનસાથીનો પ્રેમાળ મિજાજ તમારો દિવસ ઉલ્લાસભર્યો બનાવશે. તમારા ખર્ચ પર અંકુશ લાવવાનો પ્રયાસ કરો-અને આજે જરૂરી હોય એવી ચીજો જ ખરીદજો. મોટી વયના લોકો તથા પરિવારના સભ્યો તમને પ્રેમ અને સંભાળ આપશે. આજે તમે તમારા જીવન ની મુશ્કેલીઓ તમારા જીવનસાથી સાથે વહેંચવા માંગો છો.

**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના દિવસે તમારી અંદર આજે ઉર્જા જોઈ શકાય છે. તમારું આરોગ્ય સંપૂર્ણપણે તમારો સાથ આપશે? આજ ના દિવસે તમે ધન સંબંધી સમસ્યા ને કારણે પરેશાન રહી શકો છો. આના માટે તમારે પોતાના કોઈ વિશ્વાસ પાત્ર ની સલાહ લેવી જોઈએ? આજે તમારી ધીરજ ખૂબ જ મર્યાદિત હશે-પણ ધ્યાન રાખજો કેમ કે કઠોર અથવા અસંતુલિત શબ્દો તમારી આસપાસના લોકોને નાખુશ કરી શકે છે.



એસજી હાઈવે પર આવેલ ગુરૂદ્વારામાં ગુરૂજયંતિ નિમિત્તે દર્શન કરવા શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા.



દિલ્હી દરવાજા પાસે આવેલ હઠીસિંગની વાડીમાં દેરાસરના પ્રાંગણમાં જૈન ધર્મના પવિત્ર પત દર્શનનો જૈનો દ્વારા લાભ લેવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### ડાકણ પ્રથાને દૂર કરવા ડાંગ પોલીસની અનોખી પહેલ

। ડાંગ, તા.૨૭ ।


ડાંગ જેવા દુર્ગમ વિસ્તારમાં ગ્રામીણ પ્રજાજનોમાં પ્રવર્તતિ 'ડાકણ પ્રથા' જેવી કુપ્રથા સામે, બ્યુગલ ફૂંકતા ડાંગ પોલીસે ક્રૂર અંધશ્રદ્ધાને કારણે પ્રતાડિત કરાતી મહિલાઓને મુક્ત કરવા સાથે, પ્રજાજનોને જાગૃત કરવા માટે 'પ્રોજેકટ દેવી' અમલમાં મુક્યો છે. જિલ્લા પોલીસ અધિક્ષક યશપાલ જગાણિયાના માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષક સુનિલ પાટિલ અને તેમની ટિમ, તથા પોલીસની 'સી ટીમ' એ વિશેષ વ્યૂહરચના સાથે ડાંગમાંથી 'ડાકણ પ્રથા' ને દેશવટો આપવાની કમર કસી છે. ઉલ્લેખનીય છે કે ડાંગ જિલ્લામાં ગત દિવસો દરમિયાન ડાંગ પોલીસે 'ડાકણ પ્રથા' ને નામે પ્રતાડિત કરાતી ૬૫ થી ૭૦ જેટલી બુઝુર્ગ મહિલાઓને આ કુપ્રથામાંથી મુક્ત કરાવી, તેમના ઘર પરિવાર અને સમાજમાં તેમનું પુનઃસ્થાપન કરાવ્યું હતું. આ મહિલાઓની ડાંગ પોલીસની 'સી ટિમ' દ્વારા નિયમિતપ ણે મુલાકાત લઈ, તેમના ખબરઅંતર પૂછવા સાથે, ગ્રામજનોને પણ સતત જાગૃત કરવામાં આવી રહ્યા છે. કુપ્રથામાંથી મુક્ત થયેલી ડાંગની આ મહિલાઓ, આંખમાં અશ્રુ સાથે, તેમને નવજીવન અપાવી સ્વમાનભેર જીવવાનો અવસર પ્રદાન કરનાર, ડાંગ પોલીસનો આભાર વ્યક્ત કરી રહી છે.

### નવસારીમાં જગતનો તાત મુશ્કેલીમાં, જનજીવન ખોરવાયું

। નવસારી, તા.૨૭ ।

હવામાન વિભાગની આગાહી મુજબ દક્ષિણ ગુજરાત સહિત નવસારી જિલ્લામાં બીજા દિવસે પણ વરસાદનો કહેર યથાવત રહ્યો હતો. આ માવઠાઓ ખેડૂતો માટે આફતરૂપ બન્યા હતા. જલાલપુર તાલુકામાં આવેલા મરોલી રોડ ઉપર કરા પડ્યા હતા. ૨૭મી નવેમ્બરના રોજ વહેલી સવારથી નવસારી તાલુકા સહિત જિલ્લામાં ધોધમાર વરસાદ વરસતા ખેડૂતોના માથે આભ ફાટી પડ્યું છે.

જિલ્લાના ડાંગર, શેરડી અને શાકભાજી પકવતા ખેડૂતોને વ્યાપક નુકસાન થવા પામ્યું છે, જે પૈકી શાકભાજીને વધુ નુકસાન થવાની શક્યતા છે. ૨૬મી અને ૨૭મી નવેમ્બરના રોજ થયેલા ભારે વરસાદના કારણે જલાલપુર તાલુકાના ખેડૂતોની સ્થિતિ કફોડી બની હતી. ચીકુના પાકને પણ વ્યાપક નુકસાન થયું હતું. ખેડૂતો ઉપરાંત, સામાન્ય ગ્રામીણ જીવન પણ ખોરવાઈ ગયું હતું. તવડી અને માણેકપોરમાં ૮ જેટલાં ઘરના પતરાં ભારે વરસાદ અને ભારે પવનના કારણે ઊડી ગયા હતા. કેટલીક જગ્યાએ પશુઓ માટે બાંધેલા શેડ પણ તૂટી ગયા હતા. ભારે વરસાદના કારણે વાહન વ્યવહારને માઠી અસર પડી હતી. મરોલીના નજીક આવેલા આસુંદર ગામ પાસે મુખ્યમાર્ગ ઉપરથી પસાર થતું કન્ટેનર હવામાં ઉડીને પેટ્રોલ પંપ પાસે પડ્યું હતું. મરોલી જતા મુખ્યમાર્ગ ઉપર ૧૦થી ૧૨ જેટલાં વૃક્ષો ધરાશાયી થયા હતા અને એક તરફનો રસ્તો પણ બંધ કરવામાં આવ્યો હતો. નવસારી શહેરના લુંશીકુઈ પાસે આવેલા એક દુકાન ઉપર વૃક્ષ ધરાશયી થયું હતું.



દેવદિવાળી નિમિત્તે ડ્રાઈવનરોડ પર આવેલ વૈભવ લક્ષ્મી માતાજીના મંદિરમાં શ્રદ્ધાળુઓએ અન્નકુટના દર્શન કર્યા હતા.

## મોરવા હડફના એમએલએ નિમિષા સુથાર થયા ભાવુક

। પંચમહાલ, તા.૨૭ ।

મોરવા હડફ ગ્રામ પંચાયતના નવા ભવનના લોકાર્પણ કાર્યક્રમના ઉદ્ઘાટન દરમિયાન ધારાસભ્ય નિમિષાબેન સુથાર ભાવુક થયા હતા. સ્ટેજ પર સ્પીચ આપ વા દરમિયાન ધારાસભ્યની આંખમાં આંસુ આવી ગયા હતા. ધારાસભ્ય નિમિષાબેને ભાવુક થતાં પોતાની સ્પીચ ટૂંકાવી દીધી હતી. મોરવા હડફ વિધાનસભાની બેઠક ઉપર ત્રણવાર વિજયી બનેલા નિમિષાબેન સુથાર કાર્યકરોની અપાર લાગણી અને પ્રેમ જોઈને ભાવુક થયા હતા. મોરવા હડફ વિધાનસભામાં આજે સ્નેહમિલન કાર્યક્રમ યોજાયો હતો. આ દરમિયાન સ્ટેજ પરથી ધારાસભ્ય નિમિષાબેન સુથાર ભાવુક થયા હતા. તેમણે સ્ટેજ પરથી ગીત પણ ગાયું હતું. નિમિષાબેન સુધારે જો રામ કો લાયે હે હમ ઉનકો લાયેંગે....દુનિયામે ફિર સે હમ ભગવા લહેરાયેંગે.... ગીત ગાયું હતું. આ બેઠક પરથી ત્રણ વખત ચૂંટણી જીતેલા ધારાસભ્ય આ દરમિયાન ભાવુક થયા હતા. તેમની આંખમાં આંસુ આવી ગયા હતા. આ કાર્યક્રમ દરમિયાન ભાજપે આમ આદમી પાર્ટીના ગઢ ગણાતા મોરવા હડફમાં ગાબડું પાડ્યું છે.

### યુવકને મોઢામાં ચંપલ પકડાવી માર માર્યો હતો । પોલીસે રાયોટિંગ અને એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો

# મોરબી પોલીસને હંફાવતી રાણીબાનું આખરે સરેન્ડર

। મોરબી, તા.૨૭ ।

મોરબીની બહુચર્ચિત રાણીબા આખરે મોરબી પોલીસ સામે સરેન્ડર થઈ છે. વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા પોલીસ સ્ટેશનમાં હાજર થઈ. રાણીબા સહિત ૧૨ લોકો સામે ફરિયાદ નોંધાઈ હતી હતી. તેમાં રાણીબા પ ોલીસ સમક્ષ હાજર થઈ ગઈ છે. રાણીબા સહિત ૩ આરોપીઓ પોલીસ સમક્ષ હાજર થયા છે, જોકે, આ કેસનો હજુ એક આરોપી ફરાર છે. મોરબીમાં પગાર માટે યુવાનને માર મારીને પગાર માટે માર મારવાનો મામલામાં વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા સહિત ૧૨ આરોપીઓ સામે નોંધાઈ હતી. એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પોલીસે અત્યાર સુધીમાં ફક્ત એક આરોપીની ધરપકડ કરી છે. બાકીના પોલીસ પકડથી દૂર હતા. વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબાની સાથે રાજ પટેલ અને ઓમ પટેલ એલસીબી કચેરીએ હાજર થયા છે. તમામની સામે આઈપીસી ૩૯૫ હેઠળ



ગુનો નોંધવામા આવ્યો છે. વિભુતી પટેલના ભાઈ ઓમ પટેલની પણ ધરપકડ કરવામાં આવી છે. વિભૂતી પટેલ સામે તલવારથી કેક કાપતા વીડિયો મામલે પણ ફરિયાદ નોંધવામાં આવી છે. આ ઉપરાંત વિભુતિ પ ટેલ એકપોર્ટ ઈમ્પોર્ટના વ્યવસયા મામલે પણ તપાસ કરવામા આવશે. તેમજ જીએસટી મામલે પણ તપાસ કરાશે.

૧. વિભૂતિ ઉર્ફ રાણીબા હિતેન્દ્રભાઈ સીતાપરા ૨. ઓમ હિતેન્દ્રભાઈ સીતાપરા, બંને રહે પેસિફિક હાઈટ્સ- ૪૦૧; એસ.પી. રોડ મોરબી ૩. રાજ અજયભાઈ પડસારા રહે બાપાસીતારામ ચોક પાસે રવાપર રોડ મૂળ રહે શાંતિની કેતન સોસાયટી બગસરા અમરેલી ૪. ડી ડી રબારી, આગોતરા જામીન અરજી મુજબ (મયુર દિલીપભાઈ કરોતરા) ૫. પરીક્ષિત સુધીરભાઈ ભગલાણી સિવાય તમામ આરોપી હાજર.

એટલું જ નહીં, રાણીબા ઈન્ડસ્ટ્રીઝમાં ૧૬ દિવસ કરેલા કામનો પગાર લેવા ગયેલા યુવાનને માર મારીને જ્ઞાતિ પ્રત્યે હડધુત કર્યો હતો. આ ઘટના બાદ વિભૂતિ પટેલ ઉર્ફે રાણીબા, ઓમ પટેલ, રાજ પટેલ, પરીક્ષિત, ડી.ડી. રબારી તથા અન્ય સાત અજાણ્યા શખ્સ સામે ફરીયાદ નોંધાઈ છે. યુવાને મોરબી એ ડિવિઝન પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ નોંધાવતાં પોલીસે રાયોટિંગ અને એટ્રોસિટી સહિતની કલમ હેઠળ ગુનો નોંધ્યો છે.

મોરબી એ ડિવિઝન પોલીસ મથકે નોંધાયેલી ફરિયાદ પ્રમાણે, આ ઘટનામાં ભોગ બનનાર યુવકનું નામ નિલેશ કિશોરભાઈ દલસાણીયા છે, જેઓ ૨ ઓક્ટોબરના રોજ રાણીબા ઈન્ડસ્ટ્રીઝમાં એક્સપોર્ટ વિભાગમાં નોકરીએ રહ્યો હતો. બાદમાં કોઈ કારણોસર ૧૮ ઓક્ટોબરે નોકરીએ આવવાનું ના પાડી દીધું હતું, પછી આ વાતને પગાર તારીખ સુધી કોઈ વાંધો આવ્યો નહોતો. પરંતુ કંપનીની પગાર તારીખે પગાર ના આવતા યુવકે પોતાનો પગાર લેવા માટે પહેલા તો ફોન કર્યો હતો. જ્યાં ઓફિસે આવીને લઈ જવા કહ્યું હતું. ત્યારબાદ પીડિત યુવક પોતાના પાડોશી સાથે કંપનીએ પહોંચ્યો હતો. પરંતુ, ત્યાં ડી.ડી. રબારી નામના વ્યક્તિએ યુવક સાથે આવેલા પાડોશી યુવકને માર મારીને ભગાડી મૂક્યો હતો. ત્યારબાદ પિડિત નિલેશને આરોપી ઓમ પ્રકાશ, આરોપી રાજ પટેલ અને ઓફિસનો મેનેજર પરીક્ષિત નિલેશએ વાળ પકડીને મોઢામાં ચંપલ આપીને ઢોર માર્યો હતો. આ ઘટનામાં લેડી ડોનના વહેમમાં ફરતી વિભૂતિ પટેલ સહિતના સાગરીતો દ્વારા કમર પટ્ટા વડે તથા ઢીકાપાટુનો મુંઢ માર મારીને જ્ઞાતિ પ્રત્યે અડધૂત કર્યો હતો. એટલું જ નહીં, આરોપીઓએ અભદ્ર ભાષાનો ઉપયોગ કરી જાનથી મારી નાંખવાની ધમકી પણ આવી હતી. આરોપીઓ દ્વારા નિલેશને બેફામ માર મારવામાં આવતા હાલ મોરબી સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો છે.

### સ્ટાર્ટઅપે ૨.૫ કરોડ રૂપિયાની લોન લીધી

## ગુજરાતના ૧૦૦ થી વધુ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડી આચરાઈ

### ગુરુગ્રામના એક સ્ટાર્ટઅપે પહેલાં કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા પ્રોબેશન તરીકે નોકરી આપી અને પછી વિદ્યાર્થીઓના નામે બેંકમાંથી લોન લીધી

। અમદાવાદ, તા.૨૭ ।

ગુજરાતના ૧૦૦ થી વધુ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડીનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. પોલીસને પહોંચેલી ફરિયાદમાં ગુરુગ્રામમાં એક વિદ્યાર્થીએ સ્ટાર્ટઅપ પર આરોપ લગાવ્યો છે કે તેણે તેને નોકરી આપ્યા બાદ તેના નામે લોન લીધી છે. ફરિયાદીએ તેની અરજીમાં તેના પુરાવા પણ મૂક્યા છે.

ગુજરાતના ૧૦૦ થી વધુ એન્જિનિયરિંગ વિદ્યાર્થીઓ સાથે છેતરપિંડીનો મોટો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આમાં ગુરુગ્રામના એક સ્ટાર્ટઅપે પહેલાં કેમ્પસ પ્લેસમેન્ટ દ્વારા પ્રોબેશન તરીકે નોકરી આપી અને પછી વિદ્યાર્થીઓના નામે બેંકમાંથી લોન લીધી. આ લોન એજ્યુકેશન લોન તરીકે લેવામાં આવી હતી. વર્ક ફ્રોમ હોમ દ્વારા સ્ટાર્ટઅપમાં કામ કરતા વિદ્યાર્થીઓને આ વાતની જાણ ત્યારે થઈ જ્યારે તેઓને બેંક તરફથી ઈએમઆઈ (હપતો) ભરવાના મેસેજ આવવા લાગ્યા. આ પછી, જ્યારે વિદ્યાર્થીઓએ પ્લેસમેન્ટ પ્રતિનિધિઓ સાથે વાત કરી તો તેઓએ કહ્યું કે લોનની રકમ થોડા દિવસોમાં એડજસ્ટ થઈ જશે. ગુરુગ્રામના સ્ટાર્ટઅપ માં કામ કરતા વિદ્યાર્થીઓનો આ મામલો અહીં જ અટક્યો નથી. ૫,૦૦૦ રૂપિયાની ઈર્ફે વિદ્યાર્થીઓના પગારમાંથી તેમના ખાતામાંથી ઓટો કપાઈ જવા લાગી. ગુરુગ્રામ સ્ટાર્ટઅપ ની છેતરપિંડીમાં પણ ફસાયેલો એક ગુજરાતી વિદ્યાર્થી અમદાવાદના સોલામાં આવેલી એન્જિનિયરિંગ કૉલેજનો છે.

### કુદરતની કરામત કે વાતાવરણમાં પલટો

## આ વખતે ભર શિયાળે આંબામાં કેસર કેરી આવી

### પોરબંદરમાં જે રીતે ૭૦૦૦ હજાર રૂપિયાની ૧૦ કીલો કેરીનું વેચાણ થયું તે સૌ કોઈ માટે આશ્ચર્ય પમાડનાર છે

। પોરબંદર, તા.૨૭ ।

ફળોના રાજા તરીકે જેની ગણના થાય છે તે કેસર કેરી આમ તો ઉનાળુ ફળ ગણવામાં આવે છે. વાતાવરણમાં બદલાવ કહો કુદરતની કરામત પરંતુ આ વખતે ભર શિયાળે આંબામાં કેસર કેરી આવી ગઈ છે. આ વાત અચરજ પમાડનાર છે. માર્કેટિંગ યાર્ડમાં હરાજી દરમિયાન કેરીનું ડ્રાયફ્રુટથી પણ વધુ ઐતિહાસિક ભાવે વેચાણ થયું છે.

નાના મોટા સૌ કોઈ ઉનાળામાં જે ફળ આરોગવાની રાહ જોઈને બેઠા હોય છે તે ફળ એટલે ફળોના રાજા એવી કેસર કેરી. રાજ્યમાં ગીરની કેસર કેરી અને હવે પોરબંદર જિલ્લાની સ્થાનિક કેરીની પણ બજારમાં સારી માંગ રહે છે. કેરી એ ઉનાળુ ફળ ગણાય છે અને ઉનાળામાં જ કેરી વેચાણ માટે બજારમં આવતી હોય છે. આ વખતે વાતાવણમાં બદલાવ કે પછી અન્ય કોઈ કારણોસર ઉનાળાને બદલે ભર શિયાળે આંબામાં કેરીનો ફાલ આવતા કેરીના આંબા ધરાવતા ખેડૂતોથી લઈને વેપારીઓ સહિત સૌ કોઈમાં ભારે કુતૂહલ સાથે આશ્ચર્ય જોવા મળી રહ્યું છે. પોરબંદરના આદિત્યાણા ગામમાં આ



વર્ષે પાંચ મહિના પહેલા આંબામાં કેરીના મોર જોવા મળી રહ્યા છે અને કોઈ આંબામાં કેરીની આવક થતા આજે ભર શિયાળે પોરબંદર માર્કેટિંગ યાર્ડ ખાતે કેસર કેરીનું આગમન થયું હતું. માર્કેટિંગ યાર્ડમાં સુદામા ફ્રુટ કંપની ખાતે બે બોક્સ કેસર કેરી એટલે કે ૨૦ કીલો કેસર કેરી વેચાણ માટે આવી હતી. આ કેસર કેરીનુ હરાજી દરમિયાન અધધધ..૧૪૦૦૦ રૂપિયા જેટલા ઊંચા ભાવે વેચાણ થયું છે. એટલે કે એક કિલો કેરીના ૭૦૧ રૂપિયા ઐતિહાસિક ભાવે વેચાણ થયું હતું. આટલી વહેલી કેરીના આગમનની આ ઘટના એ ન માત્ર ગુજરાતમાં પરંતુ દેશમાં પ્રથમ ઘટના હોવાનુ હરાજી કરનાર વેપારીએ જણાવ્યું હતુ અને ભાવ પણ ઐતિહાસિક હોવાનું તેઓએ હતું.

### સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કરાયા

## ચીનમાં ફેલાઈ રહેલી નવી બીમારીને લઈ રાજ્યનું આરોગ્ય વિભાગ હરકતમાં

### ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા માટેના આદેશ કર્યા છે

। ગાંધીનગર, તા.૨૭ ।

ચીનમાં નવી ઊભી થયેલી બીમારી સંદર્ભે રાજ્યનો આરોગ્ય વિભાગ હરકતમાં આવ્યો છે. ગુજરાતના આરોગ્ય કમિશનરે પરિપત્ર જાહેર કરી સમગ્ર રાજ્યમાં સાવચેતી રાખવા આદેશ કર્યા છે. ગુજરાતના તમામ જિલ્લા આરોગ્ય અધિકારી, મહાનગરના આરોગ્ય અધિકારી અને સિવિલ હોસ્પિટલના વડાઓને પત્ર લખીને તકેદારી રાખવા માટે સૂચનો કરવામાં આવ્યા છે. ઈન્ફ્લ્યુએન્ઝા, માયકોપ્લાઝમા ન્યૂમોનિયા SARS - CoV-2 જેવા રોગોથી સાવચેત રહેવા સૂચના અપાઇ છે.ચીનમાં બાળકોમાં આ પ્રકારની શ્વસનની બીમારી જેવા રોગો જોવા મળી રહ્યા છે. આ નવા રોગે ચીનમાં હાહાકાર મચાવી દીધો છે. હોસ્પિટલમાં સ્ટાફ, બેડ, દવાઓ અને ટેસ્ટિંગની ઉપલબ્ધતા ચકાસી રિપોર્ટ કરવા આદેશ કરવામાં આવ્યા છે. હોસ્પિટલમાં રહેલા ઓક્સિજન પ્લાન્ટની ક્ષમતા અને કાર્યક્ષમ કરીને રિપોર્ટ કરવા આદેશ આપવામાં આવ્યા છે. વેન્ટિલેટર, પિપિઈ કીટ અને એન્ટીવાયરલ દવાઓ પૂરતા પ્રમાણમાં રાખવા આદેશ કરવામાં આવ્યો છે. આઈસોલેશન વોર્ડ તાત્કાલિક શરૂ કરી શકાય તેવી તૈયારી રાખવા પણ પત્રમાં ઉલ્લેખ કરાયો છે. રાજ્ય સરકાર દ્વારા પત્ર લખી નીચે પ્રમાણે સૂચનો આપવામાં આવ્યા છે.

આપની સંસ્થા ખાતે કાર્યરત તમામ વસ્તુઓને અપડેટ કરવી તથા ફંકશનીંગ કરવી

આપશ્રીના સંસ્થા ખાતેના PSA પ્લાન્ટ, લીક્વીડ ઓક્સીજન પ્લાન્ટ, O2 કોન્સનટ્રેટર કાર્યરત છે કે કેમ તે સુનિશ્ચિત કરી તાત્કાલિક કાર્યરત કરવા જણાવવામાં આવે છે.

# સંતરામપુર ખાતે સંતરામપુર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીનું નુતન વર્ષનું સ્નેહમિલન યોજાયું





। સંતોષભાઈ જોષી સંતરામપુર, તા.૨૭ ।

સંતરામપુર ખાતે સંતરામપુર વિધાનસભા ભારતીય જનતા પાર્ટીનું નુતન વર્ષનું સ્નેહમિલન યોજાયું, જેમાં મહિસાગર જિલ્લા પ્રભારી મા.મંત્રીશ્રી બચુભાઈ ખાબડ, મા.જિલ્લા સંગઠન પ્રભારી શ્રી કનુભાઈ પટેલ, મહીસાગર જિલ્લા મા.અધ્યક્ષ શ્રી દશરથભાઈ બારીયા, દાહોદ લોકસભા મા.સાંસદ શ્રી જશવંતસિંહ ભાભોર, મા.ગુજરાત સરકારના કેબિનેટ મંત્રી શ્રી કુબેરભાઈ ડીંડોર જી એ ભાજપ સરકાર દ્વારા કેન્દ્રની અને રાજ્ય લેવલની વિકાસલક્ષી યોજનાઓ વિશે જાણકારી આપી જનજન સુધી કરેલા કામોની ઝાંખી તથા આગામી ૨૦૨૪ ની લોકસભાની ચૂંટણી સંદર્ભે ઉપરોક્ત મહાનુભાવો એ સવિસ્તાર માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. સાથે નવા વર્ષની સૌને સૌ મહાનુભાવો એ શુભકામનાઓ પાઠવી હતી. આ સાથે જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રી બાબુભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય શ્રી માનસિંહ ભમાત પૂર્વ જિલ્લા પંચાયત ના પ્રમુખ રમીલાબેન ડામોર,સંતરામપુર તાલુકા પંચાયતના પ્રમુખ શ્રી હરીશભાઈ, તાલુકા પંચાયત પ્રમુખ કડાણા મંગુબેન માલીવાડ, જિલ્લા ઉપપ્રમુખ શ્રી અંબાલાલ પટેલ, જશોદાબેન બામણીયા તથા જિલ્લાના હોદ્દેદારશ્રીઓ, એપીએમસી સંતરામપુર ચેરમેન શાંતિલાલ પટેલ, એપીએમસી ચેરમેન કાળુભાઈ ડામોર, સંતરામપુર મંડળના પ્રમુખ શ્રી બળવંતભાઈ પટેલિયા કડાણા મંડળ પ્રમુખશ્રી જયંતીભાઈ પટેલ, નગર પ્રમુખશ્રી સંદીપભાઈ ભોઈ, મહામંત્રી શ્રી છગનભાઈ માલ, નીતિનભાઈ રાણા, કાળુભાઈ ડામોર, વિજયભાઈ સેવક તથા જિલ્લાના હોદ્દેદાર શ્રીઓ, તાલુકા પંચાયત જિલ્લા પંચાયતના સભ્યશ્રીઓ, શક્તિ કેન્દ્રના સંયોજક મિત્રો શક્તિ કેન્દ્ર પ્રભારીશ્રીઓ, સરપંચ શ્રીઓ બુથ લેવલના ભૂત પ્રમુખશ્રીઓ પેજ કમિટીના સભ્યશ્રીઓ તથા સમસ્ત વિધાનસભા વિસ્તારમાંથી સિનિયર જુનિયર કાર્યકર્તા ભાઈઓ બહેનો પાર્ટીને સમર્પિત અને સમર્થિત સેકડોની સંખ્યામાં કાર્યકર્તા ભાઈઓ બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



## ન્યૂઝ બ્રિફ

### અમદાવાદનો SG હાઈવે અકસ્માતોનું સતત જોખમ

। અમદાવાદ, તા.૨૭ ।

અમદાવાદ શહેરમાં આવેલ સરખેજ ગાંધીનગર હાઈવે પર ટ્રાફિક વધતો જઈ રહ્યો છે. સાથે જ એસજી હાઈવે પર અકસ્માતોનુ પ્રમાણ વધતુ જઈ રહ્યુ છે. બેફામ અને બેદરકારભર્યુ ડ્રાઈવીંગ અકસ્માતના બનાવોમાં સતત વધારો કરી રહ્યુ છે. આવી જ રીતે સોમવારે થલતેજ વિસ્તારમાં ત્રણ કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. અકસ્માતનો વીડિયો સામે આવ્યો છે અને સોશિયલ મીડિયા પર તે વાયરલ થવા લાગ્યો છે. એક કારની પાછળ બીજી બે કાર અકસ્માતે અથડાઈ હતી. જેને લઈ ત્રણેય કારને મોટું નુક્સાન સર્જાયુ હતુ. અકસ્માત સર્જાવાને લઈ ટ્રાફિક જવા લાગ્યો હતો. પરંતુ આખરે સ્થળ પર પોલીસ પહોંચતા અને હાઈવેને ખુલ્લો કરાવતા અકસ્માત ગ્રસ્ત વાહનોને બાજુ પર કરાવ્યા હતા. અકસ્માત કેવી રીતે સર્જાયો એ અંગે પણ હવે તપાસ શરુ કરાઈ છે.

### કચ્છના રાપરના ત્રંબો પેટ્રોલ પંપનો કર્મચારી લૂંટાયો

। રાપર, તા.૨૭ ।

કચ્છના રાપરમાં પેટ્રોલ પંપનો કર્મચારી લૂંટાયો છે. ચપ્પુની અણીએ ત્રંબો પેટ્રોલ પંપના કર્મચારી પાસેથી રૂપિયા ૧૨ લાખ લૂંટીને બે અજાણ્યા ઈસમો ફરાર થઈ ગયા છે. લૂંટારૂઓ સાથે નજીવા ઘર્ષણ દરમિયાન પેટ્રોલ પંપના કર્મચારીને સામાન્ય ઈજા પહોંચી. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો અને શહેરના નિકાસ માર્ગો પર નાકાબંધી કરીને લૂંટારૂઓને ઝડપી લેવા પ્રયાસો તેજ કર્યા છે. રાજયમાં અનેક વિસ્તારોમાં પણ આ જ પ્રકારે ચપ્પુની અણીએ લૂંટની ઘટના દિવસે ને દિવસે વધી રહી છે. ત્યારે આવા બનાવો સામે આવતા પોલીસ એક્શનમાં આવી છે. લૂંટની આ ઘટનામાં પોલીસ આરોપીને શોધવાની કામગીરી કરી રહી છે. મહત્વનુ છે કે રાત્રિ દરમ્યાન અને ચપ્પુની અણીએ લૂંટનારા આરોપીઓને ડામવા પોલીસે ખૂબ જરૂરી બની ગયા છે.

### રવિ પાકોને માવઠાથી મોટું નુકસાન

# ભાજપના ધારાસભ્યએ સીએમને પત્ર લખીને ખેડૂતોને મદદ કરવા કરી માંગ

**રાજ્યમાં માવઠાના માહોલ જામ્યો છે, રાજ્યમાં ૨૨૦થી વધુ તાલુકાઓમાં સતત વરસાદ વરસી રહ્યો છે**

। અમદાવાદ, તા.૨૭ ।

રાજ્યમાં ગઈકાલેથી કમોસમી વરસાદે વિનાશ નોતર્યો છે. રાજ્યમાં ૨૨૦ તાલુકાઓમાં માવઠાએ ખેડૂતોને પાયમાલ કરી દીધા છે. શિયાળાની ઋતુમાં ચોમાસાની જેમ વરસેલા વરસાદે સૌથી મોટુ અને સૌથી વધુ નુકસાન ખેડૂતોને પહોંચાડ્યુ છે. હવે ખેડૂતોને ઉભા પાકની સામે વળતર આપવાની માંગ રાજ્યમાં ઉઠી છે, આ કડીમાં ભાજપ ના જ ધારાસભ્ય લવિંગજી ઠાકોરે ખેડૂતોને આર્થિક મદદ કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખ્યો છે. રાજ્યમાં માવઠાના માહોલ જામ્યો છે, રાજ્યમાં ૨૨૦થી વધુ તાલુકાઓમાં સતત વરસાદ વરસી રહ્યો છે, ભારે પવન અને ધોધમાર વરસાદથી ખેતરો પાણી પાણી થયા છે. એકબાજુ રાજ્યમાં ઠંડક પ્રસરી છે તો બીજીબાજુ ખેડૂતોને પાક બળીને ખાખ થઈ ગયો છે. આ મુદ્દે હવે



પાટણ જિલ્લાના રાધનપુરના ભાજપના જ ધારાસભ્યે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલને પત્ર લખીને મદદ કરવા માટે માંગ કરી છે. રાધનપુરાના ભાજપના ધારાસભ્ય લવિંગજી ઠાકોરે મુખ્યમંત્રી અને કૃષિમંત્રીને પત્ર લખીને રજૂઆત કરી છે, તેમને માંગ કરી છે કે, રાજ્યમાં છેલ્લા ૨૪ કલાકથી પડી રહેલા વરસાદથી ખેડૂતો પાયમાલ થયા છે. મોટુ નુકસાન વેઠવાનો વારો આવ્યો છે, જેના કારણે રવિ પાક જેવા કે જીરું, ઈસબગુલ, એરંડા, સવા સહિત પાકોમાં માવઠામાં ધોવાયા છે. આ તમામ મુદ્દે તાત્કાલિક સર્વે કરીને સહાય ચૂકવવા રજૂઆત છે.

રાધનપુર ધારાસભ્ય લવિંગ ઠાકોર દ્વારા પત્ર સમી, સાંતલપુર, રાધનપુર તાલુકામાં સર્વે કરી સહાય આપવા માંગ કરી છે. ઉલ્લેખનીય છે કે, પાટણ જિલ્લામાં પણ ગઈકાલથી કરા સાથે માવઠુ થયુ હતુ જેમાં રવિ પાકોને મોટુ નુકસાન પહોંચ્યુ છે. રાજ્યમાં કમોસમી વરસાદના કારણે ખેતીને ભારે નુકસાન પહોંચ્યું છે. અનેક જિલ્લાઓમાં માવઠાથી ખેડૂતોને વ્યાપકપણે નુકસાન થયાની આશંકા છે. જીરૂ, વરિયાળી, રાયડો, ઘઉંના પાકને ભારે નુકસાન પહોંચ્યું છે. કમોસમી વરસાદથી ખેતરમાં રહેલા શિયાળુ પાકને નુકસાનની ભીતી સેવાઈ રહી છે.

### ગુજરાતીઓ સાવધાન રહેજો

# ૧લી ડિસેમ્બર સુધી માવઠું ચાલુ રહેશે: હવામાન નિષ્ણાત

**રવિવારે વહેલી સવારથી હવામાનમાં પલટો આવ્યો હતો અને તે બાદ રાજ્યભરમાં સૂસવાટાભેર પવન ફૂંકાયા હતા**

। અમદાવાદ, તા.૨૭ ।

ભરશિયાળે માવઠાએ કહેર મચાવ્યો છે. ગઈકાલે વહેલી સવારથી હવામાનમાં પલટો આવ્યો હતો અને તે બાદ રાજ્યભરમાં સૂસવાટાભેર પવન ફૂંકાયા હતા અને વરસાદ ખાબક્યો હતો. જેના લીધે નુકસાનીના દ્રશ્યો સામે આવી રહ્યા છે. સાથે જ વીજળી પડતાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. આવામાં આજે ફરી માવઠાનો માર સહન કરવો પડશે કે કેમ? તે અંગે હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીએ આગાહી કરી છે. રવિવાર બાદ આજે સોમવારે રાજ્યભરનું હવામાન કેવું રહેશે અને રાજ્યના કયા ભાગોમાં વરસાદ પડવાની સંભાવના છે, તે અંગે તેમણે જણાવ્યું છે. ગુજરાતીઓ સાવધાન રહેજો, કેમ કે, હજુ આજે પણ વરસાદ પડશે. પરેશ ગોસ્વામીએ માવઠા અંગે મોટી આગાહી કરી છે. હવામાન નિષ્ણાત પરેશ ગોસ્વામીના જણાવ્યા અનુસાર, હજુ પણ આફતનું માવઠું ગયું નથી. આજે સાંજ સુધી સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં વરસાદનો માર યથાવત રહેશે. કેટલાક વિસ્તારમાં અતિભારે વરસાદ પડી શકે છે. મોરબી અને સુરેન્દ્રનગરમાં ભારે વરસાદની આગાહી છે. રાજકોટ, ભાવનગર, બોટાદમાં ભારે વરસાદ પડી શકે છે. વડોદરા, દાહોદ, ગોધરા, છોટાઉદેપુરમાં પણ આગાહી છે. તેમણે કહ્યું કે, આજે સાંજ સુધીમાં વધારે વરસાદની શક્યતા છે. જેમાં સૌરાષ્ટ્રનું બોટાદ, ભાવનગર, અમરેલી, ગીરસોમનાથ, જૂનાગઢ, રાજકોટ, મોરબી, સુરેન્દ્રનગર, આ વિસ્તારોમાં બે ઈંચ કે તેથી વધુ વરસાદ ખાબકી શકે છે. દ્વારકા, જામનગર, પોરબંદરમાં પણ હવામાનમાં પલટો જોવા મળશે.

### સોમનાથમાં થયો ચમત્કાર

# આકાશમાં મધ્ય રાત્રિએ ૧૨ના ટકોરે બની અદભૂત ઘટના

। સોમનાથ, તા.૨૭ ।

કરોડો ભક્તોની અખંડ આસ્થાના કેન્દ્ર એવા પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મંદિર ખાતે પ્રતિવર્ષ કાર્તિકી પૂર્ણિમાની મધ્ય રાત્રીના ૧૨ કલાકે અદભુત ખગોળીય સંયોગ રચાય છે. જેમાં વર્ષમાં માત્ર ૧ જ વખત ખાસ કાર્તિકી પૂર્ણિમાની રાત્રીએ ચંદ્રદેવ, શ્રી સોમનાથ મંદિરનાં શિખર પરનું ત્રિશુલ ધ્વજદંડ, અને શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ એક જ ક્ષિતિજમાં આવે છે. વર્ષમાં માત્ર એક વખત કાર્તિકી પૂર્ણિમાની મધ્યરાત્રીએ થોડી મિનિટો માટે "સોમનાથ અમૃત વર્ષા સંયોગ" સર્જાય છે. ચંદ્ર પોતાના નાથ સોમનાથ મહાદેવની પોતાની પ્રભા એટલે કે પ્રકાશથી અભિષેક કરતો હોય તેવુ દ્રશ્ય રચાય છે. આ સંયોગના દર્શન કરવા દેશ-વિદેશના શ્રદ્ધાળુ પ્રતિવર્ષ સોમનાથ પહોંચે છે. માનવામાં આવે છે કે જે સ્થાન પર ચંદ્રદેવને ક્ષય રોગમાંથી શિવજીએ મુક્તિ આપી હતી તે જ સ્થાન પર શ્રી સોમનાથ મહાદેવનો અભિષેક કરવા માટે પ્રતિવર્ષ કાર્તિકી પૂર્ણિમાની રાત્રીએ ચંદ્ર પોતે પધારે છે અને પોતાની પ્રભા એટલે કે પોતાની શીતળ ચાંદનીથી શ્રી સોમનાથ મંદિરનો અભિષેક કરે છે.

### SVPIA એરપોર્ટનું ગૌરવ વધ્યું

# SVPIA એરપોર્ટને મળ્યો ૨૩મો વાર્ષિક ગ્રીનટેક એન્વાયરમેન્ટ એવોર્ડ

**અમદાવાદનું સરદાર પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ પોતાની આગવી કામગીરીથી અલગ ઓળખ બનાવી ચૂક્યું છે**

। અમદાવાદ, તા.૨૭ ।

સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ (SVPIA) ને ૨૩મો વાર્ષિક ગ્રીનટેક એન્વાયર્નમેન્ટ એવોર્ડ ૨૦૨૩ એનાયત થયો છે. ગ્રીનટેક ફાઉન્ડેશન દ્વારા આયોજિત આ પ્રતિષ્ઠિત એવોર્ડ પર્યાવરણીય શ્રેષ્ઠતા કેટેગરીમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન બદલ આપવામાં આવ્યો છે. વેસ્ટ રિસાયક્લિંગની પ્રેક્ટિસ, વોટર મેનેજમેન્ટ, ઉર્જા કાર્યક્ષમતા અને ગ્રીનહાઉસ ગેસના ઉત્સર્જનમાં ઘટાડામાં એરપોર્ટના શ્રેષ્ઠ યોગદાનને કારણે આ સન્માન પ્રાપ્ત થયું છે. ગ્રીનટેક એન્વાયર્નમેન્ટ એવોર્ડ એવી અસાધારણ વ્યક્તિઓ, ટીમો, એકમો, પ્રોજેક્ટ્સ અને સંસ્થાઓને નવાજે છે જેમણે પર્યાવરણ સંરક્ષણમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હોય. આ એવોર્ડ તેમના સમર્પણ, વ્યાવસાયીકરણ અને ઈકોસિસ્ટમ પર સકારાત્મક અસર કરતી પરિણામલક્ષી પહેલોને નવાજે છે. જમ્મુ-કાશ્મીરમાં ૨૪મી નવેમ્બર ૨૦૨૩ના રોજ આયોજિત એવોર્ડ સમારંભમાં SVPI એરપોર્ટને આ પ્રતિષ્ઠિત પર્યાવરણીય શ્રેષ્ઠતા પુરસ્કાર એનાયત કરવામાં આવ્યો હતો. આ માન્યતા SVPI એરપોર્ટની ઓપરેશનલ ધોરણોને ઉન્નત કરવા, ટકાઉપણું વધારવા તેમજ પર્યાવરણ પ્રત્યેની અતૂટ પ્રતિબદ્ધતાને પ્રદર્શિત કરે છે.

### શક્ષકો સરકારની સામે બાંયો ચઢાવવાના મૂડમાં

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ફરી આંદોલનનો માર્ગ અપનાવશે

**પડતર માંગોના ઠરાવને લઇને હજારો શિક્ષક કરશે વિરોધ**

। અમદાવાદ, તા.૨૭ ।

રાજ્યમાં ફરી એકવાર શિક્ષકો સરકારની સામે બાંયો ચઢાવવાના મૂડમાં છે, આગામી સમયમાં રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે પોતાની પડતર માંગોને લઈને સરકાર સામે વિરોધ પ્રદર્શન કરશે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ૯મી ડિસેમ્બરે સરકારની સામે રાજ્યભરમાં પદયાત્રા યોજીને મહાપંચાયત કરશે, જેમાં પડતર માંગણીઓને લઈને વિરોધ નોંધાવશે. ખાસ વાત છે કે, રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘની પડતર માંગણીઓ સરકારે સ્વીકારી લીધી છે પરંતુ ઠરાવ હજુ સુધી પસાર કરવામાં આવ્યો નથી. આગામી ૯મી ડિસેમ્બરે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘે રાજ્ય સરકાર સામે આંદોલન કરવાની ચિમકી ઉચ્ચારી છે. પોતાની પડતર માંગણીઓ સાથે રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ ખુલ્લો વિરોધ નોંધાવશે. ૯મી ડિસેમ્બરે રાજ્યભરમાં પદયાત્રા કરશે અને બાદમાં મહાપંચાયત કાર્યક્ર્મનું આયોજન કરશે. આ આંદોલનમાં રાજ્યભરમાંથી મોટા પ્રમાણમાં શિક્ષકો જોડાશે, આ આંદોલનમાં પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક સુધીના શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારી અને સંચાલકો જોડાશે.

### ૧૩ દીકરીઓ માટે પિયરીયા બન્યા

# વિલન વરસાદ વચ્ચે રિયલ હીરો બન્યા સોસાયટીવાળા

। સુરત, તા.૨૭ ।

ગઈકાલે વરસેલા કમોસમી વરસાદે બધુ વેરવિખેર કરી નાંખ્યું. તેમાં પણ જેમના ઘરમાં પ્રસંગો લેવાયા હતા, તેઓ મૂંઝાયા હતા. પ્રંસગોને ટાળી શકાય તેમ ન હોવાથી લોકોએ જેમતેમ કરીને પ્રસંગો પતાવ્યા. પરંતુ આ વચ્ચે સુરતમાં એક સોસાયટીના રહીશોએ એવુ કામ કર્યુ કે, તેઓ કમોસમી વરસાદ વચ્ચે રિયલ હીરો બની રહ્યાં છે.

સુરતની મોટા વરાછાના એક એપાર્ટમેન્ટના રહીશો સમુહ લગ્નની ૧૩ દીકરીઓ માટે પિયરીયા બન્યા હતા. આવુ કામ તો કોઈ દેવદૂત જ કરી શકે. શિયાળાની શરૂઆતમાં જ કુદરતની કહેર અને લોકોની કઠણાઈ શરૂ થઈ છે. કેમ કે ભર શિયાળે વરસાદ શરૂ થયો છે. ગુજરાતના મોટા ભાગના વિસ્તારમાં કમનસીબીનો કમોસમી વરસાદ પડી રહ્યો છે. આ વરસાદ એ લોકો પર કહેર બનીને વરસ્યો છે, જેમના ઘરે પ્રસંગો લેવાયા હતા. ત્યારે સુરતમાં એક સમાજ દ્વારા સમુહ લગ્નનું આયોજન કરાયું હતું. સુરતમાં શ્રી પ્રજાપતિ યુવા વિકાસ દ્વારા એક ફાર્મમાં સમુહ લગ્નોત્સવનું આયોજન કરાયુ હતું. ત્યારે રવિવારે આયોજિત સમુહ લગ્નમાં અચાનક વરસાદ વિઘ્ન બન્યો હતો. સમુહ લગ્નોત્સવ અટવાતા સમાજના આયોજકોને શું કરવું તે મૂઝવતું હતું. આવામાં ફાર્મની બાજુમાં આવેલી સોસાયટીના રહીશો મદદે આવ્યા હતા. ફાર્મની બાજુમાં શિવાય હાઈટ્સ સોસાયટી આવેલી છે. તેઓએ જોયું કે, સમાજના અગ્રણીઓ વરસાદને કારણે મૂંઝાયા હતા. ૧૩ દીકરીઓના લગ્નનો પ્રસંગ લેવાયો હતો, અને તે કેવી રીતે કરવો તે તેમને સમજાતું ન હતું. ત્યારે સોસાયટીના લોકોએ પોતાનું વિશાળ પાર્કિંગ આપીને લગ્નપ્રસંગ કરી આપવાની તૈયારી બતાવી હતી. આ નિર્ણય લેવાતા જ સોસાયટીના રહીશોએ પોતાના પાર્કિંગમાંથી તાબડતોબ ગાડીઓ હટાવી દીધી હતી. વાહનોને ખસેડીને લગ્નના માયરા મૂકાયા હતા અને આ રીતે ૧૩ દીકરીઓના લગ્ન સંપન્ન કરાયા હતા. આમ, શિવાય હાઈટ્સના રહેવાસીઓએ સમાજની લાજ રાખી હતી. તો સાથે જ સમાજના લોકોએ સોસાયટીના રહીશોનો આભાર માનીને તેમને દેવદૂત ગણાવ્યા હતા.




માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨